# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
મુંબઈ મેટ્રો પિલર દુર્ઘટના પર ભડક્યા સેલેબ્સ...!



પેજ-09
ન્યુઝીલેન્ડનો સ્ટાર બોલર લોકી ફર્ગ્યુસન વર્લ્ડ કપ અધવચ્ચે છોડી સ્વદેશ રવાના

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 17.00 |
| વડોદરા | 33.00 | 18.00 |
| સુરત | 33.00 | 20.00 |

પેજ 5




બજેટમાં 95,692 કરોડની ફાળવણી, મનરેગાનું સ્થાન હવે વીબી-જી-રામ લેશે


16 FEBRUARY-2026 MONDAY


નાઈજીરિયામાં આતંકીઓનો અંધાધૂંધ ગોળીબારમાં 30ના મોત



પેજ 10

**.....સુવિચાર.....**
દરેક વખતે દુશ્મન જ તમારું ખરાબ કરે એવું ના હોય ક્યારેક તમારા નજીકના લોકો પણ તમને હરાવવામાં મહત્વનો ભાગ ભજવે છે


વર્ષ-15 । અંક-096 । વિક્રમ સંવત-2082 । મહા વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ભારત..ભાગ્ય..વિધાતા..T20 વર્લ્ડકપમાં પાકિસ્તાનને 61 રનથી હરાવ્યું

## ભારતે પાકિસ્તાનને 176 રનનો ટાર્ગેટ આપ્યો જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ 18 ઓવરમાં માત્ર 114 રન પર ઓલઆઉટ

(એજન્સી) કોલંબો । તા. 15

ICC T20 વર્લ્ડ કપની 27મી મેચમાં આજે(15 ફેબ્રુઆરી) ભારતે પાકિસ્તાનને કારમી હાર આપી છે. આ મહામુકાબલો શ્રીલંકાના કોલંબોના આર.પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયો હતો. જ્યાં પાકિસ્તાને ટોસ જીતીને ભારતને પહેલા બેટિંગ આપી હતી. ભારતે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં 7 વિકેટના નુકસાન પર 175 રન બનાવ્યા હતા. ભારતે પાકિસ્તાનને 176 રનનો ટાર્ગેટ આપ્યો હતો. જેના જવાબમાં પાકિસ્તાનની ટીમ 18 ઓવરમાં માત્ર 114 રન પર ઓલઆઉટ થઈ ગઈ. આમ, ભારતની 61 રનથી ભવ્ય જીત થઈ છે. આ જીત સાથે જ ભારતીય ટીમ સુપર-8માં પણ ક્વોલિફાય કરી ગઈ છે. 77 રન ફટકારનારો ઈશાન કિશન મેન ઓફ ધ મેચ બન્યો છે.

ભારતે T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનને રેકોર્ડ 8મી વખત હરાવી દીધું છે. ભારતની 61 રનથી ભવ્ય જીત થઈ છે. ભારતીય બેટર ઈશાન કિશને તોફાની 77 રનની ઈનિંગ રમી હતી. જેને લઈને તેને મેન ઓફ ધ મેચનો ખિતાબ મળ્યો છે. ભારતીય બોલરોએ પણ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.




ઈશાન કિશનના 77 રન

### ટીમ સતત ત્રણ જીત સાથે ગ્રુપ-A પોઈન્ટ્સ ટેબલમાં ટોચ

ભારતે T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનને 61 રનથી હરાવ્યું. ટુર્નામેન્ટના ઈતિહાસમાં રનની દ્રષ્ટિએ પાકિસ્તાન પર ભારતનો આ સૌથી મોટો વિજય છે. ઉપરાંત આ સાથે જ T20 વર્લ્ડ કપમાં ભારતે આઠમીવાર પાકિસ્તાનને હરાવ્યું છે. આ જીત સાથે, ભારતીય ટીમ સુપર-8 રાઉન્ડ માટે ક્વોલિફાય થઈ ગઈ. ટીમ સતત ત્રણ જીત સાથે ગ્રુપ-A પોઈન્ટ્સ ટેબલમાં ટોચ પર છે. રવિવારે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે 176 રનના ટાર્ગેટને ચેઝ કરતા, પાકિસ્તાની ટીમ 18 ઓવરમાં 114 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ઉસ્માન ખાને સૌથી વધુ 44 રન બનાવ્યા. ભારત તરફથી જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી અને હાર્દિક પંડ્યાએ બે-બે વિકેટ લીધી. અગાઉ, ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ 20 ઓવરમાં 7 વિકેટે 175 રન બનાવ્યા. ભારત તરફથી સૌથી વધુ ઈશાન કિશને 40 બોલમાં 77 રન ફટકાર્યા. કેપ્ટન સૂર્યાએ 32 રન બનાવ્યા. જ્યારે શિવમ દુબેએ 27 રન બનાવ્યા. પાકિસ્તાન તરફથી સૌથી સૈમ અયુબે 3 વિકેટ લીધી. જ્યારે ઉસ્માન તારિક, કેપ્ટન સલમાન અલી આગા અને શાહીન આફ્રિદીએ 1-1 વિકેટ લીધી.

**પાકિસ્તાની ટીમ 18 ઓવરમાં 114 રનમાં ઓલઆઉટ**

#### બન્ને ટીમના કેપ્ટન્સે ફરી હાથ મિલાવ્યો નહીં

ટૉસ દરમિયાન બંને ટીમના કેપ્ટનોએ હાથ મિલાવ્યા ન હતા. ગયા વર્ષે એશિયા કપ દરમિયાન ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા ન હતા. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

#### ધુરંધર હનુમાઈનકાઈન્ડે પરફોર્મ કર્યું

ટૉસ પહેલાં ધુરંધર ફેમ રેપર હનુમાનકાઈન્ડે પરફોર્મ કર્યું હતું. રોહિત શર્મા પણ મેચ જોવા માટે પહોંચ્યો છે.



**કેસમાં કાર્યવાહી ચાલુ રાખવી એ આરોપી માટે ઉત્પીડન સમાન ગણાશે**

ઉત્તરાખંડ હાઈકોર્ટનો મોટો ચુકાદો...

## સહમતિથી સંબંધ બાદ લગ્નની ના પાડવી દુષ્કર્મ નથી

### છેતરપિંડીને બદલે પરસ્પર સહમતિનો સંકેત

(એજન્સી) ઉત્તરાખંડ । તા. 15

ઉત્તરાખંડ હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતા જણાવ્યું કે, જો સહમતિથી લાંબા સમય સુધી શારીરિક સંબંધો રહ્યા હોય અને ત્યારબાદ લગ્નનું વચન પૂરું ન થાય, તો આવા કિસ્સામાં ગુનો સાબિત કરવા માટે એ સાબિત કરવું જરૂરી છે કે, લગ્નનું વચન શરૂઆતથી જ ખોટું હતું અને માત્ર સહમતિ મેળવવાનું એક બહાનું હતું. જસ્ટિસ આશિષ નૈથાનીની સિંગલ બેન્ચે આરોપી સૂરજ બોરા સામે મસૂરી પોલીસમાં નોંધાયેલા દુષ્કર્મનો કેસ અને ચાર્જશીટ રદ કરી દીધી છે. કોર્ટે ઠરાવ્યું કે, આ કાર્યવાહી ચાલુ રાખવી એ આરોપી માટે ઉત્પીડન સમાન ગણાશે.

#### શું છે સૂરજ બોરા કેસ?

મસૂરીની એક મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, સૂરજ બોરાએ 45 દિવસમાં લગ્ન કરવાની ખાતરી આપીને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. પોલીસે તપાસ બાદ 22 જુલાઈ 2023ના રોજ ચાર્જશીટ દાખલ કરી હતી. આરોપીએ હાઈકોર્ટમાં અરજી કરીને કેસ રદ કરવાની માંગ કરી હતી.

#### બચાવ પક્ષના વકીલની જડબેસલાક દલીલ

બચાવ પક્ષે દલીલ કરી હતી કે: બંને પુખ્ત વયના હતા. સંબંધ લાંબો સમય ચાલ્યા હતા. એવા કોઈ પુરાવા નથી કે, લગ્નનું વચન કપટપૂર્વકનું હતું. રાજ્ય સરકાર અને પીડિતા પક્ષે આ દલીલોનો વિરોધ કર્યો હતો, કોર્ટે પરસ્પર સહમતિ અને લાંબા સંબંધને આધાર બનાવીને FIR અને આગળની તમામ કાર્યવાહી રદ કરવાનો આદેશ આપ્યો હતો.

#### સહમતિથી બાંધેલો સંબંધ એ દુષ્કર્મ નથી

"કોઈ પુખ્ત વયની મહિલા દ્વારા આપવામાં આવેલી સહમતિ માત્ર એટલા માટે અમાન્ય બની જતી નથી કારણ કે સંબંધ પાછળથી લગ્નમાં પરિણમ્યા નથી." 376 હેઠળ ગુનો ત્યારે બને છે જ્યારે એ સાબિત થાય કે આરોપીનો ઈરાદો શરૂથી જ લગ્ન કરવાનો નહોતો અને વચન માત્ર શારીરિક સંબંધ બાંધવાનું સાધન હતું.

પીએમ મોદીને આમંત્રણ પણ મુંબઈની મુલાકાત બનશે અવરોધ?

## બાંગ્લાદેશમાં 'તારિક યુગ'નો પ્રારંભ

(એજન્સી) નવી દિલ્હી/ઢાકા | તા.15

બાંગ્લાદેશના રાજકીય ફલક પર એક મોટો પલટો આવ્યો છે. તાજેતરની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદ BNP નેતા તારિક રહેમાન આગામી 17 ફેબ્રુઆરીએ વડાપ્રધાન તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે તેમણે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખાસ આમંત્રણ મોકલ્યું છે. જોકે, રાજદ્વારી ગલિયારાઓમાં ચર્ચા છે કે પીએમ મોદી આ સમારોહમાં હાજર રહે તેવી શક્યતા નહિવત છે. તેનું મુખ્ય કારણ 17 ફેબ્રુઆરીએ મુંબઈમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથેની તેમની પૂર્વનિર્ધારિત દ્વિપક્ષીય બેઠક છે. મેક્રોન 'AI ઈમ્પેક્ટ સમિટ' માટે ભારત આવી રહ્યા છે, જે ભારતની ટેકનોલોજીકલ વ્યૂહરચના માટે અત્યંત મહત્વની છે.

#### ઢાકામાં 17 ફેબ્રુઆરીએ શપથ ગ્રહણ સમારોહ



આવી સ્થિતિમાં ભારત બાંગ્લાદેશ સાથેના સંબંધોને સંતુલિત રાખવા માટે કોઈ વરિષ્ઠ મંત્રી અથવા ઉપરાષ્ટ્રપતિને ઢાકા મોકલી શકે છે. આ માત્ર એક શપથ ગ્રહણ નથી, પરંતુ દક્ષિણ એશિયાના બદલાતા ભૂ-રાજકીય સમીકરણોનો સંકેત છે. તારિક રહેમાન તેમના પિતા ઝિયાઉર રહેમાન દ્વારા સ્થાપિત 'સાર્ક' (SAARC) દેશોના નેતાઓને પણ આમંત્રિત કરી રહ્યા છે, જેમાં પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફનું નામ પણ ચર્ચાઈ રહ્યું છે.

#### મોદીએ BNP નેતાને જીત બદલ અભિનંદન પાઠવ્યા

ભારત અત્યારે બાંગ્લાદેશની નવી સરકાર સાથે સંબંધો સુધારવાને પ્રાથમિકતા આપી રહ્યું છે, પરંતુ કોઈ પણ પ્રકારની ઉતાવળ કરવાના મૂડમાં નથી. પીએમ મોદીએ અગાઉ BNP નેતાને જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા અને સહકારની આશા વ્યક્ત કરી હતી. હવે જોવાનું એ રહેશે કે તારિક રહેમાનની 'બાંગ્લાદેશ ફર્સ્ટ'ની વિદેશ નીતિ અને ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' પોલિસી વચ્ચે કેવો તાલમેલ બેસે છે.



**ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' વિરુદ્ધ 'ફ્યુચર ફર્સ્ટ' નીતિ |** રાજકીય નિષ્ણાતો માને છે કે પીએમ મોદીએ બાંગ્લાદેશના શપથ સમારોહમાં જવાને બદલે મુંબઈની બેઠકને પ્રાથમિકતા આપીને એ સંકેત આપ્યો છે કે ભારત માટે ટેકનોલોજીકલ ઉન્નતિ અને જૂના સાથીદારો સાથેના વ્યૂહાત્મક સંબંધો અત્યંત મહત્વના છે. બાંગ્લાદેશ માટે ભારત કોઈ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ અથવા વિદેશ મંત્રીને મોકલી શકે છે.

## પંજાબના CM ભગવંત માનની તબિયત બગડી, એરલિફ્ટ કરીને મોહાલી લવાયા

(એજન્સી) ચંડીગઢ તા.15

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનની તબિયત અચાનક લથડી હતી. તેઓ સંગરૂરમાં આમ આદમી પાર્ટીના સંયોજક તથા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા સાથે એક કાર્યક્રમમાં હાજર હતા. તબિયત લથડતા તેમને એરલિફ્ટ કરીને મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હાલ ડોક્ટરોની ટીમ સતત તેમની સ્થિતિ પર નજર રાખી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી જ્યારે સંગરૂરના કાર્યક્રમમાં વ્યસ્ત હતા, ત્યારે અચાનક તેમની તબિયત ખરાબ થવા લાગી હતી. પ્રાથમિક સારવાર બાદ તેમને તાત્કાલિક એરલિફ્ટ કરીને મોહાલી લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતાની સાથે જ નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા તેમનું મેડિકલ પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે.



## મંગળવારે વર્ષ 2026નું પહેલું સૂર્યગ્રહણ : ગ્રહણ સમયે ખોરાક ખાવા કે રાંધવા પર પ્રતિબંધ

નવી દિલ્હી | હિન્દુ ધર્મમાં, ચંદ્ર અને સૂર્યગ્રહણ બંનેને અશુભ માનવામાં આવે છે. ગ્રહણના દિવસે કોઈપણ શુભ અથવા શુભ કાર્ય કરવા પર સખત પ્રતિબંધ છે. વધુમાં, ગ્રહણ દરમિયાન ખોરાક ખાવા કે રાંધવા પર પણ પ્રતિબંધ છે. ધાર્મિક માન્યતા મુજબ ગ્રહણ દરમિયાન નકારાત્મક ઉર્જા વધુ પ્રવર્તે છે, તેથી આ સમય દરમિયાન નવા પ્રોજેક્ટ્સ, ધાર્મિક વિધિઓ અને શુભ પ્રવૃત્તિઓ કરવાથી નિરુત્સાહિત કરવામાં આવે છે. ગ્રહણ દરમિયાન આ પ્રવૃત્તિઓ કરવાથી અશુભ પરિણામો અને ખરાબ શુકન પણ થઈ શકે છે.



**કેરળની સૌથી નાની વયની અલીને અંગદાતા બનીને ઈતિહાસ સર્જ્યો**

અલીન મૃત્યુ પછી જીવનનું પ્રતીક બની

## 10 જ મહિનાની અલીને 5 લોકોના જીવ બચાવ્યા

### ગંભીર અકસ્માતે માસૂમનો જીવ લીધો

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

કેરળના પથનમથિટ્ટા જિલ્લાના મલ્લપલ્લી વિસ્તારની 10 મહિનાની બાળકી અલીન અબ્રાહમ મૃત્યુ પછી પણ જીવનનું પ્રતીક બની ગઈ છે. એક ગંભીર માર્ગ અકસ્માત બાદ તેને બ્રેઈન ડેડ જાહેર કરાઈ હતી. તેના માતાપિતાએ અસામાન્ય માનવતા દાખવીને તેના અંગોનું દાન કરવાની મંજૂરી આપી હતી, જેના કારણે છ મહિનાના એક બાળક સહિત પાંચ લોકોને નવજીવન મળ્યું છે. આ ઘટના કેરળ જ નહીં, ભારત અને દુનિયાભરમાં ઉદાહરણીય છે. 5 ફેબ્રુઆરીએ બપોરે લગભગ 2:30 વાગ્યે અલીન તેના પરિવાર સાથે કોટ્ટાયમથી તિરુવલ્લા જઈ રહી હતી.

#### એમ.સી. રોડ પર ભયંકર અકસ્માત

એમ.સી. રોડ પર એક જંક્શન નજીક સામેથી આવતી કાર સાથે અથડામણ થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં અલીનને જીવલેણ ઈજા પહોંચી હતી. તેની માતા અને દાદા-દાદીને પણ ઈજાઓ થઈ હતી. અલીનને પ્રાથમિક સારવાર માટે ચાંગનાસેરી અને તિરુવલ્લાની હોસ્પિટલો લઈ જવાઈ. ત્યારબાદ 7 ફેબ્રુઆરીએ તેને કોચીની અમૃતા હોસ્પિટલમાં ખસેડવામાં આવી.

#### બાળકી બ્રેઈન ડેડ, માતાપિતાની માનવતા

13 ફેબ્રુઆરીએ ડોક્ટરોએ અલીનને બ્રેઈન ડેડ જાહેર કરી. એર્નાકુલમ સ્થિત અમૃતા હોસ્પિટલમાં અલીનના શરીરમાંથી લિવર, બે કિડની, હૃદયનો વાલ્વ અને બંને આંખની કોર્નિયા કાઢીને વિવિધ હોસ્પિટલોમાં જરૂરિયાતમંદ દર્દીઓના ટ્રાન્સપ્લાન્ટ માટે મોકલવામાં આવ્યા.

#### હૃદય વાલ્વ શ્રી ચિત્રા ઈન્સ્ટિટ્યૂટને અપાયો

લિવર - તિરુવનંતપુરમની KIMS હોસ્પિટલમાં સારવાર હેઠળના 6 મહિનાના બાળકમાં ટ્રાન્સપ્લાન્ટ કરાયું. કિડની - તિરુવનંતપુરમ મેડિકલ કોલેજ SAT હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બાળક માટે મોકલાઈ. - હૃદય વાલ્વ - તિરુવનંતપુરમ ખાતેની શ્રી ચિત્રા ઈન્સ્ટિટ્યૂટને અપાયો.

**ભવનાથના મૃગીકુંડમાં શાહી સ્નાન | 'હર હર મહાદેવ' અને 'જય ગિરનારી'ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું**

## મૃગીકુંડમાં સાધુઓના સ્નાન સાથે મહાશિવરાત્રિ મેળાની પૂર્ણાહુતિ

(એજન્સી) જૂનાગઢ તા. 15

ગિરનારની પવિત્ર ગોદમાં 11 ફેબ્રુઆરીથી શરૂ થયેલો મહાશિવરાત્રીનો 'મિની કુંભ' મેળો તેના ઉતરાર્ધ તરફ આગળ વધ્યો છે. સમગ્ર ભવનાથ ક્ષેત્ર અત્યારે 'હર હર મહાદેવ' અને 'જય ગિરનારી'ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું છે. આજે શિવરાત્રીના પાવન પર્વે મેળાનો અંતિમ અને સૌથી મહત્વનો દિવસ છે. લાખો શ્રદ્ધાળુઓની હાજરીમાં નાગા સાધુઓ, વરિષ્ઠ સંતો અને મહામંડલેશ્વરોની ભવ્ય શાહી રવેડીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. શાહી રવેડી એટલે સાધુ-સંતોનું ભવ્ય સરઘસ. શંખનાદ, ડમરુના ગુંજારવ અને હથિયારોના કરતબ સાથે જ્યારે દિગંબર સાધુઓ નીકળે છે, ત્યારે દ્રશ્ય અત્યંત મનોહર હોય છે. રવેડીના ભ્રમણ બાદ મધ્યરાત્રીએ તમામ સંતો અને નાગા સાધુઓ પવિત્ર મૃગીકુંડમાં શાહી સ્નાન કરશે. સ્નાન વિધિ પૂર્ણ થયા બાદ ભગવાન ભવનાથની મહાપૂજા અને આરતી સાથે આ મેળાની વિધિવત પૂર્ણાહુતિ થશે.



**મૃગીકુંડની પૌરાણિક માન્યતા |** મૃગીકુંડ વિશે એવી ગાઢ શ્રદ્ધા છે કે, આ પવિત્ર કુંડમાં સ્નાન કરવા માટે સ્વયં ભગવાન શિવ, અશ્વત્થામા અને નવ નાથ-ચોર્યાસી સિદ્ધો અદ્રશ્ય સ્વરૂપે પધારે છે. એક લોકવાયકા એવી પણ છે કે, શાહી સ્નાન સમયે કુંડમાં ઉતરેલા કેટલાક સાધુઓ ક્યારેય બહાર આવતા નથી અને તેઓ કુંડમાં જ અદ્રશ્ય થઈ જાય છે. તે દેવો હોય છે જે સાધુ સ્વરૂપે આ પવિત્ર સ્નાન કર્યા બાદ બહાર આવતા નથી. એક માન્યતા અનુસાર ભગવાન મહાદેવ પોતે પણ આ શાહીસવારી અને સ્નાનમાં જોડાય છે.

#### કુંડમાં સ્નાન કરનારને મળે છે મુક્તિ

આ કુંડમાં સ્નાન કરનારને મુક્તિ મળે છે તેવું આ કુંડનું મહત્ત્વ છે. આ મૃગી કુંડમાં કરોડો તીર્થ વસેલા છે. અહીં ગંગેશ્વર સહ, બિન્દુ, સ્વર્ણ રેખા નદી વહે છે જે સર્વ પાપનો નાશ કરે છે. એક સમયે આ કુંડમાં પથ્થરો પણ તરતા હતા. સ્કંદપુરાણ અનુસાર આવું તીર્થ આ દુનિયામાં ન ભૂતો ન ભવિષ્ય. મૃગી કુંડ પાસે કાળ મેઘ નામના ક્ષેત્રપાળ સ્વરૂપે સાક્ષાત્ શંકર ભગવાન રહેલા છે.

#### નાગા સાધુઓ મૃગી કુંડ સ્નાન કરે છે

મહા શિવરાત્રી વખતે નાગા સાધુઓ મૃગી કુંડ સ્નાન કરે છે. શ્રધ્ધાળુઓની માન્યતા છે કે તેમાં ખુદ ભગવાન ભોળાનાથ ચિરંજીવીઓ સાથે સિદ્ધપુરુષો સાથે સ્નાન કરે છે. મૃગી કુંડની દિવાલે મૃગી માતાજીની મૂર્તિ છે તેનું મુખ હરણનું અને શરીર સ્ત્રીનું છે. મૃગી કુંડનો અનેરો મહિમા છે તેનો દર્શન કરી લાખો શ્રદ્ધાળુઓ ધન્યતા અનુભવે છે અને સાધુઓ એમાં શાહી સ્નાન કરી મેળાને પૂર્ણ કરે છે.

**સંરક્ષણ ક્ષેત્રનું આધુનિકીકરણ કરવું સરકારનું કર્તવ્ય**

## 'અમે સંરક્ષણ દળો સાથે મજબૂતીથી ઉભા છીએ, જરૂરી પગલાં ઉઠાવીશું':PM

(એજન્સી) નવી દિલ્હી તા.15

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઈન્ટવ્યુમાં કહ્યું કે સરકાર ડિફેન્સ ફોર્સની સાથે મજબૂતીથી ઉભી છે અને તેને સશક્ત બનાવવા માટે દરેક જરૂરી પગલાં ઉઠાવશે. સુધારો અમારી સરકારનું કમિટમેન્ટ છે, જેને પૂર્ણ કરીને બતાવ્યું છે. વડાપ્રધાને કહ્યું કે હાલની પરિસ્થિતિઓ અનુરૂપ સંરક્ષણ ક્ષેત્રનું આધુનિકીકરણ કરવું સરકારનું કર્તવ્ય છે અને તે કારણથી સંરક્ષણ બજેટમાં વધારો કરવામાં આવ્યો છે. તેમને કહ્યું કે દેશમાં આર્થિક ફેરફારના આગામી તબક્કા



માટે પ્રાઈવેટ સેક્ટર ખુબ જ જરૂરી છે. આ સેક્ટરને માર્જિન બચાવવા પર ઓછું ધ્યાન આપવું જોઈએ અને આરએન્ડડી સપ્લાય ચેઈનની સાથે સારી ક્વોલિટીમાં ઝડપથી રોકાણ કરવું જોઈએ. વડાપ્રધાને વધુમાં કહ્યું કે આ વર્ષનું બજેટ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાની આકાંક્ષાને દર્શાવે છે. તેમને કહ્યું કે આ બજેટ કોઈ મજબૂરીમાં લેવામાં આવેલો નિર્ણય નથી પણ તૈયારી અને પ્રેરણાથી 'અમે તૈયાર છીએ' તેવી ક્ષણ છે. બજેટ 2026 મુજબ સરકારે સંરક્ષણ ખર્ચમાં મોટો વધારો કર્યો છે. નાણાકીય વર્ષ માટે કૂલ સંરક્ષણ બજેટ 6.81 લાખ કરોડ રૂપિયાથી વધીને 7.85 લાખ કરોડ રૂપિયા કરી દીધું છે. જે લગભગ 15 ટકાનો વધારો દર્શાવે છે. વડાપ્રધાને કહ્યું કે સરકાર દેશની સંરક્ષણ સેનાઓને મજબૂત કરવા અને તેમનું સમર્થન કરવા માટે જે પણ જરૂરી હશે તે કરશે.

ગોદરેજ ગાર્ડન સિટીમાં રામ ચોક સર્કલનું લોકાર્પણ, VHP-બજરંગ દળની ત્રિશૂલ દીક્ષા...

# 7 ફૂટ ઊંચું બરફનું શિવલિંગ, ભક્તોને અમરનાથનો અનુભવ

અમદાવાદ | શહેરમાં મહાશિવરાત્રિના પાવન દિવસે ભક્તિમય અને ધાર્મિક માહોલ વચ્ચે ગોદરેજ ગાર્ડન સિટી ખાતે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાદેવના જયકારોથી ગુંજતા સમગ્ર પરિસરમાં શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિવભક્તોએ હાજરી આપી અને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લીધો.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ અમરનાથ થીમ પર તૈયાર કરાયેલ 7 ફૂટથી વધુ ઊંચું બરફનું શિવલિંગ રહ્યું હતું. વિશેષ ટેકનિકથી તૈયાર કરાયેલા આ અનોખા બરફના શિવલિંગે ભક્તોનું મન મોહી લીધું હતું. ગોદરેજ ગાર્ડન સિટીના રામ ચોક સર્કલ ખાતે સ્થાપિત આ શિવલિંગ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સવારના 9 વાગ્યાથી દર્શન માટે વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી મોટી સંખ્યામાં લોકો સરળતાથી મહાદેવના દર્શન કરી શકે.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ દ્વારા ઘોષવાદન સાથે કરવામાં આવી હતી. ઢોલ-નગારાં અને પરંપરાગત વાદ્યોના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતુ. મહાદેવના જયકારોથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું. હર હર મહાદેવ અને બમ બમ ભોલે ના નાદ વચ્ચે ભક્તોએ મહાદેવને નમન કરી આરાધના કરી હતી. આ પ્રસંગે ગોદરેજ ગાર્ડન સિટી ખાતે રામ ચોક સર્કલનું વિધિવત લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિ અને પૂજન સાથે આ સર્કલનું ઉદ્ઘાટન થયું હતું. આયોજકોના જણાવ્યા મુજબ આ સર્કલ વિસ્તારના રહેવાસીઓ માટે એક આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવશે, જ્યાં આવનારા સમયમાં પણ વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન થશે.

મહાશિવરાત્રી નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં યુવાનો માટે ખાસ ત્રિશૂલ દીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં યુવકોએ ત્રિશૂલ ધારણ કરી સંસ્કૃતિ અને ધાર્મિક મૂલ્યો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન ધાર્મિક પ્રવચનો, ભજન-કીર્તન અને મહાદેવની આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ ભજન સાથે તાળી પાડી ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.



## શિવતાંડવ સ્તોત્ર, રુદ્રાભિષેક અને મહામૃત્યુન્જય જાપનું પણ આયોજન

પ્રસાદ વિતરણનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. મહાદેવના આશીર્વાદરૂપે ભક્તોને પ્રસાદ આપવામાં આવ્યો હતો. આરતી બાદ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર દિવસ દરમિયાન ભક્તોની અવરજવર ચાલુ રહી હતી અને સાંજ સુધી પરિસર ભક્તિમય માહોલથી છલકાતું રહેશે.

કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વાતાવરણને વધુ ગાઢ બનાવવા માટે શિવતાંડવ સ્તોત્ર, રુદ્રાભિષેક અને મહામૃત્યુન્જય જાપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પુજારીઓ દ્વારા વિધિવત પૂજન કરાયું હતું. ભક્તોએ શ્રદ્ધાપૂર્વક જાપમાં જોડાઈ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

ઘણા ભક્તોએ જણાવ્યું કે શહેરની વચ્ચે આ પ્રકારનું અમરનાથ થીમ આધારિત શિવલિંગ દર્શન કરવાનો અનોખો અનુભવ રહ્યો. ખાસ કરીને યુવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા.

## ભક્તોને અમરનાથ યાત્રાનો આધ્યાત્મિક અનુભવ થયો

અમરનાથ થીમ પર તૈયાર કરાયેલ બરફનું શિવલિંગ ખાસ મશીનરી અને તકનિકી વ્યવસ્થાથી બનાવવામાં આવ્યું હતું. આ શિવલિંગ 7 ફૂટથી વધુ ઊંચું હોવાને કારણે દૂરથી જ ભક્તોનું ધ્યાન ખેંચતું હતું. બરફની રચનામાં પ્રાકૃતિક ગુફાની અનુભૂતિ કરાવતું સજાવટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેથી ભક્તોને અમરનાથ યાત્રાનો આધ્યાત્મિક અનુભવ મળી રહે. ભક્તો શિવલિંગના દર્શન કરી પૂજન-અર્ચન કરતા અને પરિવાર સાથે તસવીરો પડાવતા જોવા મળ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોની સુવિધા માટે અલગ-અલગ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી, જેમાં દર્શન માટે કતાર વ્યવસ્થા, પાણી અને પ્રસાદની સુવિધા તેમજ સુરક્ષા વ્યવસ્થા સામેલ હતી. મહિલાઓ, વૃદ્ધો અને બાળકો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી સૌને સરળતાથી દર્શન થઈ શકે.

# News Brief

## મહાશિવરાત્રિએ ગાંધીનગર શિવમય બન્યું: સુપ્રસિદ્ધ ધોળેશ્વરથી પંચદેવ સુધી શિવાલયોમાં શ્રદ્ધાનું ઘોડાપૂર...

ગાંધીનગર | આજે મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે પાટનગર ગાંધીનગર અને સમગ્ર જિલ્લો શિવભક્તિના રંગે રંગાયો છે. ભગવાન ભોળાનાથની આરાધના અને ઉપાસનાના આ મહાપર્વે વહેલી સવારથી જ શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું છે. શ્રાવણ માસ બાદ મહાશિવરાત્રી એક એવો ઉત્સવ છે જેમાં શિવભક્તોમાં અનોખો ઉત્સાહ અને આધ્યાત્મિક ઊર્જા જોવા મળે છે.

ગાંધીનગરના સુપ્રસિદ્ધ અને પૌરાણિક ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે આજ સવારથી જ શિવભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી. સાબરમતીના તટે આવેલા આ મંદિરમાં દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ ઉપરાંત શહેરના મધ્યમાં આવેલા સેક્ટર-22 પંચદેવ મંદિર, રાયસણના પંચેશ્વર મહાદેવ, વૈજનાથ મહાદેવ અને વાસણીયા મહાદેવ જેવા સુપ્રસિદ્ધ મંદિરોમાં પણ ભક્તોનો મહેરામણ ઉમટ્યો હતો.

શિવ ભક્તોએ દૂધ, જળ, મધ અને દહીંના અભિષેક સાથે બિલ્વપત્ર અર્પણ કરી શિવલિંગની વિશેષ પૂજા કરી હતી.મહાશિવરાત્રીની રાત્રિ એટલે શિવ અને શક્તિના દૈવી લગ્નનું પર્વ. શાસ્ત્રોક્ત વિધિ મુજબ આજના દિવસે રાત્રિના ચાર પ્રહરની પૂજાનો સવિશેષ મહિમા છે. ગાંધીનગરના મુખ્ય શિવાલયોમાં ગત રાત્રિથી જ વિશેષ અનુષ્ઠાનો શરૂ કરી દેવામાં આવ્યા હતા, જે આજે વહેલી સવાર સુધી ચાલ્યા હતાં. આ પૂજા દરમિયાન આખી રાત પ્રાર્થના, ભજન અને ધ્યાન ધરવામાં આવે છે. શિવભક્તો માટે આ માત્ર એક તહેવાર નથી પરંતુ મન અને શરીરની શુદ્ધિ માટેની એક આધ્યાત્મિક શિસ્ત છે. આ અવસરે મંદિરોને ફૂલોની પાંખડીઓ અને રંગબેરંગી રોશનીથી અત્યંત સુંદર રીતે શણગારવામાં આવ્યા છે.

## 1 ગ્રામ સોનાની ઉચાપત સાબિત થાય તો ટ્રસ્ટમાંથી રાજીનામું ધરીશું: મહુડી જૈન શ્વેતામ્બર સંઘ

ગાંધીનગર | ગાંધીનગર જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ તીર્થસ્થાન મહુડીમાં ટ્રસ્ટનો વિવાદ વધુ આગળ ધપ્યો છે. શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘના 8 ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલાઓએ તેમના ઉપર લાગવામાં આવેલા વિવિધ આરોપોને ફગાવ્યા હતા. આ સાથે તેમણે એમ પણ ઉમેર્યું કે, મનઘડત આક્ષેપ કરનારા સામે તેઓ બદનક્ષીનો દાવો માંડશે.

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ સંઘના 8 ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ સાથે સંકળાયેલા મહેતા, વોરા અને શાહ પરિવારના પ્રતિનિધિઓએ આજે અમદાવાદ ખાતે જણાવ્યું કે, 'પાસા હેઠળ 19 માસની સજા ભોગવી ચૂકેલા અંકિત શ્રેણિકભાઈ મહેતા તથા જયેશ મહેતાને તેમના ગુનાઈત ઈતિહાસને પગલે ગયા વર્ષે મહુડી સંઘના સામાન્ય સભ્યપદેથી બરતરફ કરવામાં હતા. આમ છતાં તેઓ પોતે ટ્રસ્ટી અથવા સભ્ય હોવાનું ખોટું પ્રતિનિધિત્વ આપી, ભક્તોને ગેરમાર્ગે દોરી ટ્રસ્ટની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કરે છે.'

ટ્રસ્ટ ઉપર લગાવવામાં આવેલા 65 કિલો સોનાની હેરાફેરીના આરોપ અંગે ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, 'મંદિર સુવર્ણીકરણ માટે ખરીદાયેલા સોનાના કાયદેસર ટેક્સપેઈડ બિલ ઉપલબ્ધ છે. આ ઉપરાંત વર્ષ 2017થી 2025 સુધીના ઓડિટેડ રિપોર્ટ્સમાં તેની નોંધ કરવામાં આવી છે. લેબોરેટરી ટેસ્ટિંગ રિપોર્ટ્સ અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, લેબ ટેસ્ટ દ્વારા સોનાની ગુણવત્તા નિર્ધારિત થાય છે, વજન નહીં.

## AAPના ત્રણ નેતાઓ સામે રાજુ કરપડાએ નોંધાવી પોલીસ ફરિયાદ

ગાંધીનગર | ખેડૂત નેતા રાજુ કરપડાએ રાજીનામાં બાદ કરેલા આક્ષેપથી આપ પાર્ટીમાં ભૂચાલ મચ્યો છે. પૂર્વ આપ નેતા અને ખેડૂત આગેવાન રાજુ કરપડાએ આમ આદમી પાર્ટીના ત્રણ નેતાઓ સામે સુરેન્દ્રનગર સાઈબર ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરી છે. મહત્વનું છે કે રાજુ કરપડાના રાજીનામા બાદ આપ પાર્ટીઓના નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એક ઓડિયો ક્લિપ સંભળાવી હતી. જે સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થઈ હતી. જે ઓડિયો ક્લિપમાં કથિત રીતે રાજુ કરપડા જેલ વાસ અને આગળની રણનીતિ અંગે ચર્ચા કરી કહી રહ્યા છે જે પણ થશે તે સવાયું થશે. આ બાદ આપ નેતાઓએ આરોપ લગાવ્યો હતો કે પહેલાથી રાજુ કરપડાનું ભાજપમાં જવાનું નક્કી હતું ફક્ત આમ આદમી પાર્ટીની છબીને ખરડાવાનો પ્રયાસ છે. આ ઓડિયો ક્લિપ વાઈરલ થતાં રાજુ કરપડાએ સાઈબર ક્રાઈમમાં AI જનરેટેડ ઓડિયો હોવાનું કહી આપના ત્રણ નેતાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. જેમાં આપ નેતા કરણ બારોટ, સ્વયંમ સાલવી, વિપુલ ઠાકોરનો નામજોગ ઉલ્લેખ છે. ઉલ્લેખનીય છે કે રાજુ કરપડાએ રાજીનામા બાદ મીડિયા સાથે વાતચીત કરતાં ગોપાલ ઈટાલિયા પર પ્રહારો કરતાં કહ્યું હતું કે, 'ગોપાલ ઈટાલિયાને જીતાડવા અમે રાત-દિવસ એક કર્યા છે અને તેમને જીતાડવા માટે અમે અમારા લોહી-પાણી રેડી દીધા છે અને તેઓ મને મળવા ચાર મહિનામાં એક પણ વખત આવ્યા નથી. તેમને પ્રવિણભાઈને જેલમાં મળવા બે મહિના પછી પ્રયાસ કર્યાં હતા. પરંતુ મળવા દેવામાં આવ્યા ન હતા, પરંતુ બે મહિના સુધી ક્યાં હતા?

## નશામાં ધૂત બાઈક ચાલકે એન્જિનિયર યુવાન અને તેના મિત્ર પર હુમલો કર્યો...

ગાંધીનગર : ગાંધીનગર શહેરના કુડાસણ વિસ્તારમાં રિલાયન્સ સર્કલ પાસે શુક્રવારે રાત્રે દારૂ પીધેલી હાલતમાં બેફામ બાઈક ચલાવતા એક શખ્સે ઠપકો આપનાર સોફ્ટવેર એન્જિનિયર અને તેના મિત્ર સાથે ઝઘડો કરી મારપીટ કરી હોવાની ઘટના સામે આવી છે. ઈન્ફોસિટી પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

આ ઘટના અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કુડાસણની મેઘધનુષ સોસાયટીમાં રહેતા અને ટીસીએસ કંપનીમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે કાર્યરત યશકુમાર અનિલભાઈ ડમ્બેલકર શુક્રવારે રાત્રે તેના મિત્ર આદિત્ય રંજન સાથે જમીને રિલાયન્સ સર્કલ તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન સરગાસણ તરફથી આવતા એક બાઈક સવારે અત્યંત પૂરઝડપે અને ઝિગ-ઝેગ વાહન ચલાવી યશકુમારના બાઈકને અડફેટે લેતા સહેજમાં રહી ગયો હતો.

જેથી યશકુમારે તેને બૂમ પાડીને ધીમે ચલાવવા કહ્યું હતું ત્યારે નશામાં ધૂત બાઈક સવાર ઉશ્કેરાઈ ગયો હતો અને યુવાન તેમજ તેના મિત્ર સાથે ગાળાગાળી કરી ઝઘડો શરૂ કર્યો હતો. નશાના જોરમાં તેણે યશકુમારના મોઢા પર બે-ત્રણ મુક્કા માર્યા હતા અને તેના મિત્રને પેટના ભાગે ઈજા પહોંચાડી હતી.

જે ઘટનાને પગલે આસપાસમાં સ્થાનિક લોકો ભેગા થઈ જતા આ શખ્સે ભાગવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ લોકોએ તેને પકડી રાખ્યો હતો.

## પરિણીત યુવતીને પ્રેમી માનસિક ત્રાસ આપતો, જમાલપુરમાં ગીરવે મૂકેલી રીક્ષા પરત ન મળતા ચાલકનો આપઘાત

અમદાવાદ | શહેરના થલતેજ વિસ્તારમાં અંબિકા નગરમાં ભાડાના મકાનમાં રહેતી અને એસજી હાઈવે પર રાજપથ ક્લબ પાસે આવેલી હોટલ નીમ ટ્રી ખાતે વેઈટર તરીકે નોકરી કરતી યુવતીએ પ્રેમીના ત્રાસથી કંટાળી અને આપઘાત કરી લીધો છે.

જ્યારે જમાલપુર વિસ્તારમાં રીક્ષાચાલકે ગીરવે મૂકેલી રીક્ષા પરત ન મળતા એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. બંને ઘટનાઓમાં પોલીસે આત્મહત્યાના દુષ્પ્રેરણ અંગેનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મૂળ પશ્ચિમ બંગાળની રહેવાસી સોના મની નામની યુવતી એસજી હાઈવે પર રાજપથ ક્લબ પાસે આવેલા હોટલ નીમ ટ્રી ખાતે વેઈટર તરીકે નોકરી કરતી હતી. યુવતીના લગ્ન તેના મૂળ વતનના નજીક આવેલા ગામમાં થયા હતા અને તેને એક પુત્રી પણ છે. છેલ્લા ઘણાં સમયથી યુવતી અમદાવાદમાં એકલી રહેતી હતી. બે દિવસ પહેલા યુવતીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કચ્છના ગાંધીધામ ખાતે રહેતા તેના ભાઈએ ને ફોન કરી અને જાણ કરવામાં આવી હતી. જે બાદ તેના ભાઈ અને સગા સંબંધીઓ અમદાવાદ ખાતે આવ્યા હતા. યુવતીના ભાઈએ જ્યારે તેના બહેનના મોબાઈલમાં તપાસ કરી તો તેના વોટ્સએપ વાતચીતની ચેટ જોઈ હતી.

હોટલ નીમ ટ્રી ખાતે નોકરી કરતા અસદઅલી શેખ નામના યુવક સાથે પ્રેમમાં હતી અને બંને એકબીજાને મળતા હતા. અસદ અલી દ્વારા તેની બહેનને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો જેના કારણે થઈને તેણે આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું જેથી આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. બોડકદેવ પોલીસે જે તે સમયે અકસ્માત મોત નોંધી હતો અને બાદમાં યુવતીના ભાઈની ફરિયાદના આધારે અસદ અલી વિરુદ્ધ આત્મહત્યા દુષ્પ પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના જમાલપુર વિસ્તારમાં સપ્ત ઋષિના પાસે આવેલી શાહબાઝની ચાલીમાં રહેતા વસીમ શેખ નામનો યુવક પોતે રીક્ષા ચલાવતો હતો.

## આંકલાવમાં પરિણીતા દોઢ વર્ષની પુત્રી સાથે ગુમ થતાં શોધખોળ




### પોલીસે જાણવાજોગ નોંધ કરીને વિવિધ સ્થળોએ યુવતીઓની તપાસ હાથ ધરી

આણંદ : બોરસદના રૂદેલની યુવતી, ખંભાતની યુવતી અને આંકલાવના પ્રકાશ નગરની પરિણીતા દોઢ વર્ષની પુત્રી સાથે રહસ્યમય રીતે લાપતા થઇ હતી. આ મામલે પોલીસે ગુના નોંધીને તપાસ હાથ ધરી છે.

બોરસદના રૂદેલના શરણાઈકુઇ ખાતે રહેતીભારતીબેન કનુભાઈ ભોઈ ૪ ફેબ્રુઆરીએ કોઈને કંઈ કહ્યા સિવાય ઘરેથી નિકળી ગઇ હતી. પરિવારજનોએ શોધખોળ કરી છતાં પણ પત્તો લાગ્યો ન હતો. બોરસદ ગ્રામ્ય પોલીસ મથકમાં જાણ કરી હતી. ખંભાતના ગાયત્રી નગરની પાછળ આવેલા નારાયણ નગરમાં રહેતી ધરતી દલસુખ પંચાલ ૧૩મી ફેબ્રુઆરીએ કોઈ અગમ્ય કારણોસર ક્યાંક ચાલી જઇ ગુમ થઇ હતી. આ મામલે દલસુખભાઇ પંચાલે ખંભાત શહેર પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે જાણવા જોગ નોંધ કરી તપાસ હાથ ધરી છે.

આંકલાવના પ્રકાશ નગર માદા તલાવડી ખાતે રહેતી અનસુર્યા બહેન મહેશ ઠાકોર દોઢ વર્ષની દિકરીને સાથે લઇ તા. ૧૨મી ફેબ્રુઆરીના રોજ પિતાના ઘરેથી સાસરીમાં મોટો દિકરો રહેતો હોવાથી તેને લેવા જાઉં છું તેમ કહી ઘરેથી નિકળ્યા બાદ લાપત્તા થઇ હતી. પરિવારજનોએ શોધખોળ કરી છતાં પત્તો નહીં લાપતા સતિષ ઠાકોરે આંકલાવ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે જાણવા જોગ નોંધ નોંધીને બંનેની શોધખોળ હાથ ધરી છે.

## જમાઈ બન્યો જમ : અમદાવાદમાં પત્ની પિયરથી પરત ન આવતા સસરાને છરી મારી, નીચે પડતા લાતો મારી ભાગી ગયો

અમદાવાદ | અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં ગત(14 ફેબ્રુઆરી) મોડી રાત્રે જમાઈએ સસરાની હત્યા કરી દીધી હતી. યુવકની પત્ની 10 દિવસથી પિયરમાં ગઈ હતી અને પરત આવતી નહોતી, જેથી યુવક પત્નીને લેવા ગયો હતો. આ દરમિયાન બોલાચાલી થતા જમાઈ ઈબ્રાહિમ મન્સુરીએ બે શખ્સ સાથે મળીને સસરા અજીજ મન્સૂરીની તેમના ઘર આગળ જ હત્યા કરી દીધી હતી. નારોલ પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ઈબ્રાહિમ મન્સુરી નામના યુવકના નારોલ વિસ્તારમાં એક યુવતી સાથે લગ્ન થયા હતા. ઈબ્રાહિમની પત્ની છેલ્લા 10 દિવસથી નારોલ પિયરમાં રહેતી હતી. ઈબ્રાહિમની પત્નીના પિયરમાં ભાભી અને માતા બીમાર હોવાથી તેમની સેવા કરવા માટે રોકાઈ હતી. ઘણા દિવસ સુધી પત્ની પરત ન આવતા ઈબ્રાહિમ સાસરીમાં પહોંચ્યો હતો. ઈબ્રાહિમે બુમાબુમ કરતા સસરાએ ટોક્યો ત્યારે ઈબ્રાહિમ ગાળો આપીને ત્યાંથી રવાના થઈ ગયો હતો.



અડધો કલાક બાદ ઈબ્રાહિમ અને તેની સાથે અન્ય બે શખ્સ આવ્યા હતા. ત્રણેય આવીને ઈબ્રાહિમના સસરાને ગાળો બોલવા લાગ્યા હતા. ઝઘડો વધુ ચાલતા ઈબ્રાહિમે તેની પાસે રહેલી છરી સસરાને મારી દીધી હતી. જમ જેવો જમાઈ આટલેથી નહોતો અટક્યો તેણે છરીના ઘા માર્યા બાદ સસરાને નીચે પાડી લાતો મારી હતી. ઈજાગ્રસ્ત સસરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.

છરી મારીને ઈબ્રાહિમ ત્યાંથી નાસી ગયો હતો.બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે મૃતકના પરિવારના નિવેદન નોંધ્યા છે. નારોલ પોલીસે હત્યાનો ગુનો નોધી ફરાર આરોપીની તપાસ શરૂ કરી છે.

## સિહોરમાં વૃદ્ધા પર હુમલાનો બનાવ હત્યામાં પરિણમ્યો...

ભાવનગર : સિહોરમાં કચરો ફેંકવા મુદ્દે બે દિવસ પૂર્વે વૃદ્ધા પર કુહાડી વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડવાના બનાવમાં વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ હત્યામાં પરિણમ્યો છે. સિહોર પોલીસે બનાવ વખતે હત્યાના પ્રયાસની કલમ ઉમેરી આરોપીને ઝડપી જેલહવાલે કરી દીધો હતો. હવે વૃદ્ધાનું મૃત્યું નિપજતા પોલીસ આ મામલે હત્યાના કલમનો ઉમેરો કરવા કાર્યવાહી હાથ ધરી છે.

સિહોરના મોટા ચોક રૂખડાવાળી શેરીમાં રહેતા ધર્મેશભાઈ રામજીભાઈ પલાણીયાએ સિહોર પોલીસ મથકમાં તેમની શેરીની સામે રહેતા ભુપત શાંતીભાઈ હરિયાણી (રહે.સિહોર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગત તા.૧૨-૦૨ના રોજ સવારે પોણા દસ કલાકના અરસામાં તેમના માતા હિરાબેન રામજીભાઈ પલાણીયા (ઉ.વ.૮૦) કચરો ફેંકવા શેરીમાં જતા હોય જેની દાઝ રાખી તેમની શેરીની સામે રહેતા ઉક્ત ભુપતભાઈએ તેમના માતાના માથાના ભાગે કુહાડી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમને સારવાર માટે સિહોર સરકારી દવાખાના બાદ ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. બીજી તરફ સિહોર પોલીસે ભુપત શાંતીભાઈ હરિયાણી વિરૂદ્ધ હત્યાના પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી ઝડપી લઈ જેલહવાલે કર્યો હતો. જે બાદ હિરાબેનનું સર ટી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. આ મામલે સિહોર પોલીસે આ મામલે હત્યાના કલમનો ઉમેરો કરવા કાર્યવાહી હાથ ધરી છે.

## મહીસાગર પોલીસની મોટી કાર્યવાહી : લક્ઝરી કારમાંથી પોષ ડોડાનો જથ્થો ઝડપી પડાયો : આરોપીઓ ફરાર

મહીસાગર | મહીસાગર જિલ્લામાં નશાના કાળા કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. બાકોર પોલીસની ટીમે ગત રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન એક કારમાંથી લાખોની કિંમતનો પોષ ડોડાનો જથ્થો ઝડપી પાડી ડ્રગ્સ માફિયાઓના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. જો કે, પોલીસને ચકમો આપી આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા છે.

મળતી માહિતી અનુસાર, બાકોર પોલીસની ટીમ રાત્રિના સમયે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં પસાર થઈ રહેલી એક લક્ઝરી કારને અટકાવવામાં આવી હતી. પોલીસને જોઈને કારમાં સવાર શખસો વાહન મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી મોટા પ્રમાણમાં પોષ ડોડાનો જથ્થો મળી આવ્યો હતો.

400 કિલોગ્રામથી વધુ પોષ ડોડાનો જથ્થો મળ્યો હતો, જેની કિંમત અંદાજે 64 લાખ રૂપિયાથી વધુ છે. હાલ કાર અને પોષ ડોડા મળી કુલ 84 લાખ 54 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસ દરમિયાન કારમાંથી ડુપ્લિકેટ નંબર પ્લેટ પણ મળી આવી છે, જેનો ઉપયોગ પોલીસને ગેરમાર્ગે દોરવા થતો હોવાની આશંકા છે.



બાકોર પોલીસે કારના રજિસ્ટ્રેશન નંબર અને ચેસિસ નંબરના આધારે ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. આટલો મોટો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને કયા સ્થળે પહોંચાડવાનો હતો, તે દિશામાં મહીસાગર પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. વારંવાર મુદ્દામાલ પકડાય છે પરંતુ આરોપીઓ હાથ નથી આવતા, તે પોલીસ માટે પણ એક પડકાર બની ગયો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

શિવરાત્રી મેળામાંથી પરત ફરતા અકસ્માત: એક યુવક ગંભીર ઈજાગ્રસ્ત, જૂનાગઢ હોસ્પિટલમાં સારવાર હેઠળ

# જેતલસર જંકશન રેલવે પુલ અકસ્માત: કાર ડિવાઈડર સાથે એવી ભયાનક રીતે અથડાઈ કે બે ફાડચા થઈ ગયા

(એજન્સી) રાજકોટ/જેતપુર । તા. 15

રાજકોટ જિલ્લાના જેતપુર પાસે આવેલા જેતલસર જંક્શન રેલવે પુલ પર આજે ૧૫ ફેબ્રુઆરીની વહેલી સવારે એક રૂંવાડા ઉભા કરી દે તેવો અકસ્માત સર્જાયો છે. જૂનાગઢના પ્રસિદ્ધ મહાશિવરાત્રી મેળાના દર્શન કરી પરત ફરી રહેલા ચાર મિત્રોની કાર પુલ પર બેકાબૂ બની ડિવાઈડર સાથે અથડાતા કારના બે ટુકડા થઈ ગયા હતા. જેતપુર જેતલસર કાર અકસ્માત ૨૦૨૬ માં અત્યાર સુધીમાં ૩ લોકોના મોતની પુષ્ટિ થઈ છે.



મળતી માહિતી મુજબ, કારમાં સવાર ચારેય મિત્રો જૂનાગઢથી જેતપુર તરફ આવી રહ્યા હતા. જેતલસર રેલવે બ્રિજ પર ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર ફૂલ ઝડપે ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ હતી. અથડામણ એટલી જોરદાર હતી કે કારના બે ટુકડા થઈને રોડની સામસામી બાજુએ ફેંકાયા હતા. આ દુર્ઘટનામાં ૨૧ વર્ષીય મુસ્કાન બગડા (રહે. રાયડી) અને ૨૦ વર્ષીય અરુણ વાળા (રહે. નવાગઢ) ના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત જયદીપ ચૌહાણનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત થયું હતું.

### ટ્રાફિકજામ અને પોલીસની કામગીરી

અકસ્માતને પગલે હાઈવે પર કારના વિખરાયેલા ભાગો ફેલાઈ જતા વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. જેતપુર તાલુકા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ક્રેન બોલાવીને કારના અવશેષો હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. અન્ય એક ઈજાગ્રસ્ત યુવક અમિત પરમારની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવ્યો છે.

### ઓવરસ્પીડ કે થાક? તપાસ તેજ

પ્રાથમિક તપાસમાં પોલીસનું માનવું છે કે કારની ગતિ મર્યાદા કરતા વધુ હતી અથવા મોડી રાત્રિના જાગરણ અને મુસાફરીના થાકને કારણે ચાલકને જોકું આવી ગયું હોઈ શકે છે. જેતપુર જેતલસર કાર અકસ્માત ૨૦૨૬ ની આ ઘટનાએ મેળાના આનંદને માતમમાં ફેરવી નાખ્યો છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે જેતપુર સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યા છે.

## રાજકોટ રેલવે સ્ટેશન: હેડ કોન્સ્ટેબલ સાથે સરાજાહેર ઝપાઝપી કરનાર લુખ્ખો ઝડપાયો

રાજકોટ | રાજકોટમાં અસામાજિક તત્ત્વોને પોલીસનો પણ ડર રહ્યો ન હોય તેવી ઘટના રાજકોટ રેલવે સ્ટેશન પર સામે આવી છે. મહાશિવરાત્રીના તહેવારને પગલે ચાલી રહેલા વિશેષ સર્વેલન્સ દરમિયાન, એક કુખ્યાત શખ્સે ફરજ પરના હેડ કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજકોટ રેલવે સ્ટેશન પોલીસ હુમલો ૨૦૨૬ ની આ ઘટના બાદ રેલવે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં સર્વેલન્સ ડ્યુટી બજાવતા હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ ફતેસિંહ શુક્રવારે સાંજે પેટ્રોલીંગમાં હતા. રાત્રે પોણા આઠ વાગ્યાની આસપાસ પ્લેટફોર્મ નંબર ૧/બી પર અનાજ ગોડાઉન પાસે એક શખ્સ શંકાસ્પદ હાલતમાં જણાતા પોલીસે તેને અટકાવી "તમારે મુસાફરી કરવાની છે?" તેમ પૂછ્યું હતું. આ સામાન્ય પ્રશ્નથી ઉશ્કેરાયેલા શખ્સે પોલીસ સાથે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી દીધી હતી.

### આરોપીનો ગુનાહિત ઈતિહાસ

ઝડપાયેલા આરોપીની ઓળખ આરીફ ઉર્ફે માલીશ બસીરભાઈ બ્લોચ (રહે. રુખડીયા પરા) તરીકે થઈ છે. ધરપકડ બાદ આરોપીએ પોલીસ પર રોફ જમાવતા કહ્યું હતું કે, "મારા પર રાજકોટ શહેર અને રેલવેમાં અનેક કેસ છે." આરોપીએ પોલીસ કર્મચારીના યુનિફોર્મ પર હાથ નાખી ફરજમાં રુકાવટ કરી હતી, પરંતુ સાથેના અન્ય સ્ટાફે તેને તાત્કાલિક કાબૂમાં લીધો હતો. હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહની ફરિયાદના આધારે રેલવે પોલીસે આરીફ વિરૂદ્ધ આઈપીસીની સંબંધિત કલમો હેઠળ ફરજમાં રુકાવટ, હુમલો અને ધમકીનો ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

## રૂ. ૩૮૦ કરોડના ટ્રાન્ઝેક્શનનો પર્દાફાશ, ૧૬.૫૦ કરોડ સીધા સાયબર ફ્રોડના હોવાનું ખુલ્યું

(એજન્સી) રાજકોટ । તા. 15

ગુજરાતમાં સાયબર ગુનેગારોએ હવે વેપારી પેઢીઓના બેન્ક ખાતાઓને પોતાનું હથિયાર બનાવવાનું શરૂ કર્યું છે. રાજકોટ રૂરલ સાયબર ક્રાઈમ પોલીસે એક એવા દેશવ્યાપી કૌભાંડનો પર્દાફાશ કર્યો છે જેમાં રાજકોટ અને ગોંડલના શખ્સોના ખાતામાં રૂ. ૩૮૦ કરોડના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન જોવા મળ્યા છે. રાજકોટ સાયબર ફ્રોડ કૌભાંડ ૨૦૨૬ ની આ તપાસમાં અત્યાર સુધીમાં ૧૬.૫૦ કરોડ રૂપિયા સાયબર છેતરપિંડીના હોવાનું પ્રાથમિક રીતે સાબિત થઈ ચૂક્યું છે.

### APMC પેઢીઓના ખાતાનો દુરુપયોગ

આરોપીઓએ TDS અને અન્ય ટેક્સથી બચવા માટે ગોંડલ APMC માં લાયસન્સ ધરાવતી પેઢીઓનો ઉપયોગ કર્યો હતો. જય નાદપરાની 'જ્યોત ટ્રેડિંગ' અને 'સોમ કંપની' માં રૂ. ૧૯૫ કરોડ તથા મનીષ કમાણીની 'અલ્ટ્રા સ્પાઈસ' માં રૂ. ૧૫૦ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન થયા હતા. ખેતીવાડી ઉત્પાદન સાથે સંકળાયેલા ખાતા હોવાને કારણે મોટા ટ્રાન્ઝેક્શન પર કોઈનું ધ્યાન જતું નહોતું. સીઆઈડી ક્રાઈમ દ્વારા 'ઓપરેશન મ્યુલ હન્ટ' અંતર્ગત આપવામાં આવેલા ડેટાના આધારે પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં મુખ્ય સૂત્રધારો જય અને મનીષ ઉપરાંત મીડિયેટર પ્રવીણસિંહ પરમાર, ઋષિત રૈયાણી અને આંગડિયા પેઢી સાથે સંકળાયેલા મહેન્દ્રસિંહ જાડેજા અને મયુરસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. આ શખ્સોએ પોતાના ખાતા ભાડે આપીને અંદાજે ૧ કરોડ રૂપિયાનું કમિશન મેળવ્યું હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ તપાસમાં હજુ પણ ૪ આરોપીઓ વોન્ટેડ છે, જેમાં હૈદરાબાદનો આદિલ ઉદીલ અને સ્થાનિક લાલાભાઈ ઉર્ફે યાજ્ઞિકનો સમાવેશ થાય છે. સાયબર ક્રાઈમ પોલીસ હવે આ કરોડોના હિસાબ માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ની મદદ લેશે. રાજકોટ સાયબર ફ્રોડ કૌભાંડ ૨૦૨૬ માં ટૂંક સમયમાં ED જેવી કેન્દ્રીય એજન્સીઓ પણ તપાસમાં જોડાય તેવી પૂરી શક્યતા છે.

છાણી સિક્યુરિટી જવાન હુમલો ૨૦૨૬

## ડિલિવરી બોય મુદ્દે થયેલી તકરારમાં 60 વર્ષીય ગાર્ડને ફ્રેક્ચર સુધી માર માર્યો

ક

વડોદરાના છાણી વિસ્તારમાં આવેલી મારુતિ હાઈટ્સ સોસાયટીમાં ફરજ બજાવતા એક વૃદ્ધ સિક્યુરિટી જવાન પર સોસાયટીના જ એક રહીશ દ્વારા ઘાતકી હુમલો કરવાની ઘટના સામે આવી છે. ડિલિવરી બોયની એન્ટ્રી જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા રહીશે ૬૦ વર્ષના વૃદ્ધ જવાનને માર મારી પગમાં ફ્રેક્ચર કરી નાખ્યું હતું. છાણી સિક્યુરિટી જવાન હુમલો ૨૦૨૬ ની આ ઘટનાને પગલે શ્રમિકો અને સિક્યુરિટી સ્ટાફમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

દશરથ ગામની રામા રેસિડેન્સીમાં રહેતા ૬૦ વર્ષીય વિનુભાઈ ખાનાભાઈ સોલંકી છેલ્લા એક વર્ષથી છાણી-સમા વિસ્તારમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. ૧૩મી તારીખની રાત્રે તેઓ મારુતિ હાઈટ્સના ગેટ નંબર ૨ પર ફરજ પર હતા. સવારે ૬ વાગ્યાના અરસામાં એક ડિલિવરી બોય સોસાયટીમાં આવ્યો હતો. આ સમયે ત્યાં હાજર રહીશ ભાર્ગવ ચીનુભાઈ જાદવે ડિલિવરી બોય સાથે કોઈ વાતચીત કરી હતી. ડિલિવરી બોય અંદર ગયા બાદ, ભાર્ગવ જાદવ સિક્યુરિટી જવાન વિનુભાઈ પાસે આવ્યો હતો અને "તમે શું ધ્યાન આપો છો?" તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. ઉશ્કેરાયેલા ભાર્ગવે વિનુભાઈને જોરદાર ધક્કો મારતા તેઓ જમીન પર પટકાયા હતા, જેના કારણે તેમના જમણા પગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. આટલેથી ન અટકતા, હુમલાખોરે સિક્યુરિટીના દંડા વડે વિનુભાઈના હાથ પર ફટકા માર્યા હતા અને ચપ્પુ કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઈજાગ્રસ્ત વિનુભાઈએ આ મામલે છાણી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ભાર્ગવ જાદવ વિરુદ્ધ હુમલો, ધમકી અને ઈજા પહોંચાડવા બદલ ગુનો દાખલ કર્યો છે. છાણી સિક્યુરિટી જવાન હુમલો ૨૦૨૬ ની આ ઘટનાએ સોસાયટીઓમાં કામ કરતા કર્મચારીઓ પ્રત્યે રહીશોના વર્તન અને તેમની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

## ઋષિકા સદનાની થાર અકસ્માત કેસ: અલકાપુરીના સાડીના મોટા વેપારીની પુત્રી સામે અટલાદરા પોલીસની કાર્યવાહી

(એજન્સી) વડોદરા । તા. 15

સંસ્કારી નગરી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સનફાર્મા રોડ પર શુક્રવાર-શનિવારની મધ્યરાત્રિએ કાળજું કંપાવી દે તેવી ઘટના બની છે. પૂરપાટ ઝડપે અને બેદરકારીથી ચલાવવામાં આવતી એક સફેદ રંગની મહિન્દ્રા થાર જીપે મોપેડ સવાર યુવકને એવી જોરદાર ટક્કર મારી કે યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. વડોદરા સનફાર્મા રોડ અકસ્માત ૨૦૨૬ માં પોલીસે ૧૯ વર્ષની નબીરા યુવતીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અટલાદરા શિવાજીપુરી વુડાના મકાનમાં રહેતો ૨૫ વર્ષીય અભિષેક વાસુદેવભાઈ મોરે, જે કુરિયર અને ફૂડ ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો, તે રાત્રે દોઢ વાગ્યે પોતાના કામ પર જઈ રહ્યો હતો. ભીમ તળાવના નાકા પાસે યુ-ટર્ન લેતા સમયે પૂરઝડપે આવતી થાર જીપે તેને અડફેટે લીધો હતો. ટક્કર એટલી ભીષણ હતી કે અભિષેક ફંગોળાઈને પટકાયો અને તેનું મોપેડ ૧૫ ફૂટ સુધી ઢસડાયું હતું. માથામાં ગંભીર ઈજાઓને કારણે અભિષેકનું ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો.

અકસ્માત સર્જનાર યુવતીની ઓળખ ઋષિકા મનોજભાઈ સદનાની (ઉ.વ. ૧૯) તરીકે થઈ છે, જે નવરચના યુનિવર્સિટીમાં એફ.વાય. બી.એ.માં અભ્યાસ કરે છે. તે પોતાની બે બહેનપણીઓ સાથે દુમાડ ચોકડી પાસેના એક રિસોર્ટમાં લગ્ન પ્રસંગ પતાવીને પરત ફરી રહી હતી. ઋષિકાના પિતા અલકાપુરીમાં 'ઠાકુર સાડી' નામની જાણીતી દુકાન ધરાવે છે. લોકોએ આક્ષેપ કર્યો હતો કે યુવતી નશાની હાલતમાં હતી, જેના પગલે પોલીસે તેના બ્લડ સેમ્પલ લઈ ગાંધીનગર એફએસએલ (FSL) માં મોકલી આપ્યા છે. ઘટના બાદ રોષે ભરાયેલા લોકો અને મૃતકના પરિવારજનોએ પોલીસ સ્ટેશન બહાર હોબાળો મચાવ્યો હતો. લોકોમાં એટલો આક્રોશ હતો કે તેમણે આરોપી યુવતીને પોલીસ વાનમાંથી બહાર ખેંચવાનો પણ પ્રયાસ કર્યો હતો. ડીસીપી મંજીતા વણઝારાએ જણાવ્યું કે, ગાડીની ચોક્કસ ઝડપ જાણવા માટે એક્સપર્ટની મદદ લેવામાં આવશે અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ આગળ ધપાવાશે.

## BCA ચૂંટણી: વડોદરામાં ક્રિકેટનો જંગ; ૩૧ પદો માટે ૬૨ ઉમેદવારોનું ભાવિ આજે બેલેટ બોક્સમાં સીલ થશે




વડોદરા | બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) ના વર્ષ ૨૦૨૬-૨૦૨૯ ના કાર્યકાળ માટે આજે, ૧૫ ફેબ્રુઆરીએ વડોદરાના શાસ્ત્રી બ્રિજ પાસે આવેલા રામબાગ ખાતે ઐતિહાસિક ચૂંટણી યોજાઈ રહી છે. સવારે ૯ વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. આ ચૂંટણીમાં ૩૧ પદો માટે કુલ ૬૨ ઉમેદવારો સામસામે છે, જેમાં સત્તાધારી 'રિવાઈવલ જૂથ' અને પરિવર્તનની માંગ સાથે ઉતરેલા 'રોયલ સત્યમેવ જયતે જૂથ' વચ્ચે સીધો જંગ છે. પ્રમુખ પદ માટે પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર કિરણ મોરે (રિવાઈવલ જૂથ) અને ડો. દર્શન બેંકર (રોયલ જૂથ) વચ્ચે મુખ્ય સ્પર્ધા છે. ચૂંટણી પૂર્વે ઈરફાન પઠાણ જેવા દિગ્ગજ ક્રિકેટરે સોશિયલ મીડિયા પર 'રોયલ' જૂથને સમર્થન આપીને સનસનાટી મચાવી દીધી હતી. ઈરફાને આરોપ લગાવ્યો હતો કે છેલ્લા કેટલાક વર્ષોમાં બીસીએનું સ્તર કથળ્યું છે અને સિલેક્શનમાં પારદર્શિતાનો અભાવ છે.

૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત

## વોશિંગ મશીન અને ચીમનીના બોક્સમાં છુપાવેલો 41 લાખનો દારૂ ઝડપાયો

### હરિયાણાના નુહુ-મેવાત પંથકના બૂટલેગરોનું નેટવર્ક વડોદરા પોલીસે તોડ્યું



(એજન્સી) વડોદરા । તા. 15

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે બૂટલેગરો દારૂ ઘૂસાડવા માટે અવનવા અને હાઈટેક નુસખા અપનાવી રહ્યા છે. વડોદરા જિલ્લા એલસીબી (LCB) ની ટીમે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર આજોડ ટોલ નાકા પાસે મોટી કાર્યવાહી કરીને વોશિંગ મશીનો અને રસોડાની ચીમનીઓની આડમાં લઈ જવાતો લાખોનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. વડોદરા એક્સપ્રેસ હાઈવે દારૂ રેડ ૨૦૨૬ અંતર્ગત પોલીસે કુલ રૂ. ૬૪.૨૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

### ચોક્કસ બાતમી અને હાઈવે પર ટ્રેપ

જિલ્લા એલસીબીને સચોટ બાતમી મળી હતી કે હરિયાણા પાસિંગનું એક કન્ટેનર દુમાડ ચોકડી ક્રોસ કરી અમદાવાદ તરફ જઈ રહ્યું છે, જેમાં વોશિંગ મશીનોની આડમાં દારૂનો મોટો જથ્થો છુપાવવામાં આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રાત્રિના સમયે આજોડ ટોલ નાકા પાસે વ્યૂહાત્મક નાકાબંધી કરી હતી. બાતમી મુજબનું કન્ટેનર આવતા જ તેને કોર્ડન કરીને અટકાવવામાં આવ્યું હતું.

### વોશિંગ મશીનની આડમાં ૮,૫૨૦ બોટલો

કન્ટેનરની તલાશી લેતા પ્રથમ દ્રષ્ટિએ તેમાં વોશિંગ મશીનના ૯૬ બોક્સ અને ચીમનીના ૫ બોક્સ લાદેલા જોવા મળ્યા હતા. જોકે, બોક્સની પાછળ તપાસ કરતા વિદેશી દારૂની પેટીઓનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૪૧.૭૩ લાખની કિંમતની કુલ ૮,૫૨૦ દારૂની બોટલો જપ્ત કરી છે. પોલીસે સ્થળ પરથી હરિયાણાના નુહુ (મેવાત) ના રહેવાસી ડ્રાઈવર જુનેદખાન અને ક્લીનર રોબિનખાનની ધરપકડ કરી છે.

### મુખ્ય સૂત્રધારો વોન્ટેડ

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે આ જથ્થો હરિયાણાના અમજદખાન અને અમરખાન ખાને ભરી આપ્યો હતો. પોલીસે આ બંને સૂત્રધારોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરા એક્સપ્રેસ હાઈવે દારૂ રેડ ૨૦૨૬ માં પકડાયેલો આ દારૂ ગુજરાતમાં કયા બૂટલેગરને પહોંચાડવાનો હતો તે દિશામાં મંજુસર પોલીસે તપાસ તેજ કરી છે.

મનુભાઈ સવાણી પોલીસ ફરિયાદ: અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો દાખલ, પોલીસ સીસીટીવી ફૂટેજ તપાસશે

# ટ્રકે મોપેડને કચડી, ભાઈની નજર સામે જ બહેનનું મોત

(એજન્સી) સુરત । તા. 15

ડાયમંડ સિટી સુરતના લસકાણા વિસ્તારમાં રવિવારની શાંત સવાર લોહીલુહાણ બની હતી. ગઢપુર વાય જંક્શન નજીક એક પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રકે મોપેડ પર સવાર એક જ પરિવારના ત્રણ સભ્યોને હડફેટે લીધા હતા. સુરત લસકાણા અકસ્માત ૨૦૨૬ ની આ દુર્ઘટનામાં ૭૨ વર્ષીય વૃદ્ધા સરોજબેન પટેલનું ટ્રક નીચે કચડાઈ જવાથી કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેમના ભાઈ અને પૌત્રનો ચમત્કારિક બચાવ થયો છે.



મૂળ ભાવનગરના મહુવા તાલુકાના વતની અને હાલ નાના વરાછામાં રહેતા ૬૮ વર્ષીય મનુભાઈ સવાણી પોતાના ૬ વર્ષના પૌત્ર હિયાન સાથે લસકાણા ખાતે રહેતી પોતાની બહેન સરોજબેનને મળવા ગયા હતા. બહેનને મળીને જ્યારે તેઓ મોપેડ પર સરોજબેન અને પૌત્રને બેસાડી પરત ફરી રહ્યા હતા, ત્યારે શિવાંત હાઈટ્સ સામે પાછળથી આવેલા એક અજાણ્યા ટ્રકે મોપેડને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર લાગતા જ ત્રણેય રોડ પર પટકાયા હતા અને કમનસીબે સરોજબેન ટ્રકના પાછળના ટાયર નીચે આવી ગયા હતા.

અકસ્માત બાદ ઘટનાસ્થળે હાજર મહિલાઓએ ભારે સંવેદનશીલતા અને હિંમત બતાવી હતી. લોહીલુહાણ હાલતમાં પડેલા સરોજબેનને મહિલાઓએ પોતાની ઓઢણીની ઝોળી બનાવીને ઉચક્યા હતા અને ખાનગી કારમાં હોસ્પિટલ ખસેડવાનો પાયો નાખ્યો હતો. જોકે, ૧૦૮ એમ્બ્યુલન્સ સમયસર આવી પહોંચતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત સર્જીને ટ્રક ચાલક પોતાનું વાહન મૂકીને નાસી છૂટ્યો હતો.

મનુભાઈ સવાણીની ફરિયાદના આધારે સરથાણા પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરત લસકાણા અકસ્માત ૨૦૨૬ માં ટ્રક નંબરના આધારે ચાલકની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કરાયા છે. રવિવારની આ ઘટનાએ વરાછા અને લસકાણા પંથકમાં ભારે શોકની લાગણી જન્માવી છે.

370 ફીડરોનું મેન્ટેનન્સ અને નોડલ ઓફિસર

## વડોદરાના 267 પરીક્ષા કેન્દ્રો પર વીજળી ગુલ નહીં થાય, MGVCL એ કમર કસી

(એજન્સી) વડોદરા । તા. 15

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ આગામી ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. આ મહત્વની પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓની એકાગ્રતા ન ખોરવાય અને પરીક્ષા કેન્દ્રો પર અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે મધ્ય ગુજરાત વીજ કંપની (MGVCL) દ્વારા સ્પેશિયલ એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. બોર્ડ પરીક્ષા વીજ પુરવઠા પ્લાન ૨૦૨૬ અંતર્ગત વડોદરા શહેર અને જિલ્લાના તમામ ૨૬૭ પરીક્ષા કેન્દ્રોની વીજ લાઈનોની ચકાસણી હાથ ધરાશે.

વીજ કંપનીના સત્તાધીશોના જણાવ્યા અનુસાર, દરેક પરીક્ષા કેન્દ્રનું વીજ મીટર, તેની સાથે જોડાયેલું ટ્રાન્સફોર્મર અને મુખ્ય ફીડરનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવશે. આ માટે ૩૭૦ જેટલા ફીડરોનું મેન્ટેનન્સ કાર્ય અત્યારથી જ શરૂ કરી દેવાયું છે, જે પરીક્ષા પૂર્વે પૂર્ણ કરી લેવામાં આવશે. આ કામગીરીનો હેતુ પરીક્ષાના કલાકો દરમિયાન ટેકનિકલ ખામીને કારણે થતા પાવર કટને અટકાવવાનો છે.



વહીવટી સરળતા માટે ડિવિઝન અને સર્કલ કક્ષાએ ખાસ નોડલ ઓફિસરોની નિમણૂક કરવામાં આવશે. એક નોડલ ઓફિસર ખાસ રીતે ડીઈઓ (DEO) કચેરીના કંટ્રોલરૂમમાં હાજર રહેશે, જે વીજ કંપની અને શિક્ષણ વિભાગ વચ્ચે સેતુ બનશે. પરીક્ષા સંચાલકોને વીજ અધિકારીઓના સંપર્ક નંબર પણ આપી દેવામાં આવશે જેથી ઈમરજન્સીમાં તુરંત નિરાકરણ લાવી શકાય.

શેરાસિંહ બાવરીની પથ્થરમારા બાદ ધરપકડ

## વડોદરામાં મકાન માલિકે હિંમત બતાવી ચોરને દબોચ્યો, સાગરીતોનો પથ્થરમારો

(એજન્સી) વડોદરા । તા. 15

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલી મેઘાનગર સોસાયટીમાં વહેલી સવારે એક ચોંકાવનારી ઘટના બની હતી. ઘરફોડ ચોરી કરવા ઘૂસેલી ત્રણ શખ્સોની ટોળકી અને લગ્ન પ્રસંગમાંથી પરત ફરેલા મકાન માલિક વચ્ચે આમને-સામને ઝપાઝપી થઈ હતી. વડોદરા મેઘાનગર સોસાયટી ચોરી પ્રયાસ ૨૦૨૬ અંતર્ગત મકાન માલિકે જીવના જોખમે એક ચોરને પકડી રાખ્યો હતો, જ્યારે તેના સાગરીતો પથ્થરમારો કરીને નાસી છૂટ્યા હતા.

બાપોદ હેલ્થ સેન્ટરમાં નોકરી કરતા અનિલભાઈ કહાર ૧૨મી ફેબ્રુઆરીએ સપરિવાર અમદાવાદ લગ્ન પ્રસંગમાં ગયા હતા. ગત રવિવારે વહેલી સવારે પોણા પાંચ વાગ્યે તેઓ જ્યારે અમદાવાદથી પરત ફર્યા, ત્યારે તેમના ઘરના મુખ્ય દરવાજાનો નકૂચો તૂટેલી હાલતમાં હતો. ઘરમાં ત્રણ અજાણ્યા શખ્સો ચોરી કરવાની પેરવીમાં હતા. મકાન માલિકને જોઈને ત્રણેય ચોર ભાગવા લાગ્યા હતા, પરંતુ અનિલભાઈએ પીછો કરીને એક શખ્સને મજબૂતાઈથી પકડી લીધો હતો. પોતાના સાથીદારને મકાન માલિકના સકંજામાં જોઈને અન્ય બે ચોરોએ તેને છોડાવવા માટે અનિલભાઈ પર પથ્થરમારો શરૂ કર્યો હતો. જોકે, અનિલભાઈએ હિંમત હાર્યા વગર બૂમાબૂમ કરતા સોસાયટીના રહીશો જાગી ગયા હતા અને દોડી આવ્યા હતા. લોકોનું ટોળું આવતા જોઈ બાકીના બે ચોરો અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા. ઝડપાયેલા આરોપીની પૂછપરછ કરતા તેનું નામ શેરાસિંહ કાલુસિંહ બાવરી હોવાનું ખુલ્યું હતું. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આ ટોળકીએ બાજુની તુલસી સોસાયટીમાં રહેતા અંકુર પટેલના મકાનમાં પણ ચોરીનો અસફળ પ્રયાસ કર્યો હતો. પાણીગેટ પોલીસે અનિલભાઈની ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે. વડોદરા મેઘાનગર સોસાયટી ચોરી પ્રયાસ ૨૦૨૬ ના પકડાયેલા આરોપીના રિમાન્ડ મેળવી તેની ગેંગના અન્ય સભ્યોને ઝડપવા પોલીસે કવાયત તેજ કરી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો.

**વૃષભ : બ. વ. ઉ.**

ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. પરિવારમાંના કોઈ મોટી વયની વ્યક્તિની તબિયત તાણ ઊભી કરી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે.

**કર્ક : ડ. હ.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

**સિંહ : મ. ટ.**

તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે.

**કન્યા : પ. ઠ. ણ.**

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો.

**તુલા : ર. ત.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારૂ સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે.

**મકર : ખ. જ.**

કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. તમારૂ સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો.

### દેશની પહેલી CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા લોન્ચ

# ગાંધીનગરથી 'ડિજિટલ અન્ન ક્રાંતિ'નો પ્રારંભ





ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં અમિત શાહના હસ્તે દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત જાહેર વિતરણ પ્રણાલીનો શુભારંભ થયો. કાર્યક્રમમાં ભુપેન્દ્રભાઈ પટેલ, પ્રહલાદ જોશી અને હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા.ગૃહમંત્રીએ જણાવ્યું કે નરેન્દ્ર મોદીની પ્રેરણાથી 'ડિજિટલ ઈન્ડિયા'નું વિસ્તરણ હવે જાહેર વિતરણ વ્યવસ્થા સુધી પહોંચી ગયું છે. CBDC આધારિત સિસ્ટમથી ભ્રષ્ટાચાર અને વચેટિયાઓને સંપૂર્ણ અટક મળશે. 'મેડ ઈન ગુજરાત' અન્નપૂર્તિ ગ્રેઈન ATM દ્વારા માત્ર 35 સેકન્ડમાં 25 કિલો અનાજ વિતરણ થશે. વજન, કિંમત અને ગુણવત્તા સંપૂર્ણપણે સચોટ અને પારદર્શક રહેશે. આધાર આધારિત બાયોમેટ્રિક અને ડિજિટલ ટોકનથી 24x7 અનાજ મળશે.શ્રી શાહે જણાવ્યું કે વિશ્વમાં થતા કુલ ડિજિટલ વ્યવહારોમાં અડધાથી વધુ હિસ્સો ભારતનો છે. આગામી ત્રણ-ચાર વર્ષમાં CBDC આધારિત PDS સમગ્ર દેશમાં અમલમાં આવશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ 81 કરોડ લોકોને મફત રાશન મળી રહ્યું છે.

### ગાંધીનગરમાં 'ઈન્ડિયાસ્કિલ્સ'નો શંખનાદ

## 63 કૌશલ્ય શ્રેણીમાં પશ્ચિમ ભારતના 200થી વધુ યુવાનો વચ્ચે જંગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જયંત ચૌધરીના હસ્તે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે 'ઈન્ડિયાસ્કિલ્સ' 2025-26ની પશ્ચિમ ક્ષેત્રીય સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ થયો. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા આયોજિત અને નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અમલીકરણ હેઠળ યોજાયેલી આ ચાર દિવસીય સ્પર્ધામાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા અને મધ્યપ્રદેશના 200થી વધુ સ્પર્ધકો 63 કૌશલ્ય કેટેગરીમાં પોતાની પ્રતિભા અજમાવી રહ્યા છે.ઉદ્ઘાટન પ્રસંગે જયંત ચૌધરીએ કહ્યું કે 'ઈન્ડિયાસ્કિલ્સ' માત્ર સ્પર્ધા નહીં, પરંતુ "કુશળ ભારત"ના નિર્માણ માટેનું મજબૂત પ્લેટફોર્મ છે. સ્થાનિક તાલીમથી રાષ્ટ્રીય અને ત્યાંથી વૈશ્વિક સ્તરે પહોંચવાનો માર્ગ આ પહેલ દ્વારા સુગમ બને છે, જે National Education Policy 2020ના વિઝનને અનુરૂપ છે.પશ્ચિમ ભારતના ઔદ્યોગિક પ્રભાવને રેખાંકિત કરતાં તેમણે જણાવ્યું કે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવા રાજ્યો ઉત્પાદન, ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, નવીનીકરણીય ઊર્જા અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે અગ્રેસર છે. ગુજરાતમાં ITIનું મજબૂત નેટવર્ક અને ઉદ્યોગ-સહભાગિતા કૌશલ્ય વિકાસને આર્થિક પ્રગતિ સાથે જોડે છે. ટેક્નોલોજીના ઝડપી પરિવર્તનને ધ્યાનમાં રાખીને સરકાર 'SOAR - સ્કિલિંગ ફોર AI રેડીનેસ' દ્વારા યુવાનોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે સજ્જ બનાવી રહી છે.

### 'હર ઘર સ્વદેશી'થી આત્મનિર્ભર ભારત તરફ મહિલાઓને નવું પ્લેટફોર્મ

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર 'સખી સ્વદેશી માર્ટ'નો પ્રારંભ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

'હર ઘર સ્વદેશી'ના મંત્ર અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર બનાવતી મહત્વપૂર્ણ પહેલરૂપે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે 'અવસર' (AVSAR - Airport as Venue for Skilled Artisans of the Region) પ્રોજેક્ટ અંતર્ગત 'સખી સ્વદેશી માર્ટ'નું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું.આ અવસરે સ્ટોલ પર પ્રદર્શિત સ્થાનિક હસ્તકલા અને સ્વદેશી ઉત્પાદનોનું નિરીક્ષણ કરી સખી મંડળની બહેનો સાથે આત્મીય સંવાદ સાધવામાં આવ્યો. તેમની કલા-કૌશલ્યને બિરદાવી બહેનોને ઉજ્જવળ પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.એરપોર્ટ જેવા આંતરરાષ્ટ્રીય માળખામાં સ્વસહાય જૂથોને વેચાણની તક મળવાથી ગ્રામ્ય વિસ્તારની મહેનતી બહેનોને તેમની હસ્તકલા માટે વિશાળ બજાર ઉપલબ્ધ બનશે. આ પહેલ મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને આત્મનિર્ભરતા તરફનું મજબૂત પગલું સાબિત થશે. 'સખી સ્વદેશી માર્ટ' માત્ર વેચાણ કેન્દ્ર નહીં, પરંતુ સ્થાનિક કારીગર મહિલાઓ માટે સ્વાભિમાન, સ્વરોજગાર અને સ્વાવલંબનની નવી દિશા છે. કેન્દ્ર સરકારના 'હર ઘર સ્વદેશી' મંત્ર અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે એક અત્યંત પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. 'અવસર' (AVSAR) પ્રોજેક્ટ અંતર્ગત અહીં 'સખી સ્વદેશી માર્ટ'નું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક કલાકારો અને સખી મંડળની બહેનોને આંતરરાષ્ટ્રીય કક્ષાનું વેચાણ મંચ પૂરું પાડવાનો છે. આ નવીન પ્રકલ્પ દ્વારા ગ્રામ્ય વિસ્તારની પ્રતિભાશાળી મહિલાઓના આર્થિક ઉત્થાન માટેના દ્વાર ખૂલ્યા છે, જે આવનારા સમયમાં મહિલા સ્વાવલંબનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બનશે.રાજકોટના હીરાસર ખાતે નિર્મિત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ હવે માત્ર મુસાફરીનું કેન્દ્ર જ નહીં, પરંતુ સ્થાનિક કારીગરીનું પ્રદર્શન કેન્દ્ર પણ બની ગયું છે. ઉદ્ઘાટન પ્રસંગે મહાનુભાવો દ્વારા સ્ટોલ પર પ્રદર્શિત કરાયેલી વિવિધ હસ્તકલાની ચીજવસ્તુઓ અને સ્વદેશી ઉત્પાદનોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### જે ભવિષ્ય માટે સજ્જ કૌશલ્યો માટે ભારતના પ્રયાસોને વધુ મજબૂત બનાવે છે

## ઈન્ડિયાસ્કિલ્સ (IndiaSkills) પશ્ચિમ પ્રાદેશિક સ્પર્ધાનો ગાંધીનગરમાં પ્રારંભ



અમદાવાદ | ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) અને શિક્ષણ રાજ્ય મંત્રી માનનીય શ્રી જયંત ચૌધરીએ આજે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર, ગુજરાત ખાતે એક ભવ્ય ઉદ્ઘાટન સમારોહ દરમિયાન ઈન્ડિયાસ્કિલ્સ સ્પર્ધા 2025-26 - પશ્ચિમ પ્રાદેશિક સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું હતું. નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NSDC) ને અમલીકરણ એજન્સી તરીકે રાખીને કૌશલ્ય વિકાસ અને ઉદ્યમશીલતા મંત્રાલય (MSDE) દ્વારા આયોજિત આ સમારોહ, ચાર દિવસીય પ્રાદેશિક કૌશલ્ય પ્રદર્શનની શરૂઆત દર્શાવે છે જે પાંચ પશ્ચિમ રાજ્યો – ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા અને મધ્ય પ્રદેશના 200 થી વધુ પ્રતિભાશાળી યુવાન સ્પર્ધકોને 63 કૌશલ્ય શ્રેણીઓમાં સ્પર્ધા કરવા માટે એકસાથે લાવે છે.તેમના સંબોધનમાં, શ્રી જયંત ચૌધરીએ ઈન્ડિયાસ્કિલ્સ પશ્ચિમ પ્રાદેશિક સ્પર્ધાને માત્ર એક સ્પર્ધા તરીકે નહીં, પરંતુ ભારતની ટેલેન્ટ વિકાસને મજબૂત કરવા માટેના વ્યૂહાત્મક સાધન તરીકે ગણાવી હતી. તેમણે કહ્યું કે આ સ્પર્ધા પશ્ચિમ ક્ષેત્રના યુવાનોમાં રહેલી ટેકનિકલ ક્ષમતા, શિસ્ત અને આકાંક્ષાની ઊંડાઈને પ્રતિબિંબિત કરે છે, જ્યારે મજબૂત પ્રાદેશિક ઈકોસિસ્ટમ કેવી રીતે સુસંગત રાષ્ટ્રીય કૌશલ્ય માળખામાં યોગદાન આપી શકે છે તે દર્શાવે છે. ઈન્ડિયાસ્કિલ્સ, તેમણે નોંધ્યું હતું કે, પ્રતિભાઓને પાયાની તાલીમ સંસ્થાઓમાંથી રાષ્ટ્રીય શ્રેષ્ઠતા તરફ અને આગળ વૈશ્વિક પ્લેટફોર્મ પર લઈ જવા માટે ડિઝાઈન કરવામાં આવી છે, જે કુશળ યુવાનો માટે માળખાગત ગતિશીલતાનો માર્ગ બનાવે છે. આ સંકલિત અભિગમ, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સાથે સંપૂર્ણપણે સુસંગત છે, જે મુખ્ય પ્રવાહના શિક્ષણમાં જડાયેલા અનુભવજન્ય, કૌશલ્ય-આધારિત અને ભવિષ્યલક્ષી શિક્ષણની હિમાયત કરે છે.

### સ્વયંભૂ ભવનાથ મહાદેવના દર્શન-પૂજન, સાધુ-સંતોના આશીર્વાદથી ધન્યતા વ્યક્ત

## મહાશિવરાત્રી પર્વે ગિરનાર તળેટીમાં મુખ્યમંત્રીની ભક્તિભાવભરી હાજરી



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જૂનાગઢ: મહાશિવરાત્રીના પાવન પર્વે ભૂપેન્દ્ર પટેલએ ગરવા ગિરનારની ગોદમાં સ્થિત ભવનાથ મહાદેવ મંદિર ખાતે સ્વયંભૂ ભવનાથ મહાદેવના શ્રદ્ધાભાવે દર્શન-પૂજન કર્યા. તેમની સાથે ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા પણ ધાર્મિક વિધિમાં જોડાયા.

જૂનાગઢમાં યોજાતા પરંપરાગત પાંચ દિવસીય મહાશિવરાત્રી મેળાના અંતિમ દિવસે મુખ્યમંત્રીશ્રીએ ભવનાથ મંદિર પરિસરમાં ગિરનાર તીર્થક્ષેત્ર અને વિવિધ અખાડાઓના સાધુ-સંતો સાથે મુલાકાત કરી, ખેસ અને ફૂલહાર અર્પણ કરીને તેમનો બહુમાન કર્યો. સંત સમાગમ માટે પ્રસિદ્ધ આ મેળાને "આસ્થાનું મહાકુંભ" ગણાવી મુખ્યમંત્રીશ્રીએ આધ્યાત્મિક ચેતનાની અનુભૂતિ વ્યક્ત કરી.

મંદિર પરિસરમાં આવેલા અખંડ ધુણાના દર્શન કર્યા બાદ તેમણે મૃગીકુંડ ખાતે નમન કર્યું. સત્સંગ હોલમાં વિવિધ સંત-મહંતો સાથે મુલાકાત કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં હાજર ભાવિકો સાથે સહજતાપૂર્વક વાતચીત કરી તેમનું અભિવાદન સ્વીકાર્યું. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવાસિયા અને ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડના સભ્ય સચિવ રમેશ મેરજાએ સ્મૃતિચિન્હ અર્પણ કરી સ્વાગત કર્યું.

ઉલ્લેખનીય છે કે મહાશિવરાત્રી પર્વે વિવિધ અખાડાઓના દિગંબર સાધુઓની ભવ્ય રવેડી આ મેળાનું વિશેષ આકર્ષણ રહે છે, જેને નિહાળવા લાખો ભાવિકો ઉમટી પડે છે.

સ્થાનિક જનપ્રતિનિધિઓ અને પદાધિકારીઓની હાજરીમાં યોજાયેલ આ ધાર્મિક કાર્યક્રમ ગિરનાર તળેટીમાં ભક્તિ, પરંપરા અને સંસ્કૃતિનો અનોખો સંગમ સાબિત થયો.

### ટેબલ પોઈન્ટ પર ટેમ્પો ટ્રાવેલરની બ્રેક ફેઈલ:- મોટી જાનહાનિ ટળી, 18 પ્રવાસીઓ ઘાયલ..

ડાંગ | ડાંગ જિલ્લાના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સાપુતારા ખાતે આજરોજ એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો.સદભાગ્યે, આ ઘટનામાં મોટી જાનહાનિ ટળી છે. મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લામાંથી અંદાજે 18 પ્રવાસીઓ ટેમ્પો ટ્રાવેલરમાં સવાર થઈ સાપુતારા ફરવા આવ્યા હતા.પ્રવાસ દરમિયાન ટેબલ પોઈન્ટ પરથી નીચે ઉતરતા સમયે અચાનક ટેમ્પો ટ્રાવેલરની બ્રેક ફેઈલ થઈ ગઈ હતી.બ્રેક ફેઈલ થવાને કારણે વાહન ચાલકનું નિયંત્રણ ખોવાઈ ગયું અને ટેમ્પો ટ્રાવેલર નજીક આવેલી રોપવે કેબિન સાથે જોરદાર અથડાયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે જો વાહન થોડું પણ આગળ સરક્યું હોત તો તે સીધુ ઊંડી ખીણમાં ખાબકી શકતુ હતુ અને મોટી દુર્ઘટના સર્જાઈ હોત.સદભાગ્યે, રોપવે કેબિન સાથે અથડાઈને વાહન થંભી જતાં.

## "ગ્રામીણ અર્થતંત્રના પાયામાં મહિલાઓનું યોગદાન અમૂલ્ય" - વાર્ષિક સભામાં લાખોની લોન સહાય વિતરણ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



આટકોટ ખાતે યોજાયેલી આટકોટ ક્લસ્ટર લેવલ ફેડરેશનની વાર્ષિક સાધારણ સભામાં મહિલાઓના સશક્તિકરણનો પ્રેરણાદાયી દૃશ્ય જોવા મળ્યો. "ગ્રામીણ અર્થતંત્રના પાયામાં મહિલાઓનું યોગદાન અમૂલ્ય છે" એવા સંદેશ સાથે કાર્યક્રમમાં સખી મંડળોને લાખોની લોન સહાયનું વિતરણ કરવામાં આવ્યું.

કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનારી સખીઓનું સન્માન કરી તેમની આત્મનિર્ભરતા અને ઉદ્યોગસાહસિકતાને બિરદાવવામાં આવી. આર્થિક રીતે સશક્ત બનતી બહેનોની પ્રગતિ ગામડાંના સર્વાંગી વિકાસ માટે મજબૂત આધારસ્તંભ સાબિત થઈ રહી છે.

આટકોટ ક્લસ્ટરની બહેનો સ્વરોજગાર અને સહકારની ભાવનાથી આગળ વધી રહી છે, જે ગ્રામિણ અર્થતંત્રને નવી દિશા આપી રહ્યું છે. મહિલા સશક્તિકરણ દ્વારા ગામડાંનો સર્વાંગી વિકાસ શક્ય બને તેવા પ્રયાસોમાં જોડાયેલી તમામ બહેનોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવાયા.

### ઓઢવમાં બ્રહ્મ ઉત્કર્ષ ટ્રસ્ટનો વિદ્યાર્થી સન્માન સમારોહ

## શિક્ષણ પ્રગતિ માટે સમાજને સંગઠિત થવા ડૉ. અશ્વિન ત્રિવેદીનું આહ્વાન



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ: બ્રહ્મ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ઓઢવ ખાતે વિદ્યાર્થી પારિતોષિક વિતરણ કાર્યક્રમ ભવ્ય રીતે યોજાયો. કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો.

આ પ્રસંગે ડૉ અશ્વિન ત્રિવેદી (અધ્યક્ષ, સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ), મુખ્ય કન્વીનર ડૉ યજ્ઞેશ દવે, મહામંત્રી ગીરીશભાઈ ત્રિવેદી, અમિતભાઈ દવે તથા બ્રહ્મ અગ્રણી શૈલેષ શુક્લા ઉપસ્થિત રહ્યા. સાથે જ કેન્સર હોપિટલ અમદાવાદના એમ.ડી. ડૉ શશાંક પંડ્યા અને રાજેશ મહેતા સહિતના આગેવાનો પણ હાજર રહ્યા.

ડૉ. અશ્વિન ત્રિવેદીએ સમાજને સંગઠિત બની શિક્ષણ ક્ષેત્રે સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી. કાર્યક્રમમાં રાજેશભાઈ દવે, ભરતભાઈ જાની, અશોકભાઈ જાની સહિત મોટી સંખ્યામાં હોદેદારો અને ભૂદેવોની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી.

વિદ્યાર્થીઓના સન્માન સાથે સમાજમાં શિક્ષણ પ્રત્યે નવી જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો.

### ત્રણ કરોડના ખર્ચે થશે નિર્માણ : ગરીબોને મળશે પાકી છત

# સુરતમાં ગરીબોનું ઘરના ઘરનું સપનું સાકાર



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ડાયમંડ સિટી સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'હાઉસિંગ ફોર ઓલ'ના વિઝનને સાકાર કરવાના ઉમદા હેતુ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલની ગરિમામય ઉપસ્થિતિમાં સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ (આઠવા) ઝોન સ્થિત વેસૂ વિસ્તારમાં ૩.૨૪ કરોડના ખર્ચે નિર્માણ પામનારા ૮૧ આવાસોનું સામૂહિક ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટ શહેરી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને અત્યાધુનિક સુવિધાઓ ધરાવતું સસ્તું અને સુરક્ષિત નિવાસસ્થાન ઉપલબ્ધ કરાવી તેમના જીવનધોરણને ઊંચું લાવવાની દિશામાં એક મજબૂત ડગલું સાબિત થશે.

સુરતના ઝડપથી વિકસતા વેસૂ વિસ્તારમાં પી.એમ. આવાસ યોજના (બી.એલ.સી.) હેઠળ હાથ ધરાયેલો આ પ્રોજેક્ટ સ્થાનિક નાગરિકો માટે ખુશીની લહેર લાવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કુલ ૮૧ પરિવારોને પાકા ઘરની સુવિધા મળવાની છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દરેક આવાસનું નિર્માણ ગુણવત્તાયુક્ત મટીરિયલ અને પૂરતી પ્રાથમિક સુવિધાઓ સાથે કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સરકારનો લક્ષ્ય છે કે દેશનો કોઈ પણ ગરીબ પરિવાર કાચા મકાનમાં ન રહે, અને સુરતમાં આ દિશામાં ખૂબ જ પ્રશંસનીય કામગીરી થઈ રહી છે.

૩.૨૪ કરોડના અંદાજિત ખર્ચે તૈયાર થનારા આ આવાસો કેન્દ્ર અને રાજ્ય સરકારની સહભાગિતાથી સાકાર થઈ રહ્યા છે. આ યોજનામાં લાભાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, જેથી તેઓ આર્થિક બોજ વગર પોતાના ઘરના માલિક બની શકે. મીડિયા અહેવાલ મુજબ, સુરત મહાનગરપાલિકા દ્વારા આવાસ યોજનાના અમલીકરણમાં સમગ્ર રાજ્યમાં અગ્રેસર રહેવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાતમુહૂર્ત કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિક લાભાર્થીઓ અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઓલપાડમાં VR પેટ્રોલપંપનું લોકાર્પણ

## કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન સમારોહ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સુરત/ઓલપાડ, 15 ફેબ્રુઆરી 2026: જલ શક્તિ મંત્રાલય અંતર્ગત આજે ઓલપાડ ખાતે રાકેશભાઈ પટેલના VR પેટ્રોલપંપનું લોકાર્પણ સમારોહ યોજાયો.

આ પ્રસંગે સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિ રહી. ઉદ્ઘાટન સાથે જ સ્થાનિક વિસ્તરમાં ઈંધણ સેવા સુવિધામાં વધારો થવાથી નાગરિકો અને વાહનચાલકોને વધુ સુલભતા મળશે.

સમારોહમાં સ્થાનિક આગેવાનો અને નાગરિકોની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી.

## ગામડાની કાયાપલટ માટે 1.97 લાખ કરોડ : વીબી-જી-રામ યોજનામાં 125 દિવસની ગેરંટી

**બજેટમાં 95,692 કરોડની ફાળવણી**

# મનરેગાનું સ્થાન હવે વીબી-જી-રામ લેશે




(એજન્સી) નવી દિલ્હી । તા. 15

દેશના હૃદય સમાન ગામડાઓની કિસ્મત બદલવા માટે સરકારે પોતાનો પટારો ખોલી દીધો છે. નાણાકીય વર્ષ 2026-27નું બજેટ માત્ર આંકડાઓની માયાજાળ નથી, પણ ખેતરોમાં પરસેવો પાડતા મજૂરો અને પાકા ઘરનું સપનું જોતા ગરીબો માટે આશાનું નવું કિરણ છે. અત્યાર સુધી જે કામ મનરેગા કરતું હતું, તેની જગ્યાએ હવે 'વીબી-જી-રામ' (VB-G RAM G) યોજનાએ મુખ્ય સ્થાન લીધું છે, જે ગ્રામીણ અર્થતંત્રના પાયા હચમચાવી દેશે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગ્રામીણ વિકાસ મંત્રાલયને કુલ 1,97,023 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ વખતે સૌથી મોટો દાવ 'વીબી-જી-રામ' યોજના પર ખેલવામાં આવ્યો છે. આ યોજનાને કુલ બજેટના 40 ટકા એટલે કે અંદાજે 95,692 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. બીજી તરફ, પીએમ આવાસ યોજના (ગ્રામીણ) માટેના બજેટમાં 66 ટકાનો જંગી વધારો કરીને તેને 54,917 કરોડ રૂપિયા ફાળવાયા છે. જાણકારોનું કહેવું છે કે આ ફાળવણીથી ગામડાઓમાં રોજગારી અને મકાનોની અછત દૂર થશે.

## મજૂરોના હક પર મોટો નિર્ણય | પીએમ આવાસ યોજનામાં 66 ટકાનો તોતિંગ વધારો : હવે દરેકનું ઘર બનશે

બજારમાં અને ગામની ચોપાલ પર ચર્ચાઓ ગરમ છે કારણ કે મનરેગાના બજેટમાં આ વખતે મોટી કાપ મૂકવામાં આવી છે. ગયા વર્ષે જ્યાં 88,000 કરોડ હતા, ત્યાં આ વખતે માત્ર 30,000 કરોડ ફાળવાયા છે. પરંતુ ગભરાવાની જરૂર નથી, કારણ કે 'વીબી-જી-રામ' યોજના હવે 125 દિવસના કામની લેખિત ગેરંટી આપે છે. તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારો 60:40 ના ગુણોત્તરમાં ખર્ચ વહેંચશે. એટલે કે હવે ગામડાના રસ્તા હોય કે ખેતરના કામ, મજૂરોને વધુ દિવસનું કામ અને સમયસર નાણાં મળવાની આશા વધી છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાત સહિત અનેક રાજ્યોમાં શ્રમિકોને નક્કી કરેલા વેતન કરતા ઓછું વેતન મળ્યું છે. ગુજરાતમાં 288 રૂપિયાના બદલે 264 રૂપિયા મળતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બજેટમાં જોગવાઈઓ તો કડક છે, પણ શું છેવાડાના માનવી સુધી પૂરા પૈસા પહોંચશે? પીએમ આવાસ યોજનામાં પણ હજુ 70 ટકા લક્ષ્ય જ પૂરું થયું છે, બાકીના ઘરો દિવાળી કે હોળી સુધીમાં તૈયાર થઈ જાય તેવી આશા જાગી છે.

### PM આવાસ યોજનામાં વધારો: હવે ગરીબના માથે પાકી છત હશે?

"મારું ઘર, મારું સપનું" - આ સૂત્ર હવે હકીકત બનવા જઈ રહ્યું છે. નાણાકીય વર્ષ 2026-27ના બજેટમાં પીએમ આવાસ યોજના (ગ્રામીણ) માટે સરકારે ખજાનો ખુલ્લો મૂકી દીધો છે. આ વખતે ફાળવણીમાં 66 ટકાનો જંગી વધારો કરીને કુલ 54,917 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, અત્યાર સુધી જમીનની અછત અને કોરોના જેવી મુશ્કેલીઓને કારણે માત્ર 70 ટકા ઘરો જ પૂરા થઈ શક્યા હતા, પણ હવે બાકીના 30 ટકા કામ માટે યુદ્ધના ધોરણે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગામડામાં જ્યારે હોળી-દિવાળી જેવા તહેવારો આવે ત્યારે પાકા ઘરની ખોટ સૌથી વધુ વર્તાતી હોય છે. હવે જ્યારે બજેટમાં આટલો મોટો ઉછાળો આવ્યો છે, ત્યારે આશા છે કે આવતા વર્ષ સુધીમાં લાખો પરિવારો કાચા ઝૂંપડામાંથી નીકળીને પાકા મકાનોમાં ગૃહપ્રવેશ કરશે. જોકે, પડકાર હજુ પણ એ જ છે કે ભ્રષ્ટાચારના રાક્ષસથી બચીને આ નાણાં સીધા લાભાર્થીના ખાતા સુધી પહોંચે. સરકારની આ જાહેરાત ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશાનું મોટું કિરણ બનીને આવી છે, જે ગામડાના અર્થતંત્રને પણ વેગ આપશે.

### શ્રમિકોની વ્યથા: પગારમાં કાપ અને નવી આશા

ગામડાની રિક્ષાઓમાં અને ચા-સમોસાની દુકાનો પર હવે એક જ વાત છે - શું આ નવી યોજનાઓ મોંઘવારી સામે લડવામાં મદદ કરશે? નિષ્ણાતો માને છે કે જો અમલીકરણ સાચું થશે, તો ગંગા-યમુનાના મેદાનોથી લઈને ગુજરાતના બંદરો સુધીના ગ્રામીણ વિસ્તારોમાં ખુશાલી આવશે. સરકારનો ઈરાદો સ્પષ્ટ છે: "ગામડું બેઠું થશે, તો જ દેશ દોડશે."

### મનરેગાના યુગનો અંત? 'VB-G-RAM' યોજનામાં છુપાયેલું છે ભાવી!

ગામડાની ચોપાલ પર અને ખેતરોની પાળે અત્યારે એક જ ચર્ચા છે: શું મનરેગાના દિવસો હવે પૂરા થયા? બજેટના આંકડા જોઈએ તો ચોક્કસ આંચકો લાગે તેમ છે. સરકારે મનરેગાના બજેટમાં 66 ટકાનો ધરખમ કાપ મૂકીને તેને 88,000 કરોડથી ઘટાડીને માત્ર 30,000 કરોડ કરી દીધું છે. પરંતુ, આ સિક્કાની બીજી બાજુ 'વીબી-જી-રામ' (VB-G RAM G) યોજના છે. જાણકારોનું કહેવું છે કે સરકાર હવે મજૂરોને માત્ર ખાડા ખોદવા સુધી મર્યાદિત રાખવા નથી માંગતી. આ નવી યોજના હેઠળ હવે 100 નહીં પણ પૂરા 125 દિવસના કામની લેખિત ગેરંટી આપવામાં આવી છે. જોકે, પડકાર એ છે કે હવે કેન્દ્ર અને રાજ્યએ 60:40 ના રેશિયોમાં ખર્ચ ઉઠાવવો પડશે. ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાન જેવા રાજ્યોમાં જ્યાં શ્રમિકોની સંખ્યા મોટી છે, ત્યાં આ ફેરફાર રોજીરોટીના નવા સમીકરણો રચશે. શું આ નવી યોજના મજૂરોના ખિસ્સામાં પૂરા પૈસા પહોંચાડશે? તે તો સમય જ કહેશે, પણ અત્યારે તો આ આંકડાઓએ બજારમાં ગરમાવો લાવી દીધો છે.

### શ્રમિકોના પરસેવાની કિંમત કેમ ઓછી? વેતનમાં કાપનો કડવો સચ!

ગામડાની ગલીઓમાં અને ખેતરના શેઢે પરસેવો પાડતા મજૂરો માટે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. આંકડા કહે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં શ્રમિકોને મળતું વાસ્તવિક વેતન સરકાર દ્વારા નક્કી કરાયેલા દર કરતાં ઘણું ઓછું રહ્યું છે. ઉદાહરણ તરીકે, ગુજરાતમાં મજૂરોને નક્કી કરેલા 288 રૂપિયાના બદલે માત્ર 264 રૂપિયા જ હાથમાં આવ્યા છે. આવી જ હાલત રાજસ્થાન અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોની છે, જ્યાં તફાવત 50 થી 60 રૂપિયા સુધીનો જોવા મળ્યો છે. સ્થાનિક સૂત્રો અને જાણકારોનું માનવું છે કે વહીવટી ખામીઓ અને વચેટિયાઓને કારણે ગરીબ મજૂરના હક પર તરાપ મારવામાં આવે છે. બજેટમાં 'વીબી-જી-રામ' જેવી મોટી યોજનાઓ તો જાહેર થાય છે, પણ શું તે મજૂરના ઘરના ચૂલા સુધી પૂરા પૈસા પહોંચાડી શકશે?

# ICICI લોમ્બાર્ડનું 25 વર્ષનું બ્રાન્ડ ઝુંબેશ કૃતજ્ઞતાને કેન્દ્રમાં રાખે છે

(એજન્સી) મુંબઇ । તા. 15

ભારતની અગ્રણી ખાનગી જનરલ વીમા કંપની, ICICI લોમ્બાર્ડે એક નવી બ્રાન્ડ ઝુંબેશ - '25 યર્સ ઓફ કીપીંગ પ્રોમિસેસ (વચનો પાળવાના 25 વર્ષ)' લોન્ચ કરીને તેની સફરના 25 વર્ષ પૂર્ણ કર્યા છે. છેલ્લા અઢી દાયકામાં, કંપનીએ સામાન્ય વીમા ઉદ્યોગમાં એક પ્રખ્યાત ખેલાડી તરીકે પોતાને સ્થાપિત કરી છે - 500mn* વધુ ગ્રાહકોને સેવા આપે છે, 60mn* થી વધુ દાવાઓની પ્રક્રિયા કરે છે અને 250mn★ થી વધુ ડ્રાઈવ્સ (મોટર) અને 40mn★ થી વધુ ગ્રાહકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે. આ ઝુંબેશ દ્વારા, કંપનીએ તેના હિસ્સેદારોના ઈકોસિસ્ટમનો કંપનીમાં વિશ્વાસ રાખવા અને તેમના રોજિંદા સપનાઓનું રક્ષણ કરવાની તેમની જવાબદારી બદલ આભાર માન્યો છે.




### સુરક્ષા સાથે અતૂટ પ્રતિબદ્ધતા

આ ઝુંબેશ કંપનીની તેના ગ્રાહકોની સાથે ઊભા રહેવાની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે - તેમના સ્વાસ્થ્ય, ડ્રાઈવ, રજાઓ અને સપનાઓનું રક્ષણ કરે છે. આ બ્રાન્ડની લાંબા સમયથી ચાલતી 'નિભાયે વાદે' ની ફિલસૂફીથી પ્રેરિત છે, એક વચન જેણે તેની શરૂઆતથી જ વીમા પ્રત્યેના તેના અભિગમને આકાર આપ્યો છે. વર્ષોથી, આ ફિલસૂફીના પરિણામે કસ્ટમાઈઝ્ડ પ્રોડક્ટ ઓફરિંગ, સુસંગત સર્વિસ ડિલિવરી, મજબૂત પાર્ટનર ઈકોસિસ્ટમ, માનવીય સ્પર્શ સાથે ટેક-આધારિત પ્રક્રિયાઓ અને ગ્રાહક-પ્રથમ માનસિકતા પ્રાપ્ત થઈ છે.

### ગ્રાહક સુરક્ષા : અમારો સંકલ્પ

આ ઝુંબેશ કંપનીની તેના ગ્રાહકોની સાથે ઊભા રહેવાની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે - તેમના સ્વાસ્થ્ય, ડ્રાઈવ, રજાઓ અને સપનાઓનું રક્ષણ કરે છે. આ બ્રાન્ડની લાંબા સમયથી ચાલતી 'નિભાયે વાદે' ની ફિલસૂફીથી પ્રેરિત છે, એક વચન જેણે તેની શરૂઆતથી જ વીમા પ્રત્યેના તેના અભિગમને આકાર આપ્યો છે. વર્ષોથી, આ ફિલસૂફીના પરિણામે કસ્ટમાઈઝ્ડ પ્રોડક્ટ ઓફરિંગ, સુસંગત સર્વિસ ડિલિવરી, મજબૂત પાર્ટનર ઈકોસિસ્ટમ, માનવીય સ્પર્શ સાથે ટેક-આધારિત પ્રક્રિયાઓ અને ગ્રાહક-પ્રથમ માનસિકતા પ્રાપ્ત થઈ છે - જે જીવનના પડકારોમાં વિશ્વસનીય ભાગીદાર તરીકે બ્રાન્ડની ભૂમિકાને મજબૂત બનાવે છે. આ ફિલ્મ એક મોહક સાઉન્ડટ્રેક સાથે જીવંત બને છે જે ગ્રાહકો માટે - કંપનીમાં તેમના વિશ્વાસ માટે - બ્રાન્ડના વચનને વધુ મજબૂત બનાવે છે કે જ્યારે સુરક્ષાની વાત આવે છે.

### સેમસંગએ પોતાના આગામી AI ફોન માટે ભારતમાં પ્રિ-રિઝર્વનો પ્રારંભ કર્યો

ગુરુગ્રામ | 12 ફેબ્રુઆરી, 2025 - ભારતની સૌથી મોટી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગએ આજે ભારતમાં ગ્રાહકો સેમસંગના આગામી AI ફોનને પ્રિ-રિઝર્વ કરી શકે છે તેવી જાહેરાત કરી છે, જે 25 ફેબ્રુઆરીએ કેલિફોર્નિયાના સાન ફ્રાન્સિસ્કોમાં Galaxy Unpacked ખાતે રજૂ કરવામાં આવશે. ગ્રાહકો આજથી 999 રૂપિયાની રિફંડપાત્ર ટોકન રકમ ચૂકવીને નવા Galaxy S શ્રેણીના ઉપકરણોને પ્રિ-રિઝર્વ કરી શકે છે. આ પ્રિ-રિઝર્વ Samsung.com, સેમસંગ એક્સક્લુઝિવ સ્ટોર્સ, Amazon.in, Flipkart.com અને સમગ્ર ભારતમાં અગ્રણી રિટેલ આઉટલેટ્સ દ્વારા કરી શકાય છે. પ્રિ-રિઝર્વ્ડ ગ્રાહકોને નવા Galaxy S શ્રેણીના ઉપકરણો ખરીદતી વખતે 2699 રૂપિયાના લાભ મળશે. નવી Galaxy S શ્રેણી રોજિંદા ક્રિયા પ્રતિક્રિયાઓને સરળ બનાવવા, આત્મવિશ્વાસ પ્રેરિત કરવા અને Galaxy AI હાથમાં આવે તે ક્ષણથી જ તેને એકીકૃત રીતે સંકલિત અનુભવ કરાવવા માટે બનાવવામાં આવી છે.

**ભારતને ભવિષ્યલક્ષી કૌશલ્યથી સજ્જ બનાવવાનું આયોજન**

# ગાંધીનગરમાં ઈન્ડિયાસ્કિલ્સ પશ્ચિમ ક્ષેત્રીય સ્પર્ધાની શરૂઆત

(એજન્સી) ગાંધીનગર । તા. 09

ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના રાજ્યમંત્રી અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી જયંત ચૌધરીએ આજે ગાંધીનગરમાંગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે પશ્ચિમ રિજનની ઈન્ડિયાસ્કિલ્સ સ્પર્ધા 2025-26નું ઉદ્ઘાટન કર્યું હતું.

કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય (MSDE) દ્વારા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ (NSDC) અમલીકરણ એજન્સી તરીકે કાર્ય કરે છે. ચાર દિવસ ચાલનારી આ સ્પર્ધામાં ભારતના પાંચ પશ્ચિમ રાજ્યો, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા અને મધ્યપ્રદેશના 200 થી વધુ પ્રતિભાશાળી યુવા સ્પર્ધકો સામેલ થયા છે, જેઓ 63 કૌશલ્ય શ્રેણીઓમાં સ્પર્ધા કરશે.

શ્રી જયંત ચૌધરીએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ઈન્ડિયાસ્કિલ્સ પશ્ચિમ ક્ષેત્રીય સ્પર્ધા એ માત્ર એક સ્પર્ધા નથી, પરંતુ ભારતના કુશળ કાર્યબળના નિર્માણ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. તેમણે કહ્યું કે આ ઈવેન્ટ પશ્ચિમ ક્ષેત્રના યુવાનોની મજબૂત ટેકનિકલ કુશળતા, શિસ્ત અને મહત્વાકાંક્ષાને દર્શાવે છે. સાથોસાથ એ દર્શાવે છે કે મજબૂત ક્ષેત્રીય પ્રણાલીઓ કેવી રીતે રાષ્ટ્રીય સ્તરે કૌશલ્ય નિર્માણના માળખામાં યોગદાન આપી શકે છે.

### ભારતના ઔદ્યોગિક વિકાસ માટે પશ્ચિમ ક્ષેત્ર ખૂબ જ મહત્વપૂર્ણ : શ્રી ચૌધરી

પશ્ચિમ ક્ષેત્રના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂકતા, શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે ભારતના ઔદ્યોગિક વિકાસ માટે પશ્ચિમ ક્ષેત્ર ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન જેવા રાજ્યો ઉત્પાદન, રસાયણો, નવીનીકરણીય ઉર્જા, ઓટોમોબાઈલ્સ, કાપડ, રત્નો અને ઝવેરાત, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

**20 ફેબ્રુઆરીથી ખુલશે ગૌડિયમ IVF આઈપીઓ**

# શેરબજારમાં કમાણીનો સુપર વીક ગૌડિયમ IVF અને ફ્રેક્ટલ IPOનો ધડાકો

(એજન્સી) મુંબઈ। તા. 15

શેરબજારના ગલીયારામાં અત્યારે માત્ર એક જ ચર્ચા છે - 'કમાણીનો સુપર વીક'. જો તમે પણ શેરબજારમાં નસીબ અજમાવવા માંગતા હોવ, તો આવતું અઠવાડિયું તમારા માટે જેકપોટ સાબિત થઈ શકે છે. બજારના જાણકારો મુજબ, આગામી સપ્તાહમાં એક મેઈનબોર્ડ અને બે એસએમઈ આઈપીઓ સબસ્ક્રિપ્શન માટે ખુલી રહ્યા છે. ગૌડિયમ આઈવીએફ, ફ્રેક્ટલ ઈન્ડસ્ટ્રીઝ અને યશતેજ ઈન્ડસ્ટ્રીઝ જેવી કંપનીઓ બજારમાં પોતાની ધાક જમાવવા તૈયાર છે. આ તક એવી છે કે જાણે ગંગા કિનારે બેસીને પુણ્ય કમાવવાની લ્હાવણી થઈ રહી હોય. અત્યાર સુધીની તાજી સ્થિતિ મુજબ, રોકાણકારોની નજર સૌથી વધુ ગૌડિયમ આઈવીએફ એન્ડ વુમન હેલ્થ આઈપીઓ પર છે. આ આઈપીઓ ૨૦ ફેબ્રુઆરીએ ખુલશે અને ૨૪ ફેબ્રુઆરીએ બંધ થશે. ૨.૦૯ કરોડ શેરના આ બુક બિલ્ડ ઈશ્યુમાં ૧.૧૪ કરોડ ફ્રેશ શેર છે.




### લિસ્ટિંગનો ધડાકો: બજારમાં એન્ટ્રી

માત્ર આઈપીઓ ખુલશે જ નહીં, પણ લિસ્ટિંગની પણ ધૂમ મચશે. ફ્રેક્ટલ એનાલિટિક્સ અને એઆઈ ફાઈનાન્સ સોમવારે, ૧૬ ફેબ્રુઆરીએ શેરબજારમાં પોતાનું ડેબ્યુ કરવા જઈ રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ લિસ્ટિંગ બજારના મૂડને વધુ તેજ બનાવશે. રિક્ષાવાળાથી લઈને મોટા વેપારીઓ સુધી, દરેક વ્યક્તિ આ લિસ્ટિંગના ફાયદા વિશે વિચારી રહી છે. ફ્રેક્ટલ ઈન્ડસ્ટ્રીઝ આઈપીઓ ૧૬ ફેબ્રુઆરીએ જ ખુલી જશે અને ૧૮ ફેબ્રુઆરી સુધી ચાલશે. ૪૯ કરોડ રૂપિયાના આ ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ ૨૦૫ થી ૨૧૬ રૂપિયા રાખવામાં આવ્યો છે.

# મજબૂત ડોલર-અમેરિકી જોબ ડેટાએ વધારી રોકાણકારોની ચિંતા

**સોના-ચાંદીમાં રોકાણ કરતા પહેલાં સાવધાન**

(એજન્સી) અમદાવાદ । તા.15

બજારમાં અત્યારે સોનાની ચમક કંઈક ઝાંખી પડી રહી હોય તેવું લાગે છે. દોડતા ડોલરે સોનાની રફ્તાર થંભાવી દીધી છે. અમેરિકાના મજબૂત જોબ ડેટા સામે આવ્યા બાદ માત્ર સોનું જ નહીં, પણ ચાંદીની ચાલ પણ સુસ્ત પડી ગઈ છે. રોકાણકારો હવે મૂંઝવણમાં છે કે આ મંદી ક્યાં સુધી ચાલશે? જાણકારોનું માનવું છે કે ડોલર ઈન્ડેક્સમાં આવેલી મજબૂતી અને અમેરિકાના મેક્રો આંકડાઓએ સોનાની તેજીને લગામ લગાવી દીધી છે. અત્યાર સુધીની તાજી સ્થિતિ મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૬માં સોનાના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ૧૩ ફેબ્રુઆરીના રોજ જે કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૧,૮૦,૦૦૦ રૂપિયાની ઐતિહાસિક સપાટીએ હતી, તે ઘટીને અંદાજે ૧,૫૩,૮૦૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકી રોજગારના આંકડા અપેક્ષા કરતા વધુ મજબૂત આવતા વ્યાજ દરમાં ઘટાડાની આશા ધૂંધળી થઈ છે, જેની સીધી અસર બુલિયન માર્કેટ પર પડી છે. જાણો સમગ્ર ઘટના ક્રમ મુજબ, ભારત અને ચીન જેવા દેશોમાં ફિઝિકલ ડિમાન્ડમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. જ્યારે સેન્ટ્રલ બેંકોની ખરીદી અને એઆઈ શેરોમાં વેચવાલીને કારણે સુરક્ષિત રોકાણ તરીકે સોનાને ટેકો મળ્યો હતો, પરંતુ નફાખોરીને કારણે તેજી સીમિત રહી છે.

**20 ફેબ્રુઆરીથી ખુલશે ગૌડિયમ IVF આઈપીઓ**

# યુપીએના આર્થિક કુશાસન પર પ્રહાર અને 38 દેશો સાથે એફટીએ

(એજન્સી) નવી દિલ્હી | તા. 15

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા દિલધડક ઈન્ટરવ્યુમાં ભારતની આર્થિક પ્રગતિ અને વિદેશી રોકાણકારોના અતૂટ વિશ્વાસની વાત કરી છે. પીએમ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, આજે દુનિયાનો ભારત પર ભરોસો વધ્યો છે કારણ કે અહીં રાજકીય સ્થિરતા અને ભરોસાપાત્ર નીતિઓ છે. તેમણે યુપીએ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, તે સમયે માત્ર વાતો થતી અને અધવચ્ચે અટકી જતી, પણ આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. અત્યાર સુધીની તાજી સ્થિતિ મુજબ, પીએમ મોદીએ ૨૦૧૪ પહેલાના સમયને યાદ કરતા કહ્યું કે, ત્યારે આર્થિક કુપ્રબંધન એટલું વધારે હતું કે ભારત મજબૂતીથી પોતાની વાત રજૂ કરી શકતું નહોતું.



### 38 દેશો સાથે એફટીએ અને નાનો વેપારી

જાણો સમગ્ર ઘટના ક્રમ મુજબ, ભારતે અત્યાર સુધીમાં ૩૮ દેશો સાથે મુક્ત વ્યાપાર સમજૂતી (એફટીએ) કરી છે. પીએમે જણાવ્યું કે, આ એફટીએનો મુખ્ય ઉદ્દેશ્ય કાપડ, ચામડા, કેમિકલ અને હસ્તશિલ્પ જેવા ક્ષેત્રોના નાના વેપારીઓ માટે વિદેશી બજારોના દરવાજા ખોલવાનો છે. ગંગા-યમુનાના કાંઠે બેઠેલા નાના કારીગરોથી લઈને બજારના મધ્યમ વર્ગના વેપારીઓ સુધી, દરેકને હવે વૈશ્વિક મંચ પર પોતાનો માલ વેચવાની તક મળશે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકાર ૨૦૨૬-૨૭ સુધીમાં પાયાની સુવિધાઓ પર ૧૨.૨ લાખ કરોડ રૂપિયા ખર્ચવા જઈ રહી છે. પીએમે કહ્યું કે, ભારત હવે 'રિફોર્મ એક્સપ્રેસ'ની ગતિએ દોડી રહ્યું છે.

**IND-UK સમજૂતી // હોટલનું બિલ ન ભરાતા રસ્તા પર આવ્યા, ખેલાડીઓ કલાકો સુધી ભટક્યા**

# એપ્રિલ 2026થી બ્રિટિશ બજારમાં ભારતીય માલની ધૂમ

(એજન્સી) નવી દિલ્હી । તા.15

ભારત અને બ્રિટન વચ્ચેના મજબૂત સંબંધો હવે વેપારના મેદાનમાં નવી ઊંચાઈઓ સર કરવા જઈ રહ્યા છે. જાણકારો અને સરકારી અધિકારીઓના જણાવ્યા મુજબ, ગત વર્ષે જુલાઈમાં થયેલા ઐતિહાસિક 'ભારત-યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ' આગામી એપ્રિલ ૨૦૨૬થી અમલી બને તેવી પૂરેપૂરી શક્યતા છે. આ કરારથી માત્ર વેપાર જ નહીં, પણ ભારત અને લંડન વચ્ચેના આર્થિક સેતુ વધુ મજબૂત બનશે, જેની અસર આપણા દેશના ખૂણે ખૂણે જોવા મળશે. અત્યાર સુધીની તાજી સ્થિતિ મુજબ, ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ બંને દેશોએ 'કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ' પર હસ્તાક્ષર કર્યા હતા. આ સમજૂતી અંતર્ગત ભારતની ૯૯ ટકા નિકાસ બ્રિટિશ બજારોમાં 'ઝીરો ડ્યુટી' એટલે કે કોઈ પણ ટેક્સ વગર પહોંચશે. બીજી તરફ, ભારતના શોખીનો માટે બ્રિટિશ કાર અને વ્હિસ્કી જેવી વસ્તુઓ પર ટેરિફ ઘટાડવામાં આવશે, જેનાથી આ ચીજો સસ્તી થશે. સ્થાનિક બજારોમાં અત્યારથી જ આ કરારને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સ્થાનિક સૂત્રોના મતે, આ સમજૂતીથી કાપડ, આઈટી અને ફાર્મા સેક્ટરના નાના-મોટા વેપારીઓ માટે લંડનના દરવાજા ખુલી જશે. બજારમાં ચર્ચા છે કે હોળી-દિવાળી જેવા તહેવારોમાં હવે ભારતીય બનાવટની વસ્તુઓ બ્રિટનમાં ધૂમ મચાવશે. રિક્ષાવાળાથી લઈને મોટા ઉદ્યોગપતિઓ સુધી, દરેકને આ આર્થિક સુધારામાં પોતાની પ્રગતિ દેખાઈ રહી છે. આ સમજૂતી ખરા અર્થમાં ભારતને વૈશ્વિક વેપારનું કેન્દ્ર બનાવવાની દિશામાં એક મોટું ડગલું છે.બંને દેશોએ 'ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન' (ડીસીસી) પર પણ સહી કરી છે. આનાથી બ્રિટનમાં કામ કરતા ભારતીય કામદારોએ સોશિયલ લેવીનો બેવડો બોજ નહીં ઉઠાવવો પડે.




**જાન્યુઆરીમાં અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ**

# જાન્યુઆરીમાં 19.25 લાખ ટુ-વ્હીલર, 4.49 લાખ પેસેન્જર વાહનોનું વેચાણ

(એજન્સી) અમદાવાદ। તા.15

પેસેન્જર વાહનો અને ટુ-વ્હીલર્સના ડીલર શિપમેન્ટમાં બે આંકડાનો વધારો નોંધાયો છે, જે જાન્યુઆરીમાં અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ છે. આ સૂચવે છે કે જીએસટી સુધારા પછી મળેલી ગતિ પાટા પર સડસડાટ દોડી રહી છે. જાન્યુઆરીમાં પેસેન્જર વાહનોનું જથ્થાબંધ વેચાણ ૧૨.૬ ટકા વધીને ૪૪૯,૬૧૬ યુનિટ થયું છે, જ્યારે ટુ-વ્હીલરનું વેચાણ વાર્ષિક ધોરણે ૨૬.૨ ટકા વધીને ૧૯૨૫,૬૦૩ યુનિટ થયું છે. ડીલરોને ટુ-વ્હીલર શિપમેન્ટમાં સ્કૂટર્સે ૩૭ ટકાનો વધારો નોંધાવ્યો છે, જ્યારે મોટરસાઈકલમાં ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. જોકે, મોટરસાઈકલ એક ઉચ્ચ-વોલ્યુમ શ્રેણી છે, જે કુલ ટુ-વ્હીલર વેચાણમાં ૫૮ ટકાથી વધુ ફાળો આપે છે. ઓટોમોબાઈલ્સ ક્ષેત્રની સંસ્થા સિયામે જણાવ્યું હતું કે, જાન્યુઆરી ૨૦૨૬માં પેસેન્જર વાહનો, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનોએ જાન્યુઆરી ૨૦૨૫ની સરખામણીમાં બે આંકડામાં વૃદ્ધિ સાથે અત્યાર સુધીનું સૌથી વધુ જાન્યુઆરી વેચાણ નોંધાવ્યું હતું.



## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, મહા વદ-14

# બીએનપીની જીતથી ભારતે ખુશ થવા જેવું નથી

બાંગ્લાદેશની ચૂંટણીમાં ભારે બહુમતીથી જીત મેળવનાર બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (બીએનપી)એ ભારત પાસે શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગણી કરી છે. ૨૦૨૪ના ઓગસ્ટ મહિનામાં યુવાનોએ કરેલા હિંસક આંદોલન પછી શેખ હસીના ભાગીને ભારત આવી ગયા હતા. બીએનપીના સિનિયર નેતા સલાહુદ્દીન અહમદએ કહ્યું હતું કે 'વિદેશ મંત્રી પહેલા જ શેખ હસીનાના પ્રત્યાર્પણ બાબતે માંગણી કરી ચૂક્યા છે. અમે પણ આ વાતને ટેકો આપીએ છીએ. અમે હંમેશા કાયદા પ્રમાણે શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગણી કરતા રહ્યા છીએ. અમે ભારત સરકારને પણ વિનંતી કરી છે કે શેખ હસીનાને બાંગ્લાદેશ પરત મોકલે જેથી એમની સામે કાયદેસર પગલા લઈ શકાય.' કેટલાક રાજકીય નિરીક્ષકો એમ માનતા હતા કે બીએનપીની જીતથી ભારતના સંબંધ બાંગ્લાદેશ સાથે સુધરશે. બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓ કાબુમાં આવશે. જોકે જીત પછી બીએનપીના નેતાઓના નિવેદનો જોતા લાગે છે કે, બીએનપીની જીતથી ભારતે ખાસ ખુશ થવા જેવું નથી.લદાખ બાબતે કેન્દ્ર સરકારે સ્પષ્ટ કહી દીધું છે કે લદાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળશે નહીં. કારગીલ ડેમોક્રેટીક એલાયન્સ (કેડીએ) અને લેહ એપેક્સ બોડી (એલએબી) પોતાની માગણીઓ લઈને દિલ્હી પહોંચ્યા હતા. બંને પક્ષો દ્વારા કહેવામાં આવ્યું હતું કે કેન્દ્રએ લદાખને છઠ્ઠી યાદીમાં સમાવેશ કરવાનો પણ ઈન્કાર કરી દીધો છે. છઠ્ઠી યાદીમાં સમાવેશ થાય તો આદિવાસી વિસ્તારોની સ્વાયત્તતા માટે સુરક્ષા, સંસ્કૃતિ અને જમીન વિષયક નિર્ણય લેવાની સત્તા સ્થાનીક તંત્રને મળે છે. ગૃહમંત્રાલય સાથેની મિટિંગમાં લદાખના મોટા નેતાઓ બેઠા હતા. કેન્દ્ર સરકારે એમની સામે ટેરીટોરીયલ કાઉન્સીલની ઓફર મૂકી હતી. આ ઓફર પ્રમાણે લદાખ ઓટોનોમસ હીલ ડેવલોપમેન્ટ કાઉન્સીલર (એલએએચડીસી)ના ચીફને મુખ્યમંત્રી અને ડેપ્યુટી ચીફને ઉપમુખ્યમંત્રીનો દરજ્જો આપી શકાય.રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે પશુચિકિત્સા કેન્દ્રમાં એક સ્વતંત્ર અને અલગ વેટરનરી કાઉન્સીલની સ્થાપના કરવા માંગણી કરી છે. એમણે કહ્યું છે કે પશુઓના સ્વાસ્થ્ય અને દેખરેખ સાથે જોડાયેલા નિર્ણયો પશુચિકિત્સકોના હાથમાં હોવા જોઈએ. ભાગવતે અલગ વેટરનરી કાઉન્સીલ બનાવવાની માગણી પણ કરી છે. એમણે સ્પષ્ટ કહ્યું હતું કે પશુઓના ખાસ કલ્યાણ અને વિકાસ માટે પશુચિકિત્સકો અને નિષ્ણાતોના હાથમાં સત્તા હોવી જરૂરી છે. જે રીતે રમતગમતના ક્ષેત્રોમાં રમતવીરોની જરૂર હોય છે એ જ રીતે પશુશાસ્ત્રની બારીકી સમજવા માટે એક સ્વતંત્ર પરિષદ હોવી જરૂરી છે. એમણે ઉદાહરણ આપતા કહ્યું હતું કે, 'જીસ કા બંદર વહી નચાયે' જો કોઈ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો એક ક્ષેત્રના જાણકારોને જ નિર્ણય લેવાનો અધિકાર હોવો જોઈએ.

ચેક બાઉન્સના કેસમાં એક્ટર રાજપાલ યાદવ દિલ્હીની તિહાર જેલમાં કેદ છે. લાલુ પ્રસાદ યાદવના પુત્ર તેજપ્રતાપ યાદવ અને સોનુ સુદ સહીત કેટલાક ફિલ્મસ્ટારોએ પણ રાજપાલ યાદવને મદદ કરવાની જાહેરાત કરી હતી. જોકે રાજપાલ યાદવના ભાઈ શ્રીપાલ યાદવના કહેવા પ્રમાણે અત્યાર સુધી કોઈએ પણ રાજપાલને આર્થિક મદદ કરી નથી. રાજપાલ યાદવના ખાતામાં કોઈએ રૂપિયો પણ નંખાવ્યો નથી કે એમના કુટુંબનો સંપર્ક પણ કોઈએ કર્યો નથી. રાજપાલ યાદવ ઉત્તર પ્રદેશના શાહજહાપુરનો વતની છે. કુંડરા ગામમાં એનું મકાન પણ છે. રાજપાલ યાદવએ એક ફિલ્મ બનાવવા માટે ખાનગી કંપની પાસેથી પાંચ કરોડ રૂપિયાની લોન લીધી હતી, પરંતુ ફિલ્મ ફલોપ જતા લોન ભરી શક્યો નહોતો. એણે આપેલા ચેક પણ બાઉન્સ થયા હતા.

દિલ્હી હાઈકોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, 'સમાન કામ, સમાન વેતન'નો સિદ્ધાંત ફક્ત હોદ્દા કે કામની સમાનતા પર આધાર રાખી શકે નહીં. કોર્ટે કહ્યું હતું કે જો બે કેડરો વચ્ચે શૈક્ષણીક યોગ્યતામાં અંતર હોય તો એમના વળતરમાં અંતર હોવું સ્વાભાવીક છે. દિલ્હી મેડીકલ ટેક્નીકલ એમ્પ્લોઈઝ એસોસીએશન દ્વારા કેસ દાખલ કરવામાં આવ્યો હતો. એસોસીએશનના લેબ ટેક્નીશિયન જે એમસીડીની હોસ્પિટલોમાં કામ કરે છે એમણે કેન્દ્ર સરકારની લેબોરેટરીમાં કામ કરતા ટેક્નીશિયનો જેટલો પગાર માંગ્યો હતો. એમની દલીલ હતી કે એમનો હોદ્દો અને કામ સમાન છે તો પાંચમા વેતન આયોગ મુજબ એમને પગાર મળવો જોઈએ. જસ્ટીસ અનિલ ક્ષેત્રપાલ અને જસ્ટીસ અમીત મહાજનની ડિવિઝન બેન્ચે અરજી ફગાવી દીધી હતી.

# રાજપીપલા પબ્લીક ગાર્ડન માં બાંધકામ મામલે હાઈકોર્ટ માં જાહેર હીત ની અપીલ

રાજપીપલા | રાજપીપલા ના જાહેર બગીચા ને સહેલાણીઓ માટે ફરવા યોગ્ય રાખવાને બદલે નગરપાલિકા એ વીવીધ બાંધકામ કરતા તે સામે હાઈકોર્ટ માં PIL થતા સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે . બ્રિટિશ રૂલ અને એ પહેલા રાજપીપળા એક સ્વતંત્ર રજવાડું હતું, જેમાં ગોહિલ વંશ નું રાજ હતું, ત્યારે વર્ષ 1920 રાજપીપળા સ્ટેટ ના મહારાજ વિજયસિંહ દ્વારા નગરની પ્રજાને ફરવા ફરવાનો અને બાળકોના આનંદ પ્રમોદ માટેની એક વ્યવસ્થા ઉભી કરવાના ભાગરૂપે પબ્લિક ગાર્ડનનું નિર્માણ કરવામાં આવ્યું હતું, જ્યાં વસવાટ કરતા માછી સમાજ ના 62 જેટલા પરિવારો ને નગરના નવા ફળિયા વિસ્તારમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા..પરંતુ દેશની આઝાદી પછી અસ્તિત્વમાં આવેલી નગરપાલિકા ના ?વહીવટ ના વર્ષો દરમિયાન ગાર્ડનની જગ્યામાં પાકા બાંધકામો કરી આવકના સાધનો ઊભા કરવા ની પ્રક્રિયા શરૂ થઈ હતી તેના ભાગરૂપે એક ટાઉનહોલ બે શુલભ શૌચાલય અને 1 શોપિંગ કોમ્પ્લેક્સ તેમજ ત્યાર બાદ બાળકોના રમતગમતની જગ્યામાં સાધનો તોડી હટાવીને ત્યાં ટેન્ટ આકાર ની 22 જેટલી ફૂડ કોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું હતું જેના માટે કુલ 4,848 સ્કેર ફીટ જગ્યા ને રોકી લેવામાં આવી હતીત્યારે હરવા ફરવા ગ્રીનરી અને બાળકોના રમતગમતની જગ્યાઓનું ભોગ લઈને ત્યાં પાકી ઈમારતો નું બાંધકામ કરી દેવા સામે નગરના લોકોમાં કચવાટ ફેલાયો હતો. પરંતુ નગરપાલિકાના શાશકો દ્વારા આ કચવાટ ને બાજુએ મૂકીને કામગીરી ચાલુ રાખવામાં આવી હતી, આખરે રાજપીપળા નગરના રાજવી પરિવારના યુવરાજ માનવેન્દ્રસિંહ ને મળીને. નગરજનો એ રજૂઆત કરી હતી ત્યારે તેમના દ્વારા પ્રજાના પક્ષે વિવિધ સત્તાવાળાઓ સમક્ષ લેખિત અરજીઓ કરી સદર બાંધકામની કામગીરી નિયમો વિરુદ્ધ હેતુ ફેર કરી કરાતી હોવાનો મુદ્દો ઉઠાવતા રાજપીપળા નગરપાલિકા ને કામગીરી અટકાવી દેવાની ફરજ પડી હતી... પરંતુ આ પાકા બાંધકામોને દૂર કરવામાં આવતા આખરે યુવરાજ માનવેન્દ્રસિંહ હે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જાહેર હિતની અરજી ફાઈલ કરી હતી જેમાં ગઈકાલ 13 ફેબ્રુઆરીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આ મુદ્દે અરજદાર દ્વારાએફિડેવિટ રજુ કરવામાં આવીછે છે જે મુજબ ગાર્ડન ની અંદર એક ટાઉન હોલ બે સુલભ શૌચાલય, સાઈઠ દુકાનનું શોપિંગ કોમ્પ્લેક્સ અને 22 દુકાનોનું ફૂડ કોર્ટ એમ થઈ ગાર્ડન ની કુલ 51,220 સ્ક્વેર ફૂટ જગ્યામાં પાકું બાંધકામ કરાયું હોવાની એફિડેવિટ કરવા માં આવી હોવાનું જાણવા મળે છે . આમ રાજપીપળા નગરના પબ્લિક ગાર્ડનની જગ્યાનો વ્યાપારિક ધોરણે ઉપયોગ કરવા નો મુદ્દો હવે ખૂબ ચર્ચામાં છે ત્યારે હવે જોવાનું છે કે આ મુદ્દે નામદાર હાઈકોર્ટ કેવા પ્રકારના નિર્દેશ આપે છે એ જોવું રહ્યું.

# આહવા શહેરમાં શીખરા પક્ષીનું દુર્લભ દર્શન, જૈવ વૈવિધ્યતાનો સકારાત્મક સંકેત

ડાંગ | ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આજે વહેલી સવારના સમયે શિકારી જાતિનું આકર્ષક શીખરા (Shikra) પક્ષી નજરે પડતાં પ્રકૃતિપ્રેમીઓ અને સ્થાનિકોમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. શહેરના શાંત રહેણાંક વિસ્તારમાં ઊંચા વૃક્ષ પર બેસેલા આ પક્ષીને કેટલાક યુવાનો દ્વારા સૌપ્રથમ જોવામાં આવ્યું હતું. ત્યારબાદ પક્ષીપ્રેમીઓએ દૂરબીન અને કેમેરાની મદદથી તેનું નિરીક્ષણ કરી તસવીરો પણ કેદ કરી હતી.શીખરા એક નાનું પરંતુ અત્યંત ચપળ અને તીક્ષ્ણ નજર ધરાવતું શિકારી પક્ષી છે. તેનું વૈજ્ઞાનિક નામ Accipiter badius છે. રાખોડી-ભૂખરા રંગનું શરીર, લાલચટ્ટ આંખો અને છાતી પર આડી પટ્ટાવાળી રચના તેની મુખ્ય ઓળખ છે. આ પક્ષી મુખ્યત્વે નાનાં પક્ષીઓ, કીડા-મકોડા અને છીપકલીનો શિકાર કરે છે. તેની ઝડપી ઉડાન અને શિકાર કરવાની કુશળતા તેને અન્ય પક્ષીઓથી અલગ બનાવે છે.પર્યાવરણવિદોના જણાવ્યા મુજબ, ડાંગ જેવા જંગલપ્રધાન જિલ્લામાં શીખરા જેવા શિકારી પક્ષીઓનું દર્શન થવું પર્યાવરણની સ્વસ્થતા અને જૈવ વૈવિધ્યતાનો સકારાત્મક સંકેત છે. શિકારી પક્ષીઓ ખોરાક શૃંખલામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને પર્યાવરણનું સંતુલન જાળવવામાં મદદરૂપ થાય છે.શીખરા (Shikra) પક્ષીનો પુરાતન સમયમાં મુખ્યત્વે શિકાર અને બાજીગીરી (Falconry) માટે ઉપયોગ થતો હતો.

# નર્મદા કિનારા ના શિવમંદિર અને આશ્રમો બમ બમ ભોલે ના નાદ થી ગુંજી ઉઠ્યા

## રાજપીપલા માં પણ શિવરાત્રી ની ભવ્ય ઉજવણી

રાજપીપલા | પ્રાપ્ત માહિતી મુજબ અત્રે નર્મદા નદી કિનારે આવેલ મંગલેશ્વર મહાદેવ મંદિર , ધનેશ્વર મહાદેવ , દિવ્યધામ આશ્રમ , મણિનાગેશ્વર મહાદેવ , ગોપાલેશ્વર મહાદેવ , વગેરે આશ્રમો માં શિવરાત્રી ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને વહેલી સવારથી ભક્તજનો ની દર્શન માટેની ભીડ જણાતી હતી . તો રાજપીપલા શહેરમાં પણ વિશ્વેશ્વર મહાદેવ , શિવશક્તિધામ , રાજરાજેશ્વર મંદિર વૈદનાથ મહાદેવ મંદિરો ને પણ શણગારવામાં આવ્યા હતા અને શિવરાત્રી ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અત્રે કરજણ નદી કિનારે આવેલ પૌરાણિક મણિનાગેશ્વર મંદિરે નિષ્કામ કર્મ સેવા ગ્રુપ તરફ થી ભંડારા નું આયોજન કરવામાં આવ્યું હતું , જયારે તાજેતરમાં વાઘ ના ચામડા જ્યાં મળી આવ્યા હતા તે ધર્મેશ્વર મહાદેવ મંદિરે શિવજી ની પૌરાણિક ચાંદી ની ભવ્ય મૂર્તિ દર્શનાર્થે રાખવા માં આવી હતી. આમ શિવરાત્રી ની ઉજવણી માં રાજપીપલા નગરી શિવમય બની ગઈ હતી . નર્મદા નદી કિનારાના વીવીધ આશ્રમો અને મંદિરો માં તેમજ રાજપીપલા શહેર ના શિવમંદિરો માં આજે શિવરાત્રી ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી

# આ મહત્વપૂર્ણ માર્ગથી વિસ્તારના વિકાસ અને સુગમ આવાગમનને નવી દિશા મળશે_અબડાસા ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)



નખત્રાણા-કચ્છ ના સરહદ વિસ્તાર પર આવેલ દેશલપર (ગું.) થી હાજીપીર સુધી (૩૨ કિ.મી.) રૂ. ૮૧.૮૯ કરોડના ખર્ચે નિર્માણ થનાર સી.સી. રોડની કામગીરીનું વિધિવત શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો જેની અગાઉ માન. સરકારશ્રીનાં માર્ગ-મકાન (રાજ્ય) હસ્તકના ખુબ જ ઉપયોગી અને અગત્યના માર્ગનું માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના વરદહસ્તે વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કરેલ ખાતમુહુર્તનું વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા સહીત રાજકીય આગેવાન સામાજિક કાર્યકર હાજર રહી આ કાર્યક્રમ ના સહ ભાગી બન્યા હતા તેમજ દેશલપર (ગું) ગામ સહિત સમગ્ર આજુબાજુના ગામોના સામાજિક આગેવાનો, કાર્યકરો મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા આ અવસરે અબડાસા ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા જણાવેલ કે આ મહત્વપૂર્ણ માર્ગથી વિસ્તારના વિકાસ અને સુગમ આવાગમનને નવી દિશા મળશે એવી લાગણી વ્યક્ત કરાઈ હતી તેમજ કચ્છ જીલ્લા લઘુમતી મોરચા મહામંત્રીશ્રી ગુલામહુસેન બારાચ જેવો નેત્રા ગામના વતની છે માવન તેમજ જીવ દયાની સેવાકીય પ્રવૃતિ સાથે જોડાઇ સેવાકાર્ય સહીત એનક પ્રેરણારૂપ કાર્ય કરેછે જેવો એ આ દેશલપર (ગું.) થી હાજીપીર રોડ બાબતે ત્રણ વર્ષ અગાઉ હાજીપીર દાદા ની મનત માની હતી ત્યારે આજે આ રોડની કામગીરીનું વિધિવત શુભારંભ કાર્યક્રમ યોજાયો જેની ખુશી વ્યક્ત કરી હાજીપીર મધ્યે હાજીપીર ના દર્શન કરી માનતા ઉતારી હતી.

# તિલકવાડા નજીક હાઈવે પર બાઈક ની અડફટે રાહદારી નું મોત

રાજપીપલા | નર્મદા જિલ્લા ના તિલકવાડા નજીક હાઈવે પર પૂરઝપે જતી બાઈક ની અડફટે રાહદારી નું મોત નીપજ્યું હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે .

પ્રાપ્ત માહિતી મુજબ અત્રે તિલકવાડા હાઈવે પર ગોલા તલાવડી ગામ પાસે પગપાળા જઈ રહેલા રાહદારી મંગુભાઇ ઝવેરભાઈ ને પુરઝડપે બાઈક હંકારી જતા દેવાંશુ જતીનભાઈ રાઠવા એ અડફટે લેતા સર્જાયેલ અકસ્માત માં રાહદારી મંગુભાઈ નું મોત નીપજ્યું હતું . તિલકવાડા પોલીસે અકસ્માત સંદર્ભે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે .

### રેલવે તંત્રએ એન્જિન દોડાવી ટ્રાયલ, ટેસ્ટિંગ કર્યું

# ધારી પંથકમાં લાંબા સમયથી બંધ ટ્રેન સેવા શરૂ થવાનાં એંધાણ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધારી અને અમરેલી જિલ્લાના પ્રજાજનો લાંબા સમયથી જેની પ્રતીક્ષા કરતાં હતાં. ટ્રેન હવે ગણતરીના દિવસોમાં જ ફરી પાટા પર દોડતી જોવા મળશે. રેલવે વિભાગે આ રૂટ પર એન્જિન દોડાવીને ટ્રાયલ ટેસ્ટિંગની પ્રક્રિયા પૂર્ણ કરતાં હવે ટ્રેન શરૂ થવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. ધારીથી ડાયરેક્ટ વિસાવદર, તાલાલા, સાસણ (ગીર), જૂનાગઢ અને વેરાવળ જઈ શકાશે છેલ્લાં ઘણા સમયથી ધારી તાલુકાની, રેલવે સેવાઓ બંધ હોવાને કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. પરંતુ તાજેતરમાં રેલવે તંત્ર દ્વારા એન્જિનનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ટ્રાયલ દરમિયાન ટ્રેક અને સિગ્નલિંગ સિસ્ટમની ચકાસણી કરવામાં આવી હતી, જે સંતોષકારક રહી છે. નવી શરૂ થનારી રેલવે સેવાઓથી ધારી સીધું જ વિસાવદર, તલાલા - સાસણ (ગીર) જૂનાગઢ અને વેરાવળ રૂટ સાથે જોડાઈ જશે. રેલવેના ટ્રાયલ રનને પગલે ધારી તાલુકાના અગ્રણીઓ અને વેપારી મંડળોમાં ખુશીની લહેર જોવા મળી છે.ટ્રેન સેવા શરૂ થવાથી પર્યટન ક્ષેત્રે ખાસ કરીને સાસણ ગીર આવતા પ્રવાસીઓ અને વેરાવળ જતાં મુસાફરોને મોટો ફાયદો થશે. તેમજ સ્થાનિક વેપાર રોજગારને પણ ફાયદો થશે રેલ્વે દ્વારા ટ્રાયલ કરવામાં આવતા ધારીના લોકો ને થોડાજ દિવસ માં ટ્રેન શરૂ થવાની આશા બંધાઈ છે.

# કચ્છના નખત્રાણા તાલુકાના યુવા વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર પાર્થ કંસારાએ ગૂગલ સર્વેમાં પ્રથમ સ્થાન મેળવી કચ્છનું ગૌરવ વધાર્યું છે.

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

તાજેતરમાં જાહેર થયેલા ગૂગલ સર્વે મુજબ વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી ક્ષેત્રમાં પાર્થ કંસારા પ્રથમ ક્રમે આવ્યા છે. તેમની અનોખી નજર, પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને દુર્લભ ક્ષણોને કેમેરામાં કેદ કરવાની કળાએ તેમને આ સિદ્ધિ અપાવી છે. નખત્રાણા તાલુકા સહિત સમગ્ર કચ્છ જિલ્લામાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. પાર્થ કંસારાની આ ઉપલબ્ધિને કારણે પરિવારજનો, મિત્રો અને સ્થાનિક લોકોમાં ગર્વની લાગણી વ્યક્ત થઈ રહી છે. વિવિધ સંસ્થાઓ અને આગેવાનો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.પાર્થ કંસારાએ વર્ષો સુધી જંગલ અને રણપ્રદેશમાં રહી વન્યજીવનના અદભૂત દ્રશ્યોને પોતાના કેમેરામાં કેદ કર્યા છે. તેમની મહેનત અને સમર્પણને હવે રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળતા કચ્છના યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત બની ગયા છે.આ સિદ્ધિ સાથે કચ્છનું નામ દેશભરમાં ગુંજી ઊઠ્યું છે અને પાર્થ કંસારાને ચોમેરથી શુભકામનાઓ મળી રહી છે.

# બનાસકાંઠા જીલ્લા માં મહા શિવરાત્રી ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી શિવાલયોમાં ભક્તો ની ભારે ભીડ જોવા મળી હતી



બનાસકાંઠા | બનાસકાંઠા જીલ્લા માં મહાશિવરાત્રી પર્વ ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી જીલ્લા નાં તમામ શિવાલયોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યા હતા પાલનપુર ખાતે પ્રાચિન ઐતિહાસિક કિર્તિ સ્તંભ પર આવેલા પાતેલેષ્વર મહાદેવ મંદિર માં આજે વહેલી સવારથી જ શહેરીજનો મહાદેવ ના દર્શનાર્થે આવી પહોંચ્યા હતા મહાદેવ શિવલિંગ પર બિલિપત્ર ફુલો ચઢાવી ધન્યતા અનુભવી હતી પાતેલેશ્વર મહાદેવ મંદિર માં આજે સવારથી જ શહેરીજનો તથા આજુબાજુના વિસ્તારોમાં થી લોકો ભગવાન ભોળાનાથ નાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા પાલનપુર પાતાલેશ્વર મહાદેવ મંદિર શિવરાત્રી હોવાથી મોડે રાત સુધી ચાલુ રહે છે પાતાલેશ્વર મંદિર ને રંગબેરંગી લાઈટો થી સજાવવામાં આવે છે.

# શિવરાત્રી ના પાવન પર્વ નિમિત્તે તુલશીશ્યામ કામ મેઘનાથ મહાદેવના સાનિધ્યમાં તુલશીશ્યામ ટ્રસ્ટ દ્વારા લઘુરુદ્ર અભિષેક મહા આરતી મહાપ્રસાદ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજે મહાશિવરાત્રીના પવિત્ર દિવસે ભવ્ય શિવરાત્રીનું મહત્વ હોય છે ગરવા ગિરનારમાં મીની કુંભ જુનાગઢ ખાતે મેળો યોજાય છે આ વર્ષથી તુલસીશ્યામ ખાતે પણ ભવ્યઓ આયોજન કરતા મધ્ય ગીરમાં ડુંગરા ઉપર આવેલા આજે સવારથી જ ભગવાન શામના દર્શન કરવા અને કામનાથ મહાદેવના દર્શન માટે લાઈનો જોવા મળી રહી છે મંદિર બાજુમાં આવેલાકામ મેઘનાથ દાદાના દર્શન કરવા પણ લાઈન લાગી હતી તેમજ બપોરના ભવ્ય મહા આરતી અને પૌરાણિક માન્યતા મુજબ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કામનાથ મહાદેવનો પૂજા વિધિ શાસ્ત્રોત વિધિથી લઘુરુદ્ર અભિષેક પાસ શાસ્ત્રી દ્વારા તુલસીશ્યામ ટ્રસ્ટ દ્વારા પૂજા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અનેક લોકોએ લઘુરુદ્ર અભિષેકના દર્શનનો લાભ મળ્યો હતો અને સીતારામ ભોજનાલયમાં હજારો શ્યામ સેવકોએ મહાપ્રસાદ તેમજ ફરાળ વિવિધ આઈટમો દ્વારા ફરાળની ની પણ સુંદર વ્યવસ્થા હતી . જેનો પણ ધાર્મિક લોકોએ લાભ મળ્યો શિવરાત્રી શ્યામ અને કામનાથ મહાદેવ રુક્ષ્મણી વિના ડુંગરા ઉપર ચડવાનો પણ લાભ મળ્યો હતો તેમજ ગરમ કુંડમાં નાહવા નો લાભ પણ લોકોએ માણ્યો હતો આ વર્ષથી શિવરાત્રીનો ની પણ અહીં ભવ્ય ઉજવણી.

# મધ્યગિર બાબરિયા રેન્જમાં બીરાજતા પાતાળેશ્વર મહાદેવના દર્શન ખુલ્યા



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગિર ગઢડા નજીક આવેલા બાબરિયા રેન્જમાં બીરાજતા દેવાધિદેવ પાતાળેશ્વર મહાદેવ મંદિરના દર્શન શિવરાત્રી નિમિત્તે ખુલ્યા છે. જે તા.૧૨થી ૧૮ દરમિયાન સવારે ૮થી સાંજના ૫ સુધી વન વિભાગની પરમીટ લઈ પાતાળેશ્વર મહાદેવના દર્શન કરી શકાય છે. તેમ ઉદાસી મહંત ધરમદાસ બાપુએ જણાવેલ છે. ઉલ્લેખનીય છે કે, શિવરાત્રી દરમિયાન સાત દિવસ તથા શ્રાવણ માસ આખો મધ્યમ ગિરમાં ગિરગઢડા-જામવાળા રસ્તા પર આશરે ૯ કિમી દુર જંગલમાં બિરાજતા પાતાળેશ્વર મહાદેવના દર્શન થઈ શકે છે. આ માટે બાબરિયા રેન્જ ચેક પોસ્ટથી નિઃશુલ્ક પરમીટ પાસ ઈસ્યુ થાય છે. જેનો લાભ હજારો શ્રદ્ધાળુઓ લેશે. ધરમદાસ બાપુના જણાવાયા અનુસાર મહાશિવરાત્રી અંતર્ગત ભાવિકો માટે ચા-પ્રસાદની વ્યવસ્થા કરાઈ છે.

# બનાસકાંઠા જિલ્લામાં આગામી ૧૪ માર્ચે નેશનલ લોક અદાલતનું આયોજન કરાશે

પાલનપુર | આગામી તારીખ ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર અને તાલુકા કાનૂની સેવા સમિતિ, પાલનપુરના ઉપક્રમે પાલનપુરની કોર્ટો તથા બનાસકાંઠા જિલ્લાના તમામ તાલુકા કોર્ટોમાં સન ૨૦૨૬ની પ્રથમ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવશે.આ લોક અદાલતમાં સમાધાનલાયક વિવિધ પ્રકારના કેસો જેમ કે સમાધાનલાયક ફોજદારી કેસો, નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ સંબંધિત કેસો, બેંકના દાવા, વાહન અકસ્માત વળતર સંબંધિત દાવા, વૈવાહિક જીવનની તકરારના કેસો, મજૂર તકરારના કેસો, જમીન સંપાદન સંબંધિત કેસો, પાણી અને વીજળી સંબંધિત કેસો, મહેસુલી દાવા તથા દીવાની તકરારના દાવાઓ સમાધાન માટે મૂકી શકાશે. જે કોઈ પક્ષકારો તેમના સમાધાનલાયક કેસો લોક અદાલતમાં મૂકવા ઈચ્છતા હોય, તેઓએ જાતે અથવા તેમના વકીલ મારફતે પોતાના કેસોની વિગત સાથે સંબંધિત કોર્ટનો સંપર્ક કરવો. તાલુકા કોર્ટમાં ચાલી રહેલા કેસો માટે સંબંધિત તાલુકા કોર્ટનો સંપર્ક કરવાનો રહેશે તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ બનાસકાંઠાના સચિવશ્રી કે.કે.પટેલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# બનાસકાંઠામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે પેરા લીગલ વોલન્ટીયર્સની નિમણૂંક માટે અરજીઓ આમંત્રિત કરાઈ

પાલનપુર | રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, સુપ્રીમ કોર્ટ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ,અમદાવાદના આદેશાનુસાર દિવ્યાંગ વ્યક્તિઓના અધિકારો અંગે લોકોમાં જાગૃતિ ફેલાય અને તેમને મળતા લાભો વિશે માહિતગાર કરી શકાય તે હેતુથી વિવિધ શિબિરોનું આયોજન કરાય છે. આ અનુસંધાને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, બનાસકાંઠાના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રીમતી એસ. કે. બક્ષીના અધ્યક્ષસ્થાને પાલનપુર ખાતે, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના દિશા-નિર્દેશો અનુસાર, દિવ્યાંગ વ્યક્તિઓને પેરા લીગલ વોલન્ટીયર તરીકે નવીન નિમણૂંક જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર દ્વારા કરવામાં આવી રહી છે.પેરા લીગલ વોલન્ટીયર તરીકે નિમણૂંક માટે નીચે મુજબની લાયકાતો જરૂરી છે: (૧) ઉમેદવારે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષા અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ તેમજ અરજદાર ગુજરાતી બોલી અને સમજી શકતા હોવા જોઈએ.

# અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા 'જય અંબે તિથિ ભોજન' યોજના હેઠળ ભોજનના દાતા બનવાની તક

પાલનપુર | ભારતભરના ૫૧ શક્તિપીઠોમાં હૃદયસ્થાન ગણાતું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી ખાતે લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે. યાત્રિકોની સુવિધામાં વધારો કરતા, દાતાશ્રીઓના સહયોગથી અંબાજી ખાતે નિ:શુલ્ક ભોજન પ્રસાદની વ્યવસ્થા 'અંબિકા અન્નક્ષેત્ર' દ્વારા શરૂ કરવામાં આવી છે.હાલમાં 'અંબિકા અન્નક્ષેત્ર' ખાતે યાત્રાળુઓને દરરોજ સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૦૦ કલાક સુધી અને સાંજે ૬:૦૦ થી રાત્રે ૯:૩૦ કલાક સુધી ભોજન પ્રસાદ પીરસવામાં આવે છે. ભોજનના મેનુમાં સવારે પૂરી-રોટલી, બટાકાનું શાક, મિક્સ શાક, દાળ-ભાત અને પાપડ, જ્યારે રાત્રિના સમયે ભાખરી-રોટલી, બટાકાનું મિક્સ શાક, કઢી-ખીચડી અને પાપડ પીરસવામાં આવે છે. વિશેષમાં, દર રવિવારે તેમજ આઠમ અને પૂનમના પવિત્ર દિવસોએ મિષ્ટાનમાં મોહનથાળનો પ્રસાદ આપવામાં આવે છે. સામાન્ય દિવસોમાં અંદાજે ૬,૦૦૦ જેટલા ભક્તો અને રવિવાર કે પૂનમ જેવા દિવસોએ ૭,૦૦૦ થી ૮,૦૦૦ જેટલા શ્રદ્ધાળુઓ આ ભોજન પ્રસાદનો લાભ લઈ રહ્યા છે.ટ્રસ્ટ દ્વારા 'જય અંબે તિથિ ભોજન' નામની એક વિશેષ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

# નાગ જ્યોતિર્લિંગ મહાદેવ મંદિરે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી. હર હર મહાદેવ ના નાદ ગુંજયા.





ડાંગ | દક્ષિણ ગુજરાતનાં પર્વતીય અને વનવિસ્તારથી ઘેરાયેલા ડાંગ જિલ્લોમાં મહાશિવરાત્રીનો પાવન પર્વ ભવ્ય અને ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો. ડાંગ જિલ્લાનાં બિલમાળ ડુંગર પર સ્થિત પ્રસિદ્ધ નાગ જ્યોતિર્લિંગ મહાદેવ મંદિર ખાતે હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો.મહાશિવરાત્રીના અવસરે જંગલની વચ્ચે આવેલા બિલમાળ ધામ ખાતે ચમત્કારિક અનુભવો માટે પ્રસિદ્ધ અનેકરૂપી સ્વામીનો દરબાર ભરાયો હતો.અનેકરૂપી સ્વામીના આશીર્વાદ મેળવવા ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાંથી અંદાજે ૩૫ હજારથી વધુ ભક્તો ઉમટી પડ્યા હતા. સમગ્ર વિસ્તારમાં હર હર મહાદેવના જયઘોષ સાથે આધ્યાત્મિક માહોલ સર્જાયો હતો.ભક્તોની માન્યતા મુજબ નાગ જ્યોતિર્લિંગ મહાદેવ મંદિરે અનેકરૂપી સ્વામીના દર્શન અને આશીર્વાદથી મનોકામનાઓ પૂર્ણ થાય છે.આ વિશ્વાસને કારણે મંદિરના ભક્તોની સંખ્યા માત્ર ગુજરાત સુધી સીમિત ન રહી, પરંતુ પાડોશી રાજ્યોમાં પણ વિશાળ પ્રમાણમાં ફેલાઈ છે.દર વર્ષે મહાશિવરાત્રીના પાવન દિવસે અનેકરૂપી સ્વામીના આશીર્વાદ લેવા તેમના ભક્તો અચૂક અહીં પહોંચે છે. આ વર્ષે પણ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે ઉજવણી સંપન્ન થઈ હતી.

# સહકાર થી સમૃદ્ધિ: ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે બનાસકાંઠામાં બનાસ ડેરીના વિવિધ પ્લાન્ટ્સની મુલાકાત લીધી

પાલનપુર | સહકારથી સમૃદ્ધિ અભિયાન અંતર્ગત ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તેમજ વાવ-થરાદ વિસ્તાર ખાતે આવેલ બનાસ ડેરીના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. તેઓ સવારે પાલનપુર સ્થિત બનાસ ડેરી પ્લાન્ટ ખાતે પહોંચ્યા હતા. પ્રવાસની શરૂઆતમાં રાજ્યપાલશ્રીએ બનાસ ડેરી કેમ્પસમાં આવેલા દુધેશ્વર મહાદેવ મંદિરે દર્શન કર્યા હતા. ત્યારબાદ, ડેરીના બોર્ડ રૂમમાં બનાસ ડેરીની કામગીરી, વિકાસલક્ષી પહેલો અને સહકારી માળખાની સફળતા અંગે પ્રેઝન્ટેશન નિહાળ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, ગુજરાત તથા ઉત્તર પ્રદેશની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ અને અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. રાજ્યપાલશ્રીએ ચીઝ પ્લાન્ટ, યુએચટી પ્લાન્ટ તથા વ્હી પ્લાન્ટની મુલાકાત લઈ ઉત્પાદન પ્રક્રિયાની માહિતી મેળવી હતી.આ પ્રસંગે રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, બનાસ ડેરીનું સહકારી મૉડેલ આજે દેશ માટે ગૌરવ સમાન છે. બનાસના પશુપાલકોએ દૂધ ઉત્પાદન સાથે સાથે વિવિધ વ્યવસાયો ઉભા કરીને આત્મનિર્ભરતા તરફ મક્કમ પગલું ભર્યું છે. ખાસ કરીને મહિલાઓના સશક્તિકરણમાં બનાસ ડેરીએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, નવીન વિચાર અને કંઈક કરી બતાવવાની ભાવના સાથે કરેલી મહેનત ચોક્કસ સફળતા અપાવે છે.

# સુરત પર જીતની ડબલ જવાબદારી, સુરતથી શરૂ થયેલું અભિયાન હવે સમગ્ર ગુજરાતમાં મજબૂત : ગોપાલ રાય









સુરત | આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની વિશેષ ઉપસ્થિતિમાં સુરતમાં કાર્યકર્તા સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જણાવ્યું હતું કે જ્યારથી આમ આદમી પાર્ટીએ સુરતમાં પગ મૂક્યો, ત્યારથી સુરત પર જીતની ડબલ જવાબદારી આવી ગઈ છે. આ આજની વાત નથી. સમગ્ર ગુજરાતમાં પહેલી સભા પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે સુરતમાં કરી હતી અને ત્યારથી સુરતના કાર્યકર્તાઓ સતત પોતાના અભિયાનને આગળ વધારતા રહ્યા છે. વિધાનસભા ક્ષેત્રોમાં ચહેરા બદલાયા, ઘણા લોકો સક્રિય બન્યા, કેટલાક નિષ્ક્રિય રહ્યા, છતાં સુરતે પોતાની જવાબદારી ક્યારેય છોડી નથી. તેમણે જણાવ્યું કે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ગુજરાતમાં જીતની ઉજવણી થઈ ત્યારે સુરતે પોતાની જવાબદારી નિભાવી હતી. ભાજપ દ્વારા વિપક્ષના ધારાસભ્યોને તોડવાના પ્રયાસો થયા, કોંગ્રેસના ધારાસભ્યો પણ તૂટ્યા, છતાં ચૂંટણીમાં જનતાએ પોતાનો નિર્ણય આપ્યો. વિસાવદરની ચૂંટણીમાં પણ વિવિધ રાજકીય પરિસ્થિતિઓ વચ્ચે આમ આદમી પાર્ટીએ મજબૂત લડત આપી.

ગોપાલ રાયે સુરતના કાર્યકર્તાઓ અને પદાધિકારીઓને અભિનંદન આપતાં જણાવ્યું કે વિસાવદરની ચૂંટણી દરમિયાન સુરતના કાર્યકર્તાઓએ સક્રિય ભૂમિકા ભજવી અને સંગઠનની તાકાત દર્શાવી. વિરોધીઓના ગઢમાં જઈ લડવાની ક્ષમતા આમ આદમી પાર્ટી પાસે છે. તેમણે જણાવ્યું કે વિધાનસભા ચૂંટણી પછીથી સુરતના કાર્યકર્તાઓ સાથે સતત સંવાદ રહ્યો છે. સુરતના કાર્યકર્તાઓ હંમેશાં આગળ વધીને જવાબદારી નિભાવે છે. સુરત મહાનગરપાલિકામાં આમ આદમી પાર્ટી વિરોધ પક્ષની ભૂમિકામાં છે, તેથી સંગઠન પ્રત્યે અપેક્ષાઓ વધુ છે. નેતા પ્રતિપક્ષ અને અન્ય કાર્યકર્તાઓ પર સતત દબાણ રહે છે. વોર્ડના પ્રશ્નો, સંગઠનના કાર્યક્રમો, જનતાની માંગણીઓ અને વ્યક્તિગત જવાબદારીઓ, આ બધાની વચ્ચે કાર્યકર્તાઓ નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહ્યા છે.

આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે અલગ-અલગ ઝોન અને વોર્ડમાં કાર્યકર્તાઓ જે કામ કરે છે તેની સાથે મળીને સમીક્ષા થાય તો એકબીજાના કામમાંથી પ્રેરણા મેળવી વધુ મજબૂત રીતે આગળ વધી શકાય. આ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સત્તામાં બેઠેલા લોકો આમ આદમી પાર્ટીથી ડરે છે. ભાજપ સામે લડતા અનેક કાર્યકર્તાઓ પર કેસો થયા, જેલમાં પણ ગયા, છતાં તેઓ તૂટ્યા નથી. ગુજરાતની જમીન પર એક વૃક્ષ કાપશો તો હજારો ઉગશે, તેવી તાકાત કાર્યકર્તાઓમાં છે. આ પ્લેટફોર્મ પરથી ગુજરાતનું નવું નેતૃત્વ ઉભું થશે. તેમણે પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પ્રત્યે ગર્વ વ્યક્ત કરતાં જણાવ્યું કે તેમણે સામાન્ય લોકોને આ પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. વધુમાં જણાવતા કહ્યું હતું કે આવનારી ચૂંટણી સેમિફાઈનલ સમાન છે.

**પત્ની પિયરથી પરત ન આવતા જમાઈ બન્યો જમ**

## નારોલમાં ભાઈ સાથે મળી સસરાની કરી ઘાતકી હત્યા

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં શનિવાર, 14 ફેબ્રુઆરી 2026 ની મોડી રાત્રે એક લોહીલુહાણ ઘટના ઘટી હતી, જેમાં પત્ની પિયરથી પરત ન ફરતા ઉશ્કેરાયેલા જમાઈએ તેના જ સસરાની હત્યા કરી નાખી છે. આરોપી ઈબ્રાહિમ મન્સૂરીએ તેના ભાઈ મુસ્તુફા મન્સૂરી અને અન્ય એક શખ્સ સાથે મળીને સસરા અજીજભાઈ મન્સૂરી પર તીક્ષ્ણ હથિયારથી જીવલેણ હુમલો કર્યો હતો. પત્ની પિયરમાં બીમાર માતા અને ભાભીની સેવા કરવા રોકાઈ હોવા છતાં, શંકા અને ગુસ્સામાં પાગલ બનેલા જમાઈએ આ હિચકારું કૃત્ય આચર્યું હતું. ગંભીર રીતે ઈજાગ્રસ્ત અજીજભાઈનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ઘટનાની વિગતો મુજબ, ઈબ્રાહિમની પત્ની છેલ્લા 10 દિવસથી પિયરમાં હતી. વારંવાર બોલાવવા છતાં પત્ની પરત ન આવતા ઈબ્રાહિમ ગત રાત્રે સાસરીમાં પહોંચ્યો હતો અને ત્યાં બુમાબુમ કરી માથાકૂટ શરૂ કરી હતી. સસરા અજીજભાઈએ તેને શાંત પાડવાનો પ્રયાસ કરતા ઈબ્રાહિમ ગાળાગાળી કરી ત્યાંથી જતો રહ્યો હતો. જોકે, અડધા કલાક બાદ તે પોતાના ભાઈ અને અન્ય શખ્સો સાથે પાછો આવ્યો અને સસરા સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ વિવાદ એટલો વકર્યો કે ઈબ્રાહિમે છરીના ઘા ઝીંકી દીધા હતા અને સસરા નીચે પડી ગયા બાદ પણ તેમને નિર્દયતાથી લાતો મારી હતી. હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં અજીજભાઈને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તીક્ષ્ણ હથિયારના ઘા ઊંડા હોવાથી અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે ટૂંકી સારવાર બાદ તેમણે દમ તોડ્યો હતો. સસરાને મોતને ઘાટ ઉતારીને આરોપી જમાઈ અને તેનો ભાઈ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા છે. આ બનાવથી પરિવારમાં માતમ છવાઈ ગયો છે અને લોકો જમાઈના આવા રાક્ષસી વ્યવહાર પર ફિટકાર વરસી રહ્યા છે. બનાવની જાણ થતા જ નારોલ પોલીસ (Narol Police) કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતકના પરિવારજનોના પ્રાથમિક નિવેદન નોંધીને હત્યાનો ગુનો દાખલ કર્યો છે.

## નિરોણા ગામહાર્ટની ૨ મહિનામાં અંદાજિત ૧૫૦૦ થી વધુ લોકોએ લીધી મુલાકાત

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા-કચ્છ માં આવેલ નિરોણા ગામે ગામહાર્ટની આ સીઝનમાં ખરીદી કરવા માટે ખૂબ મોટી સંખ્યામાંટૂરિસ્ટો મહેમાન બન્યા છે જેવોની વિસ્તૃત માહીતી આપતા ગામનાં સરપંચ શ્રી એન ટી આહીરે જણાવેલ કે ૨ મહિનાની અંદર દેશ વિદેશથી અંદાજિત ૧૫૦૦ થી વધુ લોકો એ ગામહાર્ટની મુલાકાત લીધી છેટૂરિસ્ટો મુખત્યવે જામનગર અમરેલી કેનેડા અમદાવાદ દિલ્હી ડીસા પાલનપુર છાતીસગઢ હિમાચલપ્રદેશ મુંબઈ બેંગલોર સુરત પોરબંદર ભચાઉ સુરત બનાસકાંઠા પુણે ઉતરપ્રદેશ ચેન્નઇ વડોદરા નખત્રાણા હૈદરાબાદ ઈન્દોર પંજાબ કોલકતા ગાંધીધામ ગાંધીનગર ઈટલી આફ્રિકા તમિલનાડુ ભરૂચ રાજસ્થાન ફ્રાન્સ રાજકોટ ઓડિશા ધોલપુર અંજાર ભાવનગર કેનેડા નવસારી જૂનાગઢ જાપાન સોમનાથ કર્ણાટક મધ્યપ્રદેશ હરિયાણા વાપી લખપત જોધપુર વલસાડ માંડવી મહેસાણા ઓસ્ટ્રેલિયા સ્પેન ઈન્દોર મેક્સિકો કોલાપુર મહારાષ્ટ્ર સહિતના લોકોએ મુલાકાત લીધી છે જે બાબત અમારા માટે ખૂબ સારી છે જેનો અમો ગર્વ લઈએ છીએ વધુમાં જણાવેલ કે અહીંયા સુંદર પાર્કિંગ ઓછા સમય માં તમામ પ્રખ્યાત કલાઓ જોઈ અને ખરીદી કરી શકીએ છીએ.

## નેશનલ હાઈવે પર આવારા તત્વોએ તીક્ષ્ણ હથિયારો અને લાકડીઓથી કોળી સમાજના આગેવાનને મારવાની કોશિશ કરી: પિયુષ પરમાર AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઓબીસી સેલના પ્રમુખ પિયુષ પરમારે એક વીડિયોના માધ્યમથી એક ગંભીર મુદ્દા પર પોતાની વાત કરતા જણાવ્યું હતું કે, ગતરાત્રે કોળી સમાજના આગેવાન અને મઢુલી ગામના કોળી સમાજના પ્રમુખ ધીરુભાઈના પરિવાર પર અમુક આવારા તત્વો દ્વારા જાનથી મારી નાખવાની કોશિશ કરવામાં આવી. આ હુમલાના વિડીયો પણ પરિવારે ઉતાર્યા છે. નેશનલ હાઈવે પર આવારા તત્વો આવીને તીક્ષ્ણ હથિયારો અને લાકડીઓ લઈને ખુલ્લેઆમ ધીરુભાઈ અને તેમના પરિવારની મહિલાઓને મારવાની કોશિશ કરે છે. આ પરિવાર એ હુમલાખોરોને ઓળખતા પણ નથી. માટે પરિવારનું માનવું છે કે આ હુમલાખોરોને કોઈએ સોપારી આપી હોય એવું લાગી રહ્યું છે. નેશનલ હાઈવે પર એક પરિવાર પર જીવલેણ હુમલો થાય છે તો ક્યાં છે સુરક્ષાની વાતો કરનારી પોલીસ? ગુજરાતના ગૃહમંત્રી અને SPને અમારો સવાલ છે કે આ છે ગુજરાતની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા? વધુમાં AAP નેતા પિયુષ પરમારે જણાવ્યું હતું કે, આ મોટો સવાલ છે કે કોણે ધીરુભાઈના પરિવારની સોપારી આપી અને કોણે હુમલો કરાવ્યો? ગઈકાલે ધીરુભાઈ FIR દાખલ કરવા ગયા પણ હજુ સુધી તેમની FIR દાખલ કરવામાં નથી આવી, તો તંત્ર શું કરી રહ્યું છે? કોળી સમાજના આગેવાનોને હું કહેવા માંગીશ કે અમે તો આ મુદ્દા પર પૂરો સાથ સહકાર આપી રહ્યા છીએ પરંતુ સમાજના આગેવાનોની પણ જવાબદારી છે આ મુદ્દા પર પોતાનો સહકાર આપે. કારણ કે આવા તત્વોને જો છાવરવામાં આવશે તો સામાન્ય લોકોનું જીવન જીવવું મુશ્કેલ બની જશે. ધીરુભાઈની ન્યાયની લડાઈમાં હું પોતે પિયુષ પરમાર અને સમગ્ર આમ આદમી પાર્ટી ધીરુભાઈ અને તેમના પરિવારની સાથે ઊભા છીએ. હુમલો કરનાર જે લોકો છે તે લોકો પર ભૂતકાળમાં મર્ડર, ખંડણી જેવા ગંભીર ગુનાઓ દાખલ થયેલા છે. આ અગાઉ પણ આ પરિવારના નાના દીકરા પર હુમલો થયો હતો, તો શું એ ઘટના સાથે પણ ગઈકાલની ઘટનાના તાર જોડાયેલા તો નથી ને? માટે અમારી માંગ છે કે આ મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અને પરિવારને ન્યાય આપવામાં આવે.

## ચાણસ્માના ભાટસર ગામે નાગેશ્વર મહાદેવ ખાતે મહાશિવરાત્રીની ઉમંગભેર ઉજવણી કરાઈ

ચાણસ્મા | ચાણસ્મા તાલુકાના ભાટસર ગામે આવેલા પાટણ જિલ્લાના એકમાત્ર ચમત્કારિક પારદ નાગેશ્વર શિવાલય ખાતે મહાશિવરાત્રી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાઈ હતી લઘુરૂદ્ર હવનના આયોજન સાથે ૩૩ કોટી રામદેવજી મહારાજની પાટ પુજા સહિત ભજન સંધ્યાના કાર્યક્રમનું આયોજન કરાયું હતું જ્યારે ફરાળી પ્રસાદ (ભોજન) દાતા દ્વારા સવારથી સાંજે 7 વાગ્યા સુધી દર્શનાર્થે આવતા શિવભકતો માટે ફરાળી ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી જ્યારે શિવભક્ત મનહરભાઈ પ્રજાપતિ ડાહ્યાભાઈ દેસાઈ સહિત શિવભક્તો દ્વારા શિવરાત્રી મહોત્સવનું સુંદર આયોજન કરાયું હતું. સવારથી લઈને સાંજે 7 વાગ્યા સુધી દર્શનાર્થે આવતા તમામ શિવભક્તો માટે ફરાળી પ્રસાદ (ભોજન) ની સુંદર વ્યવસ્થા દાતા દ્વારા કરવામાં આવી હતી.આ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે શિવભક્ત મનહરભાઈ પ્રજાપતિ, ડાહ્યાભાઈ દેસાઈ તેમજ અન્ય શિવભક્તોએ ભારે જહેમત ઉઠાવી સુંદર અને સુવ્યવસ્થિત આયોજન કર્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ ઉમટી પડી દર્શન-પ્રસાદનો લાભ લીધો હતો.

## નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે ચાર જોડી હોળી સ્પેશિયલ ટ્રેનો ચલાવશે



માલીગાંવ | ભારતીય રેલ્વે ફરી એકવાર તહેવારોની ભીડમાં ખાસ ટ્રેનો શરૂ કરીને મુસાફરોની સુવિધા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ભારતીય રેલ્વે આ વર્ષે ૧૫૦૦ ખાસ ટ્રેનો ચલાવવા માટે તૈયાર છે, જે મુખ્ય રૂટ પર સરળ અને વધુ આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરશે. આ સક્રિય આયોજન તહેવારોની માંગને પહોંચી વળવા અને લાખો મુસાફરો માટે વિશ્વસનીય મુસાફરી વિકલ્પો પૂરા પાડવા માટે ભારતીય રેલ્વેના સમર્પણને પ્રકાશિત કરે છે.

આ પહેલને અનુરૂપ અને હોળીના તહેવારની મોસમ દરમિયાન વધેલી મુસાફરોની માંગને સમાવવા માટે, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ હાલમાં ચાર (૦૪) જોડી ખાસ ટ્રેનોનું આયોજન કર્યું છે, જેમાં આગામી દિવસોમાં વધુ ટ્રેનોની જાહેરાત કરવામાં આવશે. આ ખાસ ટ્રેનો નારંગી-ગોરખપુર-નારંગી, કટિહાર-અમૃતસર-કટિહાર, દિબ્રુગઢ-ઝાંઝરપુર-દિબ્રુગઢ અને દિબ્રુગઢ-કોલકાતા-દિબ્રુગઢ વચ્ચે દોડશે.

ખાસ ટ્રેન નં. ૦૫૬૩૩ (નારંગી-ગોરખપુર) ૧૯ ફેબ્રુઆરીથી ૨૬ માર્ચ ૨૦૨૬ સુધી દર ગુરુવારે દોડશે, જે નારંગીથી ૧૩:૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૩:૦૦ વાગ્યે ગોરખપુર પહોંચશે. તેવી જ રીતે, ખાસ ટ્રેન નં. ૦૫૬૩૪ (ગોરખપુર-નારંગી) ૨૦ ફેબ્રુઆરીથી ૨૭ માર્ચ ૨૦૨૬ સુધી દર શુક્રવારે દોડશે, જે ગોરખપુરથી ૧૬:૫૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૨૧:૪૦ વાગ્યે નારંગી પહોંચશે. બંને ટ્રેનો ૬-૬ ટ્રીપ માટે દોડશે.

ખાસ ટ્રેન નં. ૦૫૭૩૬ (કટિહાર-અમૃતસર) ૧૮ ફેબ્રુઆરીથી ૨૫ માર્ચ ૨૦૨૬ સુધી દર બુધવારે દોડશે, જે કટિહારથી ૨૧:૦૦ વાગ્યે ઉપડશે અને શુક્રવારે ૦૯:૪૫ વાગ્યે અમૃતસર પહોંચશે. તેવી જ રીતે, ખાસ ટ્રેન નં. ૦૫૭૩૫ (અમૃતસર-કટિહાર) ૨૦ ફેબ્રુઆરીથી ૨૭ માર્ચ ૨૦૨૬ સુધી દર શુક્રવારે દોડશે.

## સાબરમતી સ્ટેશન પર પુનર્વિકાસ હેઠળ હાઈ-રૂફ નિર્માણ માટે ટ્રસ (Truss)નું સફળ લોન્ચ મુસાફરોની સુવિધાઓને મળશે નવું આયામ



અમદાવાદ | ભારતીય રેલ દ્વારા મુસાફરોની સુવિધાઓના ઉન્નયન અને આધુનિક અવસંરચના વિકાસની દિશામાં સાબરમતી સ્ટેશનનું પુનર્વિકાસ કાર્ય ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. આ પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ સ્ટેશન પર ટ્રેકો ઉપર વિશાળ હાઈ-રૂફ અને કોન્કોર્સનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે સ્ટેશનને આધુનિક સ્વરૂપ મળશે તેમજ મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાશેતારીખ 15.02.2026ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે સ્ટેશન પર ઝડપી ગતિએ ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું વિગતવાર નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે પ્લેટફોર્મ સંખ્યા 4/5 અને 2/3 ઉપર હાઈ-રૂફ નિર્માણ માટે લોન્ચ કરવામાં આવેલા 28 મીટર લાંબા ટ્રસનું અવલોકન કર્યુંનિર્માણાધીન હાઈ-રૂફનું પ્લેટફોર્મ સંખ્યા 4 થી 7 વચ્ચે ટ્રસ લોન્ચિંગનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીનો ભાગમાં કાર્ય પ્રગતિ પર છે. જે પ્લેટફોર્મ સંખ્યા 7 થી પ્લેટફોર્મ સંખ્યા 1 સુધી તેમજ આગમન ફૂટઓવર બ્રિજથી સર્ક્યુલેટિંગ વિસ્તાર સુધી વિસ્તારિત થશે.કોન્કોર્સ ક્ષેત્રમાં વિશાળ પ્રતીક્ષાલય (વેટિંગ હોલ) અને ફૂડ પ્લાઝા જેવી આધુનિક સુવિધાઓ પણ હશે, જેના દ્વારા મુસાફરોને વધુ સારો આરામ અને ભોજનની સુવિધા પ્રાપ્ત થશે. કોન્કોર્સનું ક્ષેત્રફળ અંદાજે 110+36 વર્ગમીટર હશે. જ્યારે હાઈ-રૂફનું માપ 122+171 મીટર તથા 88+110 મીટર રહેશે, જેનાથી કુલ અંદાજે 30,542 વર્ગમીટર ક્ષેત્ર ટ્રેકો ની ઉપર કવર હશે. આ છત પ્લેટફોર્મથી અંદાજે 65 ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવી રહી છેઆ જ ક્રમમાં 28+4.25+3.25 મીટર કદ અને અંદાજે 26 ટન વજન ધરાવતી એક વિશાળ ટ્રસને 65 ફૂટની ઊંચાઈએ 810 ટન ક્ષમતા ધરાવતી ક્રેનની મદદથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવી. કાર્યસ્થળની પડકારજનક પરિસ્થિતિઓ હોવા છતાં આ કાર્ય 8 કલાકના મેગા બ્લોક દરમિયાન સુરક્ષિત અને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

# શિવરાત્રિ એટલે શિવ પૂજન,જપ ની “રાત્રિ” મહત્વ,કેમ?....

મેરા કર્મ તું હિ બતા દે,ક્યાં બુરા હૈ ક્યાં ભલા,
તેરેહ રસ્તે પે મેં તોહ, આંખ બુંદ કે ચલા,
જય હો જય હો શંકરા,
આદિ દેવ શંકરા

૨૦૨૬ માં શિવરાત્રિ નો તહેવાર સાચા અર્થ માં શિવ આનંદ ની રાત્રિ નો તહેવાર છે.આ વર્ષે તિથિ નો સિદ્ધ સુમેળ સંયોગ માં રવિ અને સોમ બન્ને દિવસ શિવરાત્રિ છે. શિવ ભક્તો ને મન બન્ને દિવસો શિવોત્સવ ની રાત્રિ અને દિવસ નું પ્રયોજન છે.રવિવારે સાંજે ૫ વાગ્યા બાદ શિવરાત્રિ બેસે છે અને સોમવારે સાંજે ૫:૩૦ સુધી શિવરાત્રિ છે.શિવરાત્રિ એટલે શિવ પૂજન,જપ ની “રાત્રિ” મહત્વ,કેમ? પુરાણ અનુસાર શિવરાત્રિ ને ઉત્સવ ની રાત્રિ માની છે આ દિવસે ભગવાન શિવ ના માતા પાર્વતીજી સાથે વિવાહ થયા હતા.શિવરાત્રિ ના દિવસે શિવ ની નગરી વારાણસી માં વ્રત ઉપવાસ નથી થતા ત્યાં આખો એક આખો દિવસ,રાત્રિ અને બીજા અડધા દિવસ સુધી શિવરાત્રિનો ઉત્સવ ચાલે છે.દક્ષ પ્રજાપતિ ના અહંકારી યજ્ઞ માં પતિ નું અપમાન સહન ન થતા માતા સતી અગ્નિ માં ભસ્મ થયા બાદ સતી ના વિરહ માં યુગો, કાળ વિસરી ને ભગવાન શિવે વૈરાગ્ય ધારણ કરીને તપ કરવા બેસી ગયા હતા. હિમાલય ને ત્યાં માતા સતી નો પુનર્જન્મ પાર્વતી સ્વરૂપે થયો ત્યારે નારદજી એ શિવ સ્તુતિ કરીને ભગવાન શિવ ને તપ માંથી જગાડી ને પુનર્લગ્ન માટે વિનંતિ કરી હતી પરંતુ પત્ની સતીનો વિયોગ માં ભગવાન શિવ નું મન વ્યથિત હતું.નારદજી એ એના આરાધ્ય ભગવાન શિવ ને હિમાલય ની પુત્રી પાર્વતી ના રહસ્ય વિશે માહિતી આપી ત્યારે પત્ની સતી સાથે પુનર્મિલન માટે ભગવાન શિવ એ નારદજી ને લગ્ન માટે મંજૂરી આપી દીધી હતી. શિવપુરાણ અનુસાર “શિવ પાર્વતી” ના વિવાહિત્સવ વારાણસી માં ઘણા દિવસો મહીનાઓ ચાલ્યો હતો.

ભગવાન બ્રહ્માજી એ શિવ પાર્વતી જી ના લગ્ન નું શુભ મુહૂર્ત રાત્રિ ના ૧૨ના નક્કી કર્યું હતું. આમપણ જ્યોતિષ શાસ્ત્ર એ બપોર અને રાત્રિ ના ૧૨ વાગ્યા ના મુહૂર્ત ને વિજય મુહૂર્ત સ્થાપિત કર્યું છે. આ મુહૂર્ત માં થતા વિવાહિત જોડા પર “શિવ પાર્વતી” જેવા પ્રેમાળ દાંપત્ય જીવનની મોહર લાગી જાય છે. વારાણસી માં દર વર્ષે શિવરાત્રિની રાતે “શિવ પાર્વતી” ના લગ્ન મહોત્સવ થાય છે. જેમાં પાર્વતીજી ના પક્ષ ના સભ્યો ઉપવાસ કરે છે ને ભગવાન શિવ એ લગ્ન માટે મંજૂરી આપતા શિવલોકમાં શિવગણો માં ઉત્સાહમાં લગ્ન પ્રસંગનો આનંદ અધિક છે એટલે વારાણસીમાં શિવરાત્રિ નું વ્રત થતું નથી.કાશી પતિ ના વિવાહ નિમિતે કાશી માં વરપક્ષ અને કન્યા પક્ષ માં લોકો વહેચાઈ જાય છે. ભગવાન ભોળાનાથ ને અર્પણ કરેલ ભાંગનો પ્રસાદ ગ્રહણ કરીને શિવ ભક્તો શિવ પાર્વતી ના લગ્ન પ્રસંગની તૈયારીઓના કામે લાગી જાય છે. રાત્રિ ના ૧૨ વાગ્યે પ્રભુ ના મંગલ લગ્ન પ્રસંગ માં ભગવાન શિવ નું “ૐ નમઃ શિવાય” ના આકાશ ભેદી નારા માં કપાળે ભસ્મ લગાવી ને ધામધૂમ થી માનુની ના મંગલ ગીતો માં ઢોલ, નગારા અને ડમરુ ના ધ્વનિ માં ભોળાનાથ નો વરઘોડો યાત્રા આખા વારાણસી માંથી પસાર થાય છે.દર વર્ષે શિવરાત્રિ ના તહેવાર નિમિત્તે મોટાપાયે લાખો લોકો ગુજરાતના જૂનાગઢ માં આવેલા ભવનાથ ની તળેટી ના ભવનાથ મંદિરમાં ઉમટે છે. ભવનાથ મંદિરમાં ના મેળા માં ભૂલ થી પણ સિદ્ધ યોગી ના દર્શન થઈ ગયા તો સમજો આયખું સફળ થઈ ગયું. માન્યતા કહો કે ચમત્કાર શિવરાત્રિ ની રાત્રિએ ભગવાન ભોળાનાથ ખુદ ભવનાથ ના મેળા માં સાધુ સ્વરૂપે કૈલાશ થી શિવ ગણો સાથે પધારે છે. ગિરનાર ના ગુરૂશીખર પર્વત પરથી ભગવાન ભોળાનાથ ના દર્શન માટે ગુરુ દત્તાત્રેય પણ મેળા માં પધારે છે.



**શિવરાત્રિ નું વ્રત**

**- રુપાલી દવે**

ભાગ્યશાળી લોકોને જ “ભગવાન ભોળાનાથ અને ગુરુ દત્તાત્રેય” ના દર્શન થાય છે. દર વર્ષે ભવનાથના મેળા માં વિવિધ અખાડા ના સાધુ સંતો,અઘોર પંથ,નાગા બાવા નો સંઘ વગેરે હર હર મહાદેવ નો નાદ માં વિવિધ કરતબ કરતા કરતા મૃગીકુંડ માં પવિત્ર સ્નાન કરવા ઉતરે તો છે પણ મૃગીકુંડ માં પ્રવેશ કર્યા બાદ ભગવાન શિવ અને શિવ ગણો સાથે ગુરુ દત્તાત્રેય પણ અદશ્ય થઈ જાય છે.આ કારણોસર ભવનાથ મંદિર મેળા માં મૃગીકુંડ ની અંદર પ્રવેશનાર સાધુ સંતોની સંખ્યા વધારે હોય છે ને બહાર આવનાર ની ઓછી થઈ જાય છે.

શિવ રાત્રિ ના વ્રત ની કથા :

એક પારધી વનમાં શિકાર કરવા નીકળ્યો ત્યારે એ વન માં ખૂબ ભટક્યો છતાંય એને શિકાર માટે પ્રાણી મળતા નહતા.આખરે કંટાળીને એ બીલી ના ઝાડ નીચે બેઠો ત્યારે રાત્રિ ના પ્રથમ પ્રહર માં નજીક ના ઝરણાં માં હરણ ના પાણી પીવાનો અવાજ સાંભળતા શિકારી એ બાણ પ્રત્યંચા ચડાવી ને શિકાર કરવા નો નિર્ણય કર્યો. ત્યાં હરણ ને વાચા આવતા એ બોલ્યું કે મારા પર દયા કર હું મારા ભૂખ્યા બાળકો ને શોધી રહ્યો છું જમાડી ને આવું પછી શિકાર કરજે..શિકારી ને દયા આવી ને હરણ ને મુક્ત કર્યું ત્યાં એની નજર બોલી પત્ર ના ઝાડ નીચે ઢંકાયેલ શિવ લિંગ પર પડતાં જ એણે ફટાફટ શિવલિંગ ઉપર ના સુકાયેલા બીલીપત્ર દૂર કર્યા.

ઝરણાં માંથી સિદ્ધ જળ લાવીને ભગવાન શિવ ના શિવલિંગ પર જળ અર્પણ કર્યું.તાજા બીલી પત્ર તોડી ને શિવલિંગ પર ચડાવ્યા ને પાકા બીલી ફળ નો પ્રસાદ ભોગ ધરાવ્યો.

રાત્રિ નો બીજો પ્રહર થતાંજ પુનઃ પાણી પીવાનો અવાજ આવતા શિકારી એ શિકાર કરવાનો નિર્ણય કર્યો ત્યાં બીજા હરણ ને વાચા આવતા એ બોલ્યું કે પારધી,હું કલાકો થી મારા પતિ અને બાળકો ને શોધી રહી છું ભૂખ્યા તરસ્યા બાળકો ને મળીને આવું છું.હરણીની વાત કાને પડતાં જ શિકારી ને ભૂખ થી ટળવળતા પોતાના બાળકો યાદ આવતા જ હરણી ને છોડી દીધી. રાત્રિ ના ત્રીજા પ્રહર માં હરણ ના બે નાનકડાં બચ્ચા ઝરણા માં પાણી પીવા આવ્યા ત્યારે શિકારી એ જેવી તીર બચ્ચા તરફ છોડવા પ્રયત્ન કર્યો ત્યાં હરણ અને હરણી આવી ને બોલ્યા કે અમારા નિર્દોષ બચ્ચા ને છોડી દે અમે તારા શિકાર છીએ અમારા પર તીર છોડ..


આખો દિવસ ભૂખ્યા તરસ્યા જાણે અજાણે ઉપવાસ સાથે શિવલિંગ ની પૂજા અર્ચના કરવાના લીધે શિકારી પર ભગવાન શિવ પ્રસન્ન થાય ને એને એનો પૂર્વ જન્મ નો વૃત્તાંત યાદ અપાવ્યો.શિકારી ને પૂર્વ જન્મ યાદ આવતા એણે હરણ, હરણી અને બચ્ચાઓને મુક્ત કરીને શિકારી વૃતિ છોડી ને શિવ શરણ નો આશ્રય પકડી લીધો.

પૂજા વિધિ :

રાત્રે ૧૨ વાગ્યા થી સવારે ૪ વાગ્યા શિવરાત્રિ ના વ્રત ના પૂજનનું વિશેષ મહત્ત્વ છે. શિવલિંગ પર અક્ષત ચોખા ચડાવવાથી ધનની પ્રાપ્તિ થાય છે, શિવલિંગ પર મધ નો અભિષેક કરવાથી રોગ,શત્રુ, કોર્ટ કચેરી વગેરે સમસ્યા હલ થાય છે. શિવલિંગ પર ઘી નો અભિષેક કરવાથી મોક્ષ ની પ્રાપ્તિ થાય છે. શિવલિંગ પર શેરડી નો અભિષેક કરવા થી ધનપ્રાપ્તિ થાય છે.આ દિવસે રુદ્રાક્ષ ને દૂધ માં મૂકી ને રાત્રિ ના બીજા પ્રહર માં પંચામૃત થી અભિષેક કરવાથી ભય,રોગ, નજર,પિતૃ પીડા જેવી અનેક સમસ્યા હલ થાય છે.

પ્રસાદ : ભગવાન ભોળાનાથ ને શિવરાત્રિ ના તહેવાર માં ભાંગ,ધતૂરો,બિલી ફળ, શિંગોડા,લીલી સૂકી દ્રાક્ષ,શક્કરીયા નો ભોગ ધરાવવો.

તેરે જાપ કે બિના ચલે યે સાંસ કિસ તરાહ,
જય હો જય હો શંકરા આદિ દેવ શંકરા



# 'ઓ રોમિયો'એ બે દિવસમાં ₹23.51 કરોડ કમાયા...!

## શનિવારે બોક્સ ઓફિસ કલેક્શન ₹14.50 કરોડ, વીકએન્ડનો ફાયદો મળ્યો; 43 ટકાનો ઉછાળો

(એજન્સી) મુંબઇ | તા.15

શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરી અભિનીત ફિલ્મ 'ઓ રોમિયો'એ બે દિવસમાં 23.51 કરોડ રૂપિયાનું બોક્સ ઓફિસ કલેક્શન કરી લીધું છે. ફિલ્મે 9 કરોડ રૂપિયાનું ઓપનિંગ કલેક્શન કર્યું હતું, જેના પછી હવે ફિલ્મને વીકએન્ડનો ફાયદો મળ્યો છે.

બોક્સ ઓફિસ ટ્રેકર વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, 13 ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી ફિલ્મ 'ઓ રોમિયો'એ 9 કરોડનું કલેક્શન કર્યું હતું, જેના પછી શનિવારે ફિલ્મે લગભગ 14.50 કરોડની કમાણી કરી છે. આ સાથે ફિલ્મે કુલ 23.51 કરોડનું બોક્સ ઓફિસ કલેક્શન કરી લીધું છે.

ઓપનિંગ ડેની સરખામણીમાં ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શનમાં 45 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. ફિલ્મ દેશભરમાં 4700થી વધુ સ્ક્રીન્સ પર રિલીઝ થઈ છે. ફિલ્મની ઓક્યુપન્સી લગભગ 19.3 ટકા છે. અનુમાન છે કે શનિવારની જેમ રવિવારે પણ ફિલ્મ સારું પ્રદર્શન કરી શકે છે.

### 'મર્દાની 3'એ 16મા દિવસે 1.65 કરોડ કમાવ્યા




'ઓ રોમિયો'ની સાથે જ રાની મુખર્જી અભિનીત ફિલ્મ 'મર્દાની 3' પણ સિનેમાઘરોમાં છે. 30 જાન્યુઆરીએ રિલીઝ થયેલી આ ફિલ્મે રિલીઝના 16મા દિવસે એટલે કે ત્રીજા શનિવારે 1.65 કરોડનું કલેક્શન કર્યું છે. આ સાથે ફિલ્મનું કુલ કલેક્શન 43.15 કરોડ રૂપિયા થઈ ગયું છે. આ ફિલ્મ પહેલા 23 જાન્યુઆરીએ સની દેઓલની મલ્ટીસ્ટારર ફિલ્મ 'બોર્ડર 2' રિલીઝ થઈ હતી. બોર્ડરે બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કરતા રિલીઝના 23મા દિવસે એટલે કે આ શનિવારે 1.90 કરોડનું કલેક્શન કર્યું છે. ફિલ્મ 'ઓ રોમિયો'નું ડિરેક્શન વિશાલ ભારદ્વાજે કર્યું છે, જેમાં તૃપ્તિ ડિમરી, શાહિદ કપૂર, અવિનાશ તિવારી અને નાના પાટેકર મુખ્ય ભૂમિકામાં છે. આ શાહિદ કપૂર અને વિશાલ ભારદ્વાજની સાથે ચોથી ફિલ્મ છે, આ પહેલા બંને ફિલ્મ 'કમીને', 'રંગૂન' અને 'હૈદર'માં સાથે કામ કરી ચૂક્યા છે.



# રહેમાન ડકૈતના રોલની ઓફર નાગાર્જુનને મળી હતી?

## સાઉથ સ્ટારે કહ્યું- એકદમ ખોટી વાત છે, કાશ એવું બન્યું હોત; ફિલ્મ 'ધુરંધર'ના વખાણ પણ કર્યા

(એજન્સી) મુંબઇ | તા.15

આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર'માં રહેમાન ડકૈતના રોલને લઈને સોશિયલ મીડિયા પર એવો દાવો વાઈરલ થયો હતો કે આ ભૂમિકા પહેલા સાઉથ સ્ટાર નાગાર્જુનને ઓફર કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં નાગાર્જુને આ દાવાને નકારી કાઢતા કહ્યું કે તેને આ રોલ ક્યારેય ઓફર જ થયો ન હતો.

ફિલ્મ 'ધુરંધર'માં અક્ષય ખન્નાએ રહેમાન ડકૈતનું પાત્ર ભજવ્યું હતું. ફિલ્મના રિલીઝ પછી તેના અભિનયની ઘણી ચર્ચા થઈ. સોશિયલ મીડિયા પર યુઝર્સે તેમના કામના ખૂબ વખાણ કર્યા અને તેમને ઓસ્કર આપવા સુધીની વાત કરી.

આ દરમિયાન, ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર એવો દાવો કરવામાં આવ્યો કે રહેમાન ડકૈતનો રોલ પહેલા નાગાર્જુનને ઓફર થયો હતો, પરંતુ તેણે તેને ઠુકરાવી દીધો. આ દાવાએ ચાહકો વચ્ચે ચર્ચા વધારી દીધી.

જોકે, નાગાર્જુને બોલિવૂડ હંગામા સાથેની વાતચીતમાં કહ્યું, "બિલકુલ નહીં, મને તે રોલ ઓફર જ નહોતો કરાયો. જોકે, કાશ મળી જાત. 'ધુરંધર' ખૂબ જ શાનદાર ફિલ્મ છે. આદિત્ય ધરે ઉત્તમ નિર્દેશન કર્યું છે. તેમની અગાઉની ફિલ્મ 'ઉરી' પણ મને ખૂબ ગમી હતી. ફિલ્મમાં બધાની એક્ટિંગ શાનદાર છે અને અક્ષય ખન્નાએ તો કમાલ કરી દીધી."

નાગાર્જુને ફિલ્મ પછી ઈન્ડસ્ટ્રીમાં આવેલા બદલાવ પર પણ વાત કરી. તેણે કહ્યું કે હવે દર્શકો ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડની વાર્તા અને સ્ટાઈલની અપેક્ષા રાખી રહ્યા છે. પોતાની 100મી ફિલ્મ વિશે તેણે કહ્યું કે ટીમ કોઈ પણ પ્રકારની ઉતાવળમાં નથી અને તે તેને ખાસ બનાવવા માંગે છે.

# નબળો એક્ટર કાર્તિક આર્યન તો નસીબના જોરે ચાલે છે : પ્રશાંત નારાયણ




મુંબઈ: ભૂલભૂલૈયા ૨ જેવી હીટ ફિલ્મ આપનાર કાર્તિક આર્યનની આકરી ટીકા કરતાં મર્ડર ટુના એક્ટર પ્રશાંત નારાયણે એક મુલાકાતમાં જણાવ્યું હતું કે કાર્તિક આર્યન તો ટેરિબલ એક્ટર છે. તે બોલિવૂડમાં તેના નસીબના જોરે અને તેના માતાપિતાના આશીર્વાદથી ટકી ગયો છે. બોલિવૂડ બબલને પ્રશાંતે જણાવ્યું હતું કે મને લાગે છે કે તે કોઈપણ પ્રકારનો સંવાદ સાધી શકે તેમ નથી અને તેની આજુબાજુના લોકોએ તેને ચઢાવી માર્યો છે. મને તેની પ્રથમ ફિલ્મ પ્યાર કા પંચનામામાં તેનું કામ ગમ્યું હતું. પણ ભારતીય દર્શકોને તેની ફિલ્મો ગમે છે તેમ જણાવતાં પ્રશોતે કહ્યું હતું કે લોકો તેની એક્ટિંગ જોઈને નહીં પણ તેને એક્ટર તરીકે જોઈને હસે છે.

તમે લોકોને હસાવી શકતાં હો એ સારી વાત છે. તમે કોઈની સાથે હસો અને તમે કોઈની પર હસો તેમાં ફરક છે. ભારતીય દર્શકો સામાન્ય રીતે કોઈની પર હસતાં હોય છે.

કાર્તિક આર્યનના ચાહકો તેની આગામી ફિલ્મ નાગઝિલ્લા રજૂ થવાની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં કાર્તિક પ્રિયમવદેશ્વર પ્યારેચંદ નામના ઈચ્છાધારી નાગની ભૂમિકા ભજવી રહ્યો છે. આ ફિલ્મ ઓગસ્ટમાં રજૂ થવાની છે.

# મુંબઈ મેટ્રો પિલર દુર્ઘટના પર ભડક્યા સેલેબ્સ...!



(એજન્સી) મુંબઇ | તા.15

શનિવારે મુંબઈના મુલુંડ વિસ્તારમાં નિર્માણાધીન મેટ્રો લાઈનના પિલરનો સ્લેબ પડવાથી મોટો અકસ્માત થયો. સ્લેબ ઓટો રિક્ષા અને સ્કોડા કાર પર પડ્યો, જેના કારણે એક વ્યક્તિનું મોત થયું, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા. અકસ્માતની જાણ થતાં જ ઘણા સેલેબ્સે ગુસ્સો વ્યક્ત કર્યો છે અને પ્રશાસનને આ માટે જવાબદાર ઠેરવી રહ્યા છે.

દિયા મિર્ઝાએ આ ઘટના પર ગુસ્સો વ્યક્ત કરતા સત્તાવાર X (પહેલા ટ્વિટર) પર લખ્યું છે, તમે કયા પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સપોર્ટ કરો છો? શું તે, જે લોકોને મારે છે, ગૂંગળાવે છે અને સ્વાસ્થ્ય તથા જીવનનો નાશ કરે છે? કે તે, જે જીવનની પરવા કરે છે અને તેને મહત્વ આપે છે?

સ્ટેન્ડઅપ કોમેડિયન અને લેખક વરુણ ગ્રોવરે પણ આ ઘટનાની સખત નિંદા કરી છે. તેણે ઘટનાનો વીડિયો શેર કરતા લખ્યું છે કે, મુંબઈ ભારતનું સૌથી ભ્રષ્ટ શહેર છે, કદાચ ઘણા મોટા અંતરથી. ભારતની આર્થિક રાજધાની હોવા છતાં, અહીંના રસ્તાઓ સૌથી ખરાબ છે (છેલ્લા 2 વર્ષમાં મેં લગભગ દરેક ભારતીય રાજ્યના ગામડાઓના રસ્તાઓ જોયા છે અને તે આના કરતા સારા છે), શહેરી આયોજન અત્યંત ખરાબ છે, અને માનવ જીવન પ્રત્યે સંપૂર્ણપણે બેદરકારી જોવા મળે છે.

સિંગર રાહુલ વૈદ્યએ આ ઘટના પર ઈન્સ્ટાગ્રામ પર લખ્યું છે કે, 'જ્યારે પણ હું કોઈ મેટ્રો બ્રિજની નીચેથી પસાર થાઉં છું, ત્યારે મને હંમેશા ડર લાગે છે, વિશ્વાસ કરો. મને હંમેશા આ જ વાતનો ડર રહે છે.'

અકસ્માતમાં એકનું મોત, ત્રણ ઘાયલ ઘટના શનિવારે બપોરે લગભગ 12 વાગ્યે એલ.બી.એસ. રોડ, જોન્સન એન્ડ જોન્સન ફેક્ટરી પાસેની છે. તે રોડ પર ભારે ટ્રાફિક હતો કે ત્યારે પિલરનો સ્લેબ રોડ પર આવી પડ્યો. એક સ્કોડા કાર અને ઓટો તેની ઝપેટમાં આવી ગયા. અકસ્માતમાં રામધન યાદવ નામના વ્યક્તિનું નિધન થયું, જ્યારે રાજકુમાર ઈન્દ્રજીત યાદવ, મહેન્દ્ર પ્રતાપ યાદવ, દીપા રુહિયા ઘાયલ થયા. ઘાયલોમાં રાજકુમાર ઈન્દ્રજીતની હાલત નાજુક જણાવાઈ રહી છે.

ઘટના બાદ મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ ડેવલપમેન્ટ ઓથોરિટી (MMRDA) એ નિવેદન બહાર પાડ્યું. ઓથોરિટીએ નિવેદનમાં જણાવ્યું કે બીએમસી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીઝ સાથે મળીને રાહત કાર્ય અને સાઈટને સુરક્ષિત કરવાનું કામ ચાલી રહ્યું છે. દુર્ઘટનાના કારણોની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

# સ્ટેન્ડઅપ કોમેડિયન બનવા અમેરિકા ગયેલા અભિનેતાનું દર્દ છલકાયું...!

(એજન્સી) મુંબઇ | તા.15



એક્ટર, મોડેલ અને રિયાલિટી શૉ સ્ટાર સિદ્ધાર્થ ભારદ્વાજ હાલમાં 'ધ 50' શૉમાં દેખાઈ રહ્યો છે. ફેન્સને શૉમાં સિદ્ધાર્થની એક્ટિંગ ખૂબ જ પસંદ આવી રહી છે. તેવામાં સિદ્ધાર્થે ફેન્સ સાથે પોતાની સફર વિશે વાત શેર કરી હતી. સ્ટેન્ડઅપ કોમેડિયન બનવા અમેરિકા ગયેલા સિદ્ધાર્થનું દર્દ છલકાયું! એક્ટરે ખુલાસો કર્યો કે, હું અમેરિકામાં હતો ત્યારે સિક્યુરિટી ગાર્ડ બનીને ગુજરાન ચલાવ્યું હતું.

'ધ 50' શૉમાં સિદ્ધાર્થે જણાવ્યું કહ્યું કે, 'કોવિડ-19 મહામારીમાં પોતાનું સપનુ પૂરું કરવા માટે અમેરિકા ગયો હતો. ભારતમાં હું પહેલાથી જ ફેમસ હતો. તેમ છતાં અમેરિકામાં મે ટેક્સી ડ્રાઈવર અને બાઉન્સર સહિતની અનેક નોકરીઓ કરવી પડી હતી.'

'ધ 50' શૉમાં એક ટાસ્ક દરમિયાન સિદ્ધાર્થે જણાવ્યું કે, વર્ષ 2020માં મહામારી દરમિયાન જ્યારે એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રી ઠપ પડી ગઈ હતી, ત્યારે મે ઘણો મુશ્કેલ સમય જોયો હતો. આ મુશ્કેલ સમયમાં મે અમેરિકામાં કેટલીક નોકરીઓ કરી હતી. મેં એક સ્ટ્રીપ ક્લબમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે પણ કામ કર્યું હતું.

અમેરિકામાં રહેવાને લઈને સિદ્ધાર્થે જણાવ્યું હતું કે, અમેરિકામાં રહેવું મારા માટે અચાનક લેવાયેલો નિર્ણય ન હતો. અમેરિકા જવાનું સપનુ પહેલાથી જ હતું. જોકે, ઈન્ડસ્ટ્રીમાં વધારે કનેક્શન ન હોવાથી અને ક્લિયર રોડમેપ ન હોવાના કારણે અમેરિકા જવાના પ્લાનમાં મોડું થયું હતું. પછી કોવિડ-19 દરમિયાન અંતે હું અમેરિકા ગયો હતો.

સિદ્ધાર્થ સ્ટેન્ડ-અપ કોમેડી કરવા માટે અમેરિકા ગયો હતો. જોકે, તે પોતાની ઓળખ સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો હતો. આ અંગે સિદ્ધાર્થે કહ્યું, 'LA એક વિશાળ જગ્યા છે. ક્યારેક તમને શૉ માટે બુક કરવામાં આવે છે, જ્યાં જતાં તમને જોવા મળે છે કે, શૉમાં ફક્ત 10 લોકો એક રૂમમાં બેઠા હોય છે. આ લોકોને હસાવવા એક મોટો પડકાર હોય છે.'

# ફિલ્મ 'ડોન 3'નો વિવાદ વધુ ઘેરો બન્યો : રણવીર સિંહ-ફરહાન અખ્તર આમને-સામને, ₹40 કરોડના વળતરનો દાવો, પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા કરશે મધ્યસ્થી

(એજન્સી) મુંબઇ | તા.15

બોલિવૂડમાં ચર્ચામાં રહેલી 'ડોન 3' વિવાદની આગ હવે વધુ ભડકી ગઈ છે. આ ફિલ્મને લઈને પહેલાથી જ તણાવ ચાલી રહ્યો હતો, પરંતુ હવે મામલો પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા સુધી પહોંચી ગયો છે. બંને પક્ષો, અભિનેતા રણવીર સિંહ અને ડિરેક્ટર-પ્રોડ્યુસર ફરહાન અખ્તર વચ્ચે વાતચીત ઔપચારિક રીતે શરૂ થઈ ગઈ છે અને આગામી કેટલાક દિવસોમાં મોટો નિર્ણય થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.


મિડ-ડેમાં છપાયેલા સમાચાર મુજબ આ મહિનાના અંતમાં પ્રોડ્યુસર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા બંને પક્ષોને બોલાવીને મધ્યસ્થી કરશે, જેથી વિવાદના તમામ પાસાઓને બેસીને ઉકેલી શકાય. અધિકારીઓએ જણાવ્યું છે કે બંનેને સમાધાન માટે લગભગ




10 દિવસનો સમય આપવામાં આવશે. જો આ સમયગાળા દરમિયાન મતભેદ દૂર ન થાય, તો મામલો સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ્સ એસોસિએશન (CINTAA) સુધી પહોંચી શકે છે.

'ડોન 3' ની આ ખેંચતાણની શરૂઆત ત્યારે થઈ જ્યારે રણવીર સિંહે ફિલ્મ છોડી દીધી હતી. ફિલ્મના નિર્માતાઓએ આરોપ લગાવ્યો કે પ્રી-પ્રોડક્શનના કામ, શેડ્યૂલમાં ફેરફાર અને એન્ટ્રાજના ખર્ચથી ભારે નુકસાન થયું છે.

આથી, પ્રોડક્શન પક્ષે રણવીર પાસેથી લગભગ 40 કરોડના વળતરની માંગ કરી છે, જે પ્રોજેક્ટ પર પહેલાથી જ ખર્ચ થઈ ચૂક્યા હોવાનું કહેવાય છે. રણવીર સિંહ પક્ષનું કહેવું છે કે તેમણે ફિલ્મમાં કોઈ એડવાન્સ રકમ લીધી નથી અને તેથી કોઈ વળતર આપવું યોગ્ય નથી. રણવીરે આ મામલે કહ્યું કે જ્યારે તેમણે કોઈ અન્ય પ્રોજેક્ટ પર તે સમય ખર્ચ કર્યો, ત્યારે પણ તેમણે કોઈ પ્રકારના વળતરની માંગ કરી ન હતી. આનાથી આ વિવાદ વધુ જટિલ બની ગયો છે.



# રાજપાલ યાદવને રાતોરાત જામીન મળી ગયા? VIDEO વાઈરલ : એક્ટરે સલમાન ખાનનો આભાર માન્યો, ત્રણ દિવસ પહેલા કોર્ટે રદ કરી હતી અરજી

(એજન્સી) મુંબઇ | તા.15

ચેક બાઉન્સ કેસમાં તિહાર જેલમાં બંધ રાજપાલ યાદવનો એક વીડિયો તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. વીડિયો સાથે દાવો કરવામાં આવી રહ્યો છે કે એક્ટરને જામીન મળી ગયા છે, જેના પછી તેમણે સલમાન ખાનનો આભાર માન્યો છે. જોકે, આ દાવો ખોટો છે. વાઈરલ થઈ રહેલો વીડિયો ઘણો જૂનો છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં રાજપાલ યાદવ કહી રહ્યા છે, 'સલમાન ભાઈ મોટા ભાઈ જેવા છે. સલમાન ભાઈ સાથે ઘરમાં બેસીને, તેમની સાથે ખૂબ ખુશી અનુભવાઈ રહી છે. સલમાન ભાઈ જેવા માણસો આપણી ઈન્ડસ્ટ્રીમાં બહુ ઓછા છે. તે હંમેશા લોકો માટે ઊભા રહે છે. અને અમે તો 20 વર્ષથી સતત સલમાન ભાઈ સાથે 10-12 ફિલ્મો કરી છે. હું સંપૂર્ણપણે રાહત અનુભવી રહ્યો છું અને તેમના સારાની કામના કરું છું.'

### સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલો વીડિયો જૂનો છે

આ વીડિયો સાથે દાવો કરવામાં આવ્યો હતો કે રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં જામીન મળ્યા છે, ત્યારબાદ તેણે આર્થિક મદદ કરવા બદલ સલમાનનો આભાર માન્યો છે. જોકે, ફેક્ટ ચેકમાં સામે આવ્યું છે કે આ વીડિયો 8 વર્ષ જૂનો છે. આ વીડિયો તે સમયનો છે જ્યારે સલમાન ખાનને કાળિયારના શિકાર કેસમાં જામીન મળ્યા હતા. 2018ના આ વીડિયોમાં રાજપાલ યાદવ સલમાનના જામીન પર વાત કરી રહ્યા છે, ન કે પોતાના જામીન પર.

### રાજપાલ યાદવ જેલમાં કેમ બંધ છે?

વર્ષ 2010માં રાજપાલ યાદવે 'અતા પતા લાપતા' ફિલ્મ બનાવવા માટે પ્રાઈવેટ કંપની મુરલી પ્રોજેક્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી 5 કરોડ રૂપિયાની લોન લીધી હતી. આ ફિલ્મ ફ્લોપ રહી અને રાજપાલ યાદવને આર્થિક સંકટનો સામનો કરવો પડ્યો. રાજપાલ યાદવ સમયસર લોનની રકમ ચૂકવી શક્યા નહીં. લોન લેતી વખતે રાજપાલ યાદવે કંપનીને જે ચેક આપ્યા હતા તે બાઉન્સ થયા, ત્યારબાદ અભિનેતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી. બંને પક્ષો વચ્ચે સમાધાન છતાં સંપૂર્ણ ચુકવણી થઈ ન હતી અને સમય જતાં વ્યાજ ઉમેરાતું ગયું, જેના કારણે કુલ લોન ઘણી વધી ગઈ.

વર્ષ 2018માં દિલ્હીની કોર્ટે રાજપાલ યાદવને દોષિત ઠેરવ્યા અને તેમને છ મહિનાની જેલની સજા સંભળાવી. આ પછી તેમણે ઉચ્ચ અદાલતમાં અપીલ કરી.


રાજપાલ યાદવની જામીન અરજી પર 12 ફેબ્રુઆરીએ દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. કોર્ટે અભિનેતાની જામીન અરજી ફગાવી દીધી છે. સુનાવણી દરમિયાન કોર્ટે અભિનેતાને ફટકાર લગાવી હતી. દિલ્હી હાઈકોર્ટે રાજપાલ યાદવને પૂછ્યું કે- તે સજા રદ કરવાની માંગ કેમ કરી રહ્યા છે. તેમણે પોતે સ્વીકાર્યું હતું કે તેમણે પૈસા ઉધાર લીધા હતા અને તેને પરત કરવાનું વચન આપ્યું હતું. આવી સ્થિતિમાં, હવે સજા પર રોક લગાવવાની માંગ કયા આધારે કરવામાં આવી રહી છે? આના જવાબમાં એક્ટરના વકીલે કહ્યું કે તેમણે (રાજપાલ) તે જ દિવસે કોર્ટને જણાવ્યું હતું કે તેઓ આ મામલો ઉકેલવા માંગે છે. રાજપાલ યાદવે પોતાના કહેલા વચનનું પાલન કરવા માટે અદાલતમાં આત્મસમર્પણ કર્યું છે. ફિલ્મમાં જે 5 કરોડ રૂપિયા લગાવવામાં આવ્યા હતા, તે એક્ટર ચૂકવવા માંગે છે અને અત્યાર સુધીમાં 3 કરોડ રૂપિયાથી વધુની રકમ ચૂકવી દેવામાં આવી છે.

અદાલતે રાજપાલ યાદવને ઠપકો આપ્યો અને કહ્યું કે- સમજાતું નથી કે આ દલીલ શા માટે થઈ રહી છે. તમે અરજી દાખલ કરી હતી અને કહ્યું હતું કે પૈસા પાછા આપશો, પરંતુ પછી વર્ષો સુધી ચૂકવણી કરી નહીં. પાછલા આદેશનું પાલન ન કરવાને કારણે તમારે જેલમાં આત્મસમર્પણ કરવું પડ્યું.

તમને 25-30 તકો આપવામાં આવી. હવે તમે આ કેસ ફરીથી શા માટે ખોલવા માંગો છો? તમારે એ જણાવવું પડશે કે પૈસા આપવામાં વિલંબ શા માટે થયો. મને તમારી સાથે સહાનુભૂતિ હોઈ શકે છે, પરંતુ કાયદો તો કાયદો છે. જો તમે રકમ જમા કરવા તૈયાર છો તો આગળ સુનાવણી ચાલુ રાખવામાં આવશે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### ભારત-પાક મહામુકાબલો
## ખિલાન પટેલને જીતનો વિશ્વાસ ટીમ ઈન્ડિયા ફરી રચશે ઈતિહાસ



અરવલ્લી | આઈસીસી પુરુષ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં આજે ક્રિકેટ જગતની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત ગણાતી ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ રમાવા જઈ રહી છે. આ હાઈ-વોલ્ટેજ મુકાબલા પહેલા દેશભરમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અંડર-૧૯ વર્લ્ડ કપ વિજેતા ખેલાડી ખિલાન પટેલે આ મેચને લઈને પોતાની પ્રતિક્રિયા આપતા ભારતની જીત પર મજબૂત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અરવલ્લીના આ યુવા ક્રિકેટરે આશા વ્યક્ત કરી છે કે મેચ અપેક્ષા મુજબની રોમાંચક રહેશે અને ટીમ ઈન્ડિયા પાકિસ્તાનને પરાજય આપશે. મીડિયા અહેવાલ અનુસાર, એએનઆઈ સાથેની વાતચીતમાં ખિલાન પટેલે ભારતના મુખ્ય ખેલાડીઓ પર ભરોસો વ્યક્ત કર્યો છે. તેણે જણાવ્યું કે, "હું ઈચ્છું છું કે મેચ ખૂબ જ સારી રહે અને ભારત પાકિસ્તાનને હરાવે." ખિલાને આ મેચમાં યુવા ઓપનર અભિષેક શર્મા અને ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને 'ગેમ-ચેન્જર' તરીકે ગણાવ્યા છે. તેને વિશ્વાસ છે કે આ બંને ખેલાડીઓ આ મહત્વપૂર્ણ મેચમાં પ્રભાવશાળી પ્રદર્શન કરીને ભારતને જીત અપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવશે.

### રોહિત-વિરાટ વગરની નવી ટીમ પર ભરોસો

માત્ર ખિલાન પટેલ જ નહીં, પણ મહિલા ક્રિકેટર પ્રિયા યાદવે પણ ભારતની નવી લુકવાળી ટીમમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. પ્રિયાએ જણાવ્યું કે, ભલે આ વખતે ટીમમાં રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા વરિષ્ઠ ખેલાડીઓ નથી, પરંતુ તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ અને અભિષેક શર્મા જેવા પ્રતિભાશાળી યુવાનો ટીમની ગહનતામાં વધારો કરે છે. બીજી તરફ રણજી ટ્રોફી ખેલાડી રાજેશ બિશ્નોઈએ પણ ભારતને ફેવરિટ ગણાવતા કહ્યું હતું કે ભારતીય ટીમ વર્લ્ડ કપમાં અત્યાર સુધી શાનદાર રમી રહી છે અને પાકિસ્તાન સામે જીત નિશ્ચિત છે.

## વેસ્ટ ઈન્ડિઝે નેપાળને કચડીને સુપર-૮માં કરી એન્ટ્રી હોલ્ડરની ઘાતક બોલિંગ



મુંબઈ | મુંબઈના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ સ્ટેજની મહત્વપૂર્ણ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે નેપાળ સામે ૯ વિકેટે શાનદાર વિજય મેળવ્યો છે. રવિવારે રમાયેલી આ મેચમાં ઓલરાઉન્ડર જેસન હોલ્ડરની ઘાતક બોલિંગના જોરે વેસ્ટ ઈન્ડિઝ આ વર્ષની ટૂર્નામેન્ટમાં સુપર-૮ રાઉન્ડ માટે ક્વોલિફાય થનારી પ્રથમ ટીમ બની ગઈ છે. બીજી તરફ, આ કારમી હાર સાથે નેપાળની ટીમ સત્તાવાર રીતે ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. જેસન હોલ્ડરે માત્ર ૨૭ રન આપીને ૪ મહત્વની વિકેટો ઝડપી હતી, જેના માટે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. મેચ બાદ પોતાની સફળતા વિશે વાત કરતા જેસન હોલ્ડરે પિચના ધીમા સ્વભાવ વિશે ઉલ્લેખ કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ હોલ્ડરે જણાવ્યું કે, "શરૂઆતમાં પિચ પર બોલ થોડો રોકાઈને આવતો હતો, જેના કારણે બેટ્સમેનો માટે સીધા બેટથી શોટ મારવા મુશ્કેલ હતા. અમે લાઈન અને લેન્થ પર નિયંત્રણ રાખ્યું જે અમારી સફળતાની ચાવી સાબિત થઈ." ડેથ ઓવર્સમાં પોતાની વ્યૂહરચના વિશે તેણે ઉમેર્યું કે, તે બેટ્સમેનો માટે 'પ્રેડિક્ટેબલ' એટલે કે અનુમાન લગાવી શકાય તેવો બોલર બનવા માંગતો નથી. આ માટે તે ક્રીઝનો ઉપયોગ અને યોર્કર બોલની સતત પ્રેક્ટિસ કરી રહ્યો છે.
ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ પસંદ કરનાર વેસ્ટ ઈન્ડિઝના બોલરોએ શરૂઆતથી જ નેપાળ પર દબાણ બનાવી દીધું હતું. સ્પિનર અકીલ હોસેને પ્રથમ ઓવરમાં જ કુશલ ભુર્તેલને આઉટ કરીને નેપાળને મોટો ઝટકો આપ્યો હતો. પાવરપ્લે પૂરો થાય ત્યાં સુધીમાં નેપાળે માત્ર ૨૨ રનમાં ૩ મુખ્ય વિકેટો ગુમાવી દીધી હતી. હોલ્ડર અને મેથ્યુ ફોર્ડની જોડીએ મધ્યમ ક્રમના બેટ્સમેનોને સેટ થવાની તક આપી ન હતી.

**વૃંદાએ ફટકારી શાનદાર અડધી સદી, પાકિસ્તાન એ આઠ વિકેટે પરાજિત**

# વૃંદા દિનેશ અને અનુષ્કા શર્માની તોફાની બેટિંગ ભારતનો પાકિસ્તાન સામે વિજય



(એજન્સી) બેંગકોક । તા. 15

બેંગકોકના તેરદથાઈ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ રહેલા એસીસી વુમન્સ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૦૨૬માં રવિવારે ભારતીય મહિલા 'એ' ટીમે પાકિસ્તાન 'એ' સામે આઠ વિકેટે ભવ્ય વિજય મેળવ્યો છે. ભારતની આ જીતની પટકથા સ્ટાર બેટ્સમેન વૃંદા દિનેશ અને અનુષ્કા શર્માએ લખી હતી. ૯૪ રનના મામૂલી લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમે આક્રમક રમત બતાવી પાકિસ્તાનના બોલિંગ આક્રમણને વેરવિખેર કરી દીધું હતું. વૃંદા દિનેશની તોફાની અડધી સદી આ મેચનું મુખ્ય આકર્ષણ રહી હતી.

લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ભારત 'એ' ટીમની શરૂઆત સાધારણ રહી હતી અને ઓપનર હુમૈરા કાઝી ઈનિંગના પ્રથમ બોલે જ પેવેલિયન પરત ફરી હતી. પાકિસ્તાની કેમ્પમાં આનાથી થોડો ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ તે લાંબો સમય ટકી શક્યો નહોતો. વૃંદા દિનેશે મેદાનમાં આવતાની સાથે જ મેચનું પાસું પલટી નાખ્યું હતું. તેણે માત્ર ૨૯ બોલમાં ૧૨ ચોગ્ગાની મદદથી અણનમ ૫૫ રન ફટકારીને પાકિસ્તાની બોલરોને હંફાવી દીધા હતા. અનુષ્કા શર્માએ ૨૬ બોલમાં ૨૪ રનની સંયમિત ઈનિંગ રમી તેને સાથ આપ્યો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાન 'એ' ટીમ ભારતીય બોલરો સામે લાચાર જોવા મળી હતી. ફાસ્ટ બોલર સાઈમા ઠાકોર અને સ્પિનરો રાધા યાદવ તેમજ પ્રેમા રાવતે શાનદાર બોલિંગ કરી પાકિસ્તાનના મધ્યમ ક્રમને તોડી નાખ્યો હતો. ત્રણેય બોલરોએ બબ્બે વિકેટ ઝડપી હતી. પાકિસ્તાન તરફથી માત્ર શવાલ ઝુલ્ફીકારે સૌથી વધુ ૨૩ રન બનાવ્યા હતા. નબળી બેટિંગના કારણે પાકિસ્તાની ટીમ મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહી હતી, જેનો ભારતીય બેટ્સમેનોએ પૂરો લાભ ઉઠાવ્યો હતો.

### તેજલ હસાબનિસે પૂર્ણ કર્યો વિજય

વૃંદા અને અનુષ્કાની શાનદાર ભાગીદારી બાદ અંતિમ ક્ષણોમાં તેજલ હસાબનિસે વિજયી રન ફટકારીને ભારતને આસાન જીત અપાવી હતી. એસીસી મહિલા એશિયા કપમાં ભારતની આ જીતથી ટીમનું મનોબળ વધ્યું છે. પાકિસ્તાન સામેની આ જીત ભારતીય ચાહકો માટે પણ ખાસ છે. ટુર્નામેન્ટના આગામી તબક્કામાં ભારતની નજર હવે પોઈન્ટ ટેબલમાં ટોચના સ્થાને રહેવા પર છે. આ જીત સાથે ભારતીય મહિલા ટીમે સાબિત કરી દીધું છે કે



## ન્યુઝીલેન્ડનો સ્ટાર બોલર લોકી ફર્ગ્યુસન વર્લ્ડ કપ અધવચ્ચે છોડી સ્વદેશ રવાના

(એજન્સી) અમદાવાદ । તા. 15

આઈસીસી પુરુષ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ન્યુઝીલેન્ડની ટીમને મોટો ઝટકો લાગ્યો છે. કીવી ટીમનો સ્પીડ સ્ટાર લોકી ફર્ગ્યુસન ચાલુ ટૂર્નામેન્ટમાં ભારત છોડીને સ્વદેશ પરત ફરી રહ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, ફર્ગ્યુસન તેના પ્રથમ સંતાનના જન્મ સમયે પત્ની એમ્માની સાથે રહેવા માટે ન્યુઝીલેન્ડ રવાના થઈ રહ્યો છે. જોકે, તેનો અર્થ એ નથી કે તેની વર્લ્ડ કપની સફર પૂરી થઈ ગઈ છે. જો ન્યુઝીલેન્ડની ટીમ સુપર-૮ રાઉન્ડમાં પહોંચશે અને સ્થિતિ અનુકૂળ હશે, તો તે ફરીથી ટીમ સાથે જોડાઈ શકે છે.

ન્યુઝીલેન્ડે અત્યાર સુધી અફઘાનિસ્તાન અને સંયુક્ત આરબ અમીરાત સામે જીત મેળવી છે, પરંતુ તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સામે તેને હારનો સામનો કરવો પડ્યો હતો. લોકી ફર્ગ્યુસન મંગળવારે કેનેડા સામે રમાનારી ગ્રુપ-ડીની છેલ્લી મેચમાં રમી શકશે નહીં. આ મેચ સુપર-૮માં પહોંચવા માટે ન્યુઝીલેન્ડ માટે અત્યંત નિર્ણાયક છે. કોચ રોબ વોલ્ટરે ફર્ગ્યુસનના નિર્ણયને સમર્થન આપતા જણાવ્યું હતું કે, "આ લોકી અને એમ્મા માટે ખૂબ જ આનંદની ક્ષણ છે અને અમને ખુશી છે કે તે આ ખાસ સમયે ઘરે હાજર રહેશે."

કોચ વોલ્ટરે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં ફર્ગ્યુસનના બદલે કોઈ નવા ખેલાડીને ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં. તેમને અપેક્ષા છે કે ફર્ગ્યુસન સુપર-૮ તબક્કા માટે સમયસર પરત ફરી જશે. જોકે, સાવચેતીના ભાગરૂપે પ્રવાસી અનામત ખેલાડીઓ બેન સીયર્સ અને કોલ મેકકોન્ચીને સ્ટેન્ડબાય પર રાખવામાં આવ્યા છે. જો સુપર-૮ સુધીમાં ફર્ગ્યુસન પરત નહીં આવી શકે, તો આ બેમાંથી કોઈ એકને મુખ્ય ટીમમાં સ્થાન મળી શકે છે. ન્યુઝીલેન્ડની છેલ્લી મેચની વાત કરીએ તો, દક્ષિણ આફ્રિકા સામે કીવી ટીમે પ્રથમ બેટિંગ કરતા ૧૭૫/૭ રન બનાવ્યા હતા. ફિન એલને ૧૭ બોલમાં ૩૧ અને માર્ક ચેપમેને ૨૬ બોલમાં ૪૮ રન ફટકાર્યા હતા.

## અર્જુન એરિગૈસી ફ્રીસ્ટાઇલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપ

### ભારતીય ગ્રાન્ડમાસ્ટર સેમીફાઇનલની રેસમાંથી બહાર



(એજન્સી) વાંગેલ્સ । તા. 15

જર્મનીના વાંગેલ્સ ખાતે રમાઈ રહેલી ફિડે (FIDE) ફ્રીસ્ટાઇલ ચેસ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારતના ઉભરતા સ્ટાર અર્જુન એરિગૈસીએ ફરી એકવાર ચેસની દુનિયાના માંધાતા મેગ્નસ કાર્લસનને હરાવીને સનસનાટી મચાવી દીધી છે. ક્લાસિફિકેશન રાઉન્ડમાં અર્જુને વિશ્વના નંબર ૧ ખેલાડી કાર્લસનને મ્હાત આપી હતી, પરંતુ આ શાનદાર શરૂઆત બાદ તે પોતાની લય જાળવી શક્યો નહોતો. પરિણામે, તે સેમીફાઇનલની રેસમાંથી બહાર થઈ ગયો છે અને ખિતાબ જીતવાનું તેનું સપનું અધૂરું રહ્યું છે.

### કાર્લસન સામે અર્જુનનો દબદબો

અર્જુન એરિગૈસીએ ક્લાસિફિકેશન રાઉન્ડમાં અદભૂત પ્રદર્શન કરતા મેગ્નસ કાર્લસનને હારનો સ્વાદ ચખાડ્યો હતો. રસપ્રદ વાત એ છે કે, આ રાઉન્ડમાં કાર્લસનની આ એકમાત્ર હાર હતી. અર્જુને માત્ર કાર્લસન જ નહીં, પરંતુ વિન્સેન્ટ કીમર અને ફિડે વર્લ્ડ કપ વિજેતા જવોખિર સિંદારોવને પણ હરાવ્યા હતા. નોંધનીય છે કે, તાજેતરમાં ફિડે વર્લ્ડ બ્લિટ્ઝ ચેમ્પિયનશિપ ૨૦૨૫ માં પણ અર્જુને કાર્લસનને હરાવ્યો હતો, જેનાથી હતાશામાં આવીને કાર્લસને ટેબલ પર હાથ પછાડ્યો હતો. સતત બીજી હાર નોર્વેના આ ખેલાડી માટે આંચકા સમાન સાબિત થઈ છે. શરૂઆતની શાનદાર જીત છતાં અર્જુન એરિગૈસી પોતાની ગતિ જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, ક્લાસિફિકેશન રાઉન્ડની બાકીની ચાર રમતોમાં અર્જુનનો પરાજય થયો હતો. આ હારમાળાને કારણે તે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને ફેંકાઈ ગયો હતો અને ટુર્નામેન્ટના નિયમો મુજબ તે સેમીફાઇનલ માટે ક્વોલિફાય કરી શક્યો નથી. સાતમાંથી ૪.૫ ના સ્કોર સાથે કાર્લસન ભલે અર્જુન સામે હાર્યો હોય, પરંતુ તે સેમીફાઇનલમાં પહોંચવામાં સફળ રહ્યો છે.

આ ક્લાસિફિકેશન રાઉન્ડના અંતે ચાર મુખ્ય ખેલાડીઓએ સેમીફાઇનલમાં પોતાની જગ્યા પાકી કરી છે. મેગ્નસ કાર્લસન ઉપરાંત વિન્સેન્ટ કીમર, ફેબિયાનો કારુઆના અને નોદિરબેક અબ્દુસત્તોરોવે આગામી રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે.

**કેનેડાની વિક્ટોરિયા મ્બોકોની હાર, મુચોવા હવે વિશ્વમાં ૧૧મા ક્રમે**

## કેરોલિના મુચોવા બની કતાર ઓપન ચેમ્પિયન પાંચ વર્ષનો ખિતાબી દુષ્કાળ અંત



(એજન્સી) દોહા । તા. 15

ચેક રિપબ્લિકની સ્ટાર ટેનિસ ખેલાડી કેરોલિના મુચોવાએ કતાર ઓપનની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કરતા વર્ષ ૨૦૨૬નું પોતાનું પ્રથમ મોટું ટાઇટલ જીતી લીધું છે. શનિવારે રમાયેલી ફાઈનલ મેચમાં ૨૯ વર્ષીય મુચોવાએ કેનેડાની ઉભરતી ખેલાડી વિક્ટોરિયા મ્બોકોને ૬-૪, ૭-૫ થી હરાવીને કારકિર્દીનો પ્રથમ ડબલ્યુટીએ ૧૦૦૦ ખિતાબ પોતાના નામે કર્યો હતો. વર્ષ ૨૦૧૯ પછી મુચોવા માટે આ પ્રથમ ટાઇટલ જીત છે, જેનાથી તેના લાંબા સમયના ખિતાબી દુષ્કાળનો અંત આવ્યો છે. કેરોલિના મુચોવાની કારકિર્દીમાં અનેક વખત ઈજાઓએ અવરોધ ઊભો કર્યો છે, પરંતુ ૨૦૨૬ના વર્ષની શરૂઆત તેના માટે અત્યંત સફળ રહી છે. સેમીફાઈનલમાં મારિયા સક્કારી સામે એક સેટ પાછળ હોવા છતાં વાપસી કરનાર મુચોવાએ ફાઈનલમાં શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો હતો. ટ્રોફી સમારોહ દરમિયાન તેણે જણાવ્યું કે, લાંબા સમય બાદ જીતનો અનુભવ કરવો ખરેખર અદભૂત છે. આ જીત સાથે મુચોવા વિશ્વ રેન્કિંગમાં ૧૯મા સ્થાનેથી કુદકો મારીને ૧૧મા સ્થાને પહોંચી જશે. મેચના પ્રથમ સેટમાં મુચોવાએ પોતાની સર્વિસ પર સંપૂર્ણ પકડ જાળવી રાખી હતી. તેણે પ્રથમ સર્વિસમાં ૭૫ ટકા સફળતા મેળવી હતી અને વિરોધી ખેલાડીને એક પણ બ્રેક પોઈન્ટની તક આપી નહોતી.

**સુમિત નાગલ સ્પેનના ખેલાડી સામે ટકરાશે**

## ભારતનો દમ દેખાશે માનસ ધામણે અને રિયો નોગુચી વચ્ચે જંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15



ભારતની રાજધાનીમાં ટેનિસ પ્રેમીઓ માટે ઉત્સાહના સમાચાર છે. એટીપી દિલ્હી ઓપન ૨૦૨૬ ની છઠ્ઠી આવૃત્તિનો પ્રારંભ ડીએલટીએ (DLTA) કોમ્પ્લેક્સ ખાતે થઈ રહ્યો છે. આ એટીપી ચેલેન્જર ૭૫ ઈવેન્ટમાં ભારતના ઉભરતા યુવા ખેલાડી માનસ ધામણે પર સૌની નજર રહેશે, જે પ્રથમ રાઉન્ડમાં જાપાનના આઠમા ક્રમાંકિત રિયો નોગુચી સામે ટકરાશે. ૧૬ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન ચાલનારી આ ટુર્નામેન્ટમાં ૩૨ સિંગલ્સ ખેલાડીઓ અને ૧૬ ડબલ્સ ટીમો ખિતાબ માટે મેદાનમાં ઉતરશે.

મીડિયા અહેવાલ અનુસાર, માનસ ધામણે અત્યારે ભારતીય ટેનિસમાં સૌથી તેજસ્વી યુવા પ્રતિભા તરીકે ઉભરી આવ્યો છે. જાન્યુઆરીમાં તે પ્રથમવાર એટીપી રેન્કિંગમાં ટોપ ૫૦૦ માં સામેલ થયો હતો અને હાલમાં જ તેણે ત્રીજું આઈટીએફ (ITF) સિંગલ્સ ટાઈટલ પણ જીત્યું છે. જોકે, તેની સામે રિયો નોગુચી જેવો મજબૂત ખેલાડી છે જે વિશ્વમાં ૨૪૬મા ક્રમે છે અને બે વખત ચેલેન્જર ટૂરનો ચેમ્પિયન રહી ચૂક્યો છે. બીજી તરફ, ભારતનો નંબર ૧ ખેલાડી સુમિત નાગલ સ્પેનના ડેવિડ જોર્ડા સાન્ચીસ સામે પોતાની ઝુંબેશની શરૂઆત કરશે.

**હાર // છ મિનિટમાં બેલ્જિયમનો ગોલ વર્ષા, રાઉરકેલામાં ભારતની નબળી શરૂઆત**

# ભારતીય હોકી ટીમનો સતત ત્રીજો પરાજય બેલ્જિયમ સામે હાર્યું

(એજન્સી) રાઉરકેલા । તા. 15

ઓડિશાના રાઉરકેલામાં રમાઈ રહેલી એફઆઈએચ (FIH) પ્રો લીગ ૨૦૨૫-૨૬ માં ભારતીય હોકી ટીમનું નિરાશાજનક પ્રદર્શન ચાલુ રહ્યું છે. શનિવારે રમાયેલી રોમાંચક મેચમાં ઓલિમ્પિક ચેમ્પિયન બેલ્જિયમે ભારતને ૨-૪ થી પરાજય આપીને સતત ત્રીજી હારનો સ્વાદ ચખાડ્યો છે. બેલ્જિયમે મેચના પ્રથમ હાફમાં માત્ર છ મિનિટના ગાળામાં ચાર પેનલ્ટી કોર્નર ગોલમાં ફેરવીને ભારત પર પ્રભુત્વ જમાવ્યું હતું. આ જીત સાથે બેલ્જિયમે તેની સતત ચોથી જીત નોંધાવી છે.

મીડિયા અહેવાલ અનુસાર, મેચની શરૂઆતથી જ બેલ્જિયમે આક્રમક રમત બતાવી હતી. બેલ્જિયમના ખેલાડીઓએ ટૂંકા પાસ દ્વારા ભારતીય મિડફિલ્ડમાં ગાબડાં પાડીને સતત દબાણ ઊભું કર્યું હતું. મેચની ૧૧મી મિનિટે હ્યુગો લેબૌચરે પ્રથમ ગોલ કરીને ખાતું ખોલાવ્યું હતું અને ૧૭મી મિનિટ સુધીમાં એલેક્ઝાન્ડર હેન્ડ્રિક્સે ચોથો ગોલ



ફટકારી દીધો હતો. ભારતીય રક્ષણ પંક્તિ (ડિફેન્સ) બેલ્જિયમના આ ઝંઝાવાત સામે વેરવિખેર જોવા મળી હતી, જેના કારણે મહેમાન ટીમે ટૂંકા ગાળામાં જીત નિશ્ચિત કરી લીધી હતી.

ભારતે મેચની શરૂઆત હકારાત્મક રીતે કરી હતી અને ૭મી મિનિટે આદિત્ય લાલગેએ ગોલ પણ કર્યો હતો, પરંતુ રેફરલ બાદ તે ગોલ નામંજૂર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૨૪મી મિનિટે લાલગેએ ગોલ કરીને સ્કોર ૪-૧ કર્યો હતો. બીજા હાફમાં ભારતે લય મેળવવાનો પ્રયાસ કર્યો અને હાર્દિક સિંહના નેતૃત્વમાં અનેક તકો ઝડપી હતી. જોકે, ફોરવર્ડ ખેલાડીઓ ગોલ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. અભિષેક જેવા સ્ટાર ખેલાડીઓએ યોગ્ય પોઝિશનમાં હોવા છતાં નિશાન ચૂકતા ભારત પુનરાગમન કરી શક્યું નહોતું.

### સુરક્ષા અને શિસ્ત પર સવાલો

તાજેતરમાં આર્જેન્ટિના સામેની હાર બાદ કોચ ક્રેગ ફુલ્ટને ખેલાડીઓને જવાબદારી લેવા માટે તાકીદ કરી હતી, પરંતુ બેલ્જિયમ સામે પણ જૂની ભૂલોનું પુનરાવર્તન થતું જોવા મળ્યું હતું. ભારતીય મિડફિલ્ડ અને સર્કલની અંદરની શિસ્તના અભાવે બેલ્જિયમને વારંવાર પેનલ્ટી કોર્નર મળ્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, બીજા હાફમાં ભારતીય ગોલકીપરે શાનદાર બચાવ કરીને વધુ ગોલ થતા અટકાવ્યા હતા, પરંતુ આક્રમક પંક્તિના નબળા ફિનિશિંગે ભારતને સતત ત્રીજી હાર તરફ ધકેલી દીધું હતું. હવે ભારત પર આગામી મેચોમાં વાપસી કરવાનું ભારે દબાણ છે.

**બાસ્કેટબોલના 'પોઈન્ટ ગોડ' ની વિદાય**

# NBAના દિગ્ગજ ખેલાડી ક્રિસ પોલે નિવૃત્તિ જાહેર કરી 21 વર્ષની કારકિર્દીનો અંત

(એજન્સી) ઈંગલવુડ । તા. 15

બાસ્કેટબોલની દુનિયામાં 'પોઈન્ટ ગોડ' તરીકે ઓળખાતા અને ૧૨ વખત ઓલ-સ્ટારમાં સ્થાન મેળવનાર દિગ્ગજ ખેલાડી ક્રિસ પોલે શુક્રવારે રમતમાંથી નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરી છે. ૨૧ લાંબી સીઝન સુધી નેશનલ બાસ્કેટબોલ એસોસિએશન (NBA) માં પોતાનો દબદબો જાળવી રાખનાર પોલે આ નિર્ણય કેલિફોર્નિયાના ઈંગલવુડ ખાતે ઓલ-સ્ટાર વીકેન્ડના પ્રથમ દિવસે લીધો હતો. બે વખત ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ રહી ચૂકેલા ક્રિસ પોલની આ નિવૃત્તિ સાથે બાસ્કેટબોલના એક સુવર્ણ યુગનો અંત આવ્યો છે.

ક્રિસ પોલે તેની કારકિર્દીની અંતિમ સીઝન લોસ એન્જલસ ક્લિપર્સ સાથે વિતાવી હતી. જોકે, આ સીઝન ટૂંકી રહી હતી અને તાજેતરમાં જ તેને ટોરોન્ટોમાં ટ્રેડ કરવામાં આવ્યો હતો. એવી અટકળો હતી કે પોલ પોતાની પ્રથમ એનબીએ ટાઈટલ જીતવાની આશા સાથે કોઈ અન્ય ટીમમાં જોડાશે, પરંતુ શુક્રવારે તમામ અટકળો પર વિરામ મુકતા તેણે નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. પોલની આ શાનદાર કારકિર્દી તેને ભવિષ્યમાં નિશ્ચિતપણે 'બાસ્કેટબોલ હોલ ઓફ ફેમ' માં સ્થાન અપાવશે. ક્રિસ પોલે નિવૃત્તિ પાછળનું મુખ્ય કારણ પોતાના પરિવારને ગણાવ્યું છે. તેણે અગાઉ પણ સંકેત આપ્યો હતો કે છેલ્લા કેટલાક વર્ષોમાં તે રમતને કારણે પોતાના બાળકો સાથેના મહત્વના પ્રસંગોમાં હાજરી આપી શક્યો નથી, જેનો તેને રંજ હતો. મીડિયા અહેવાલ મુજબ, પોલે જણાવ્યું હતું કે હવે તે પોતાનો સંપૂર્ણ સમય પરિવાર અને તેના અન્ય અંગત હિતો માટે ફાળવવા માંગે છે. ૨૧ વર્ષ સુધી સતત કોર્ટ પર પરસેવો પાડ્યા બાદ હવે તે એક પિતા તરીકેની જવાબદારીઓ નિભાવવા આતુર છે.



### બાઈક પર સવાર હુમલાખોરોનો આતંક, ગામડાઓમાં મચાવી ભારે તબાહી

# નાઈજીરિયામાં આતંકીઓનો અંધાધૂંધ ગોળીબારમાં 30ના મોત

(એજન્સી)નાઈજરા તા. 15

પશ્ચિમ આફ્રિકાના દેશ નાઈજીરિયામાં આતંકવાદીઓએ નિર્દોષ નાગરિકોના લોહીની નદીઓ વહાવી છે. ઉત્તરી નાઈજીરિયાના નાઈજર રાજ્યના બોરગુ વિસ્તારમાં શનિવારે વહેલી સવારે બાઈક પર સવાર સશસ્ત્ર બંદૂકધારીઓએ આધુનિક હથિયારો સાથે ત્રણ અલગ-અલગ ગામો પર હુમલો કરી ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી હતી. ૧૪મી ફેબ્રુઆરીના રોજ થયેલા આ અંધાધૂંધ ગોળીબાર અને હિંસામાં અત્યાર સુધીમાં ૩૦ થી વધુ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જેમાં અનેક લોકોના ગળા કાપી નાખવાની ભયાનક વિગતો સામે આવી રહી છે.



મીડિયા અહેવાલ અનુસાર, હુમલાખોરોએ આધુનિક સ્વયંસંચાલિત હથિયારો સાથે સૌપ્રથમ તુંગા-મેકેરી ગામને નિશાન બનાવ્યું હતું. અહીં આતંકીઓએ અનેક મકાનોને આગ ચાંપી દીધી હતી અને ઓછામાં ઓછા ૬ લોકોની કરપીણ હત્યા કરી હતી. આતંક મચાવ્યા બાદ હુમલાખોરોએ ગ્રામજનોનું અપહરણ પણ કર્યું હતું. ત્યારબાદ હુમલાખોરોનું ટોળું કોંકોસો ગામમાં ત્રાટક્યું હતું, જ્યાં સૌથી વધુ તબાહી મચી હતી. વહેલી સવારથી શરૂ થયેલા ગોળીબારમાં આશરે ૨૬ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. આતંકીઓએ માત્ર રહેણાંક વિસ્તારો જ નહીં, પરંતુ ત્યાંની પોલીસ ચોકીને પણ વિસ્ફોટકોથી ફૂંકી મારી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, જ્યારે આ ભયાનક હુમલો થયો ત્યારે ઘટનાસ્થળે સુરક્ષા કર્મચારીઓની સંખ્યા અત્યંત ઓછી હતી. આ સુરક્ષા ખામીનો પૂરો લાભ ઉઠાવી આતંકીઓ બેફામ બન્યા હતા અને કલાકો સુધી આતંક મચાવતા રહ્યા હતા. આ હુમલાનો મુખ્ય હેતુ ખંડણી હોવાનું મનાઈ રહ્યું છે, કારણ કે આતંકીઓએ ડઝનબંધ ગ્રામજનોનું અપહરણ કર્યું છે. મૃત્યુઆંક હજુ વધવાની ભીતિ સેવાઈ રહી છે કારણ કે અનેક લોકો હજુ પણ ગુમ છે અને શોધખોળ ચાલુ છે. અનેક સરકારી મિલકતો અને ઘરો પણ બળીને રાખ થઈ ગયા છે.

નાઈજીરિયાના આ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ઈસ્લામિક સ્ટેટ (ISIL) સંલગ્ન જૂથો અને સ્થાનિક સશસ્ત્ર ગેંગ બેફામ બની છે. આ ગેંગો મુખ્યત્વે ખંડણી માટે અપહરણ અને લૂંટફાટ જેવી ગુનાહિત પ્રવૃત્તિઓ કરે છે. નાઈજર રાજ્યના પોલીસ પ્રવક્તા વાસિયુ અબીઓડુને આ ઘટના અંગે જણાવ્યું છે કે, પોલીસ અને સુરક્ષા એજન્સીઓ હાલ સમગ્ર વિસ્તારમાં સઘન સર્ચ ઓપરેશન ચલાવી રહી છે જેથી હુમલાખોરોને પકડી શકાય અને અપહૃત નાગરિકોને છોડાવી શકાય.

---

ગ્લોબલ એઆઈ ઈમ્પેક્ટ ચેલેન્જ

# ભારત આઈઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬નો પ્રારંભ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ભારત સરકારના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા આયોજિત 'ઈન્ડિયા આઈઆઈ ઈમ્પેક્ટ સમિટ 2026' ના ભવ્ય ઉદ્ઘાટન પહેલાં, રવિવારે ત્રણ મુખ્ય વૈશ્વિક એઆઈ સ્પર્ધાઓના ફાઈનલિસ્ટની જાહેરાત કરવામાં આવી છે. 'ભારત મંડપમ' અને 'સુષ્મા સ્વરાજ ભવન' ખાતે 16 થી 20 ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી આ સમિટ વિશ્વભરના સંશોધકો માટે એક મોટું પ્લેટફોર્મ પૂરું પાડશે. સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, આ સ્પર્ધાઓ માટે 60 થી વધુ દેશોમાંથી 4,650 થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ હતી, જે ભારતની વધતી જતી તકનીકી શક્તિનું પ્રતીક છે.

આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય આરોગ્ય, શિક્ષણ, આબોહવા પરિવર્તન અને સમાવેશી શાસન જેવી વૈશ્વિક સમસ્યાઓના ઉકેલ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવાનો છે. 'એઆઈ ફોર ઓલ' (AI for ALL) પડકાર હેઠળ 60 દેશોમાંથી 1,350 થી વધુ અરજીઓ મળી હતી. જેમાંથી પસંદ થયેલા ટોચના 20 ફાઈનલિસ્ટોએ ઈન્ફેક્શન સ્ક્રીનિંગ, જમીનની ગુણવત્તાની તપાસ, સાયબર સુરક્ષા અને ડિજિટલ હેલ્થ જેવા વિષયો પર ક્રાંતિકારી ઉકેલો રજૂ કર્યા છે.

**ભારત બનશે વૈશ્વિક એઆઈ હબ**

આ સમિટ દ્વારા ભારત 'પીપલ, પ્લેનેટ અને પ્રોગ્રેસ' ના વિઝન સાથે એઆઈ ઈનોવેશન હબ તરીકે ઉભરી રહ્યું છે. પસંદ કરાયેલી કુલ 70 ટીમોને માત્ર પોતાની પ્રતિભા બતાવવાની તક જ નહીં મળે, પરંતુ તેઓ નીતિ નિર્ધારકો, ઉદ્યોગ જગતના માંધાતાઓ અને રોકાણકારો સાથે સીધો સંવાદ પણ કરી શકશે. સરકારનો આ પ્રયાસ જવાબદાર એઆઈ દત્તક લેવાની પ્રક્રિયાને વેગ આપવા અને ભૌગોલિક સીમાઓ ઓળંગીને પ્રતિભાશાળી યુવાનોને એક તાંતણે બાંધવાનો છે.

---

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકામાં એપસ્ટિનનું વિઝા કૌભાંડ ખુલ્લું પડ્યું




ન્યૂયોર્ક | અમેરિકન ન્યાય વિભાગ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી જેફ્રી એપસ્ટિનની ગુપ્ત ફાઈલોએ આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચાવી દીધો છે. આ દસ્તાવેજોમાં થયેલા ખુલાસા મુજબ, કુખ્યાત જેફ્રી એપસ્ટિન વિદેશી મહિલાઓને પોતાની જાળમાં કેદ રાખવા માટે અમેરિકન ઈમિગ્રેશન કાયદાઓનો અત્યંત ક્રૂરતાપૂર્વક દુરુપયોગ કરતો હતો. તે નકલી લગ્નો, સ્ટુડન્ટ વિઝા અને અંગ્રેજી ભાષાના કોર્સ જેવા વિવિધ નુસખાઓ અપનાવીને અસહાય મહિલાઓને અમેરિકામાં રોકાવા અને પોતાની સાથે રહેવા મજબૂર કરતો હોવાનું બહાર આવ્યું છે.

### ગેઝાની ચક્રવાતની ભારે તબાહી મોઝામ્બિકમાં ગેઝાની ચક્રવાતનો હાહાકાર મચ્યો

માપુતો | આફ્રિકન દેશ મોઝામ્બિકમાં કુદરતનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. શક્તિશાળી ચક્રવાત 'ગેઝાની' એ દેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે હાહાકાર મચાવ્યો છે, જેમાં અત્યાર સુધીમાં ચાર લોકોના મોત થયા હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ વાવાઝોડાએ હજારો લોકોને અસર કરી છે અને અનેક રહેણાંક મકાનો તથા પાયાની સુવિધાઓને ભારે નુકસાન પહોંચાડ્યું છે. રવિવારે લેન્ડફોલ થયા બાદ વાવાઝોડાની તીવ્રતા એટલી પ્રચંડ હતી કે અનેક વિસ્તારોમાં સંપર્ક કપાઈ ગયો છે. સ્થાનિક મીડિયા અહેવાલ મુજબ, ગેઝાની ચક્રવાતને કારણે સર્જાયેલા ભારે પવન અને અવિરત વરસાદે સામાન્ય જનજીવન ખોરવી નાખ્યું છે. દરિયાકાંઠાના પ્રાંતોમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થયા છે અને વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે.

### ઈમિગ્રેશન મુદ્દે હિલેરી ક્લિન્ટનનો પલટવાર



મ્યુનિક | જર્મનીમાં યોજાયેલી પ્રતિષ્ઠિત 'મ્યુનિક સુરક્ષા પરિષદ' દરમિયાન અમેરિકાના પૂર્વ વિદેશ મંત્રી અને ડેમોક્રેટિક નેતા હિલેરી ક્લિન્ટને વર્તમાન ટ્રમ્પ પ્રશાસન પર આકરા પ્રહારો કર્યા છે. ઈમિગ્રેશન મુદ્દે ચર્ચા કરતા તેમણે જણાવ્યું હતું કે, સરહદો સુરક્ષિત હોવી જોઈએ પરંતુ ત્યાં લોકો પર અત્યાચાર કે તેમની હત્યા ન થવી જોઈએ. હિલેરીએ સ્વીકાર્યું હતું કે સ્થળાંતર અંગેની ચર્ચા વાજબી છે, પરંતુ તે હવે મર્યાદા બહાર જઈ રહી છે અને તેને માનવીય અભિગમ સાથે સુધારવાની તાતી જરૂરિયાત છે. હિલેરી ક્લિન્ટને એક પેનલ ચર્ચા દરમિયાન દાવો કર્યો હતો કે તેમના પતિ બિલ ક્લિન્ટન અને બરાક ઓબામાના શાસનકાળ દરમિયાન ટ્રમ્પના પ્રથમ કે બીજા કાર્યકાળની તુલનામાં વધુ લોકોનું ડિપોર્ટેશન કરવામાં આવ્યું હતું.

---

### પાકિસ્તાની સેનાના સાત જવાનો બંધક, બલૂચિસ્તાનમાં આઝાદીનો જંગ તેજ

# બીએલએ સામે પાકિસ્તાની સૈનિકો ઘૂંટણિયે પડ્યા મુનીર-શાહબાઝની આખી દુનિયામાં ફજેતી

(એજન્સી) ક્વેટા । તા. 15

પાકિસ્તાનના અશાંત પ્રાંત બલૂચિસ્તાનમાં આર્મી ચીફ અસીમ મુનીરની સેનાને ભારે નાલેશીનો સામનો કરવો પડ્યો છે. બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) સામે પાકિસ્તાની સેનાના સાત જવાનોએ હથિયાર નીચે મૂકી ઘૂંટણિયે પડી આત્મસમર્પણ કર્યું હોવાના અહેવાલ છે. આ ઘટનાને પગલે વડાપ્રધાન શાહબાઝ શરીફ અને સેના પ્રમુખની વૈશ્વિક સ્તરે આકરી ટીકા અને ફજેતી થઈ રહી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી આત્મસમર્પણની તસવીરોએ પાકિસ્તાની સેનાના મનોબળ પર સવાલો ઉભા કર્યા છે.

**સાત દિવસનું અલ્ટિમેટમ અને કેદીઓની અદલા-બદલી**

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, બીએલએના લડવૈયાઓએ એક ખાસ ઓપરેશન દરમિયાન આ સાત જવાનોને બંધક બનાવ્યા છે અને તેમને 'યુદ્ધકેદી' તરીકે ગણાવ્યા છે. સંગઠનના પ્રવક્તાએ પાકિસ્તાન સરકારને સાત દિવસનું કડક અલ્ટિમેટમ આપ્યું છે. તેમની માંગ છે કે જેલબંદ બલૂચ રાજકીય કેદીઓ અને ગૂમ થયેલા વ્યક્તિઓને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. જો સરકાર આ શરતો નહીં માને તો આ જવાનોને 'બલૂચ નેશનલ કોર્ટ' માં ટ્રાયલ ચલાવીને મોતની સજા આપવાની ધમકી પણ ઉચ્ચારવામાં આવી છે.



**બલૂચિસ્તાનની આઝાદીનો દાયકાઓ જૂનો સંઘર્ષ**

આ હિંસક ઘટનાક્રમ બલૂચિસ્તાનમાં લાંબા સમયથી ચાલી રહેલા અલગતાવાદી આંદોલનનો એક ભાગ છે. બીએલએનો આરોપ છે કે પાકિસ્તાની સેના દ્વારા બલૂચ પ્રજા પર અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે અને તેમના કુદરતી સંસાધનોની લૂંટ ચલાવવામાં આવે છે. સંગઠને સ્પષ્ટપણે દાવો કર્યો છે કે આ સૈનિકો કબજો જમાવનાર દળોના ભાગ છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫ માં પણ આ જ રીતે જાફર એક્સપ્રેસના મુસાફરોને બંધક બનાવીને સેના પર દબાણ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનની સુરક્ષાની પોલ ખુલી**

આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન ખેંચ્યું છે. પાકિસ્તાન સરકાર અત્યારે આ મામલે મૌન સેવી રહી છે, પરંતુ સૈન્ય વર્તુળોમાં આત્મસમર્પણની આ ઘટનાથી ભારે ખળભળાટ મચી ગયો છે. નિષ્ણાતો માને છે કે જો પાકિસ્તાન સેના બદલો લેવા માટે કોઈ લશ્કરી ઓપરેશન શરૂ કરશે તો પરિસ્થિતિ વધુ વણસી શકે છે અને માનવાધિકાર ઉલ્લંઘનના કિસ્સાઓ વધી શકે છે. હાલમાં સમગ્ર બલૂચિસ્તાનમાં તણાવપૂર્ણ શાંતિ પ્રવર્તી રહી છે અને દુનિયાની નજર આ સાત દિવસના અલ્ટિમેટમ પર ટકેલી છે.

---

નવા વડાપ્રધાનના શપથ ગ્રહણ

# બાંગ્લાદેશમાં તારિક રહેમાનનો રાજ્યાભિષેક નક્કી



(એજન્સી) ઢાકા । તા. 15

બાંગ્લાદેશમાં લાંબા સમયથી ચાલી રહેલી રાજકીય ખેંચતાણ અને અસ્થિરતાનો આખરે અંત આવ્યો છે. સત્તા પરિવર્તનની પ્રક્રિયા હવે અંતિમ તબક્કે પહોંચી છે અને 'ઝિયા પરિવાર' ના વારસદાર તારિક રહેમાન આગામી 17 ફેબ્રુઆરીના રોજ બાંગ્લાદેશના વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કરશે. આ ઐતિહાસિક ક્ષણને આંતરરાષ્ટ્રીય ફલક પર યાદગાર બનાવવા માટે નવી સરકાર દ્વારા ભારત અને પાકિસ્તાન સહિત વિશ્વના 13 દેશોના નેતાઓને સત્તાવાર આમંત્રણ મોકલવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દક્ષિણ એશિયાના રાજકારણ માટે ખૂબ જ નિર્ણાયક માનવામાં આવી રહ્યો છે.

બાંગ્લાદેશની નવી સરકાર પોતાની વિદેશ નીતિમાં પ્રાદેશિક સંતુલન જાળવવા માટે મક્કમ હોય તેમ જણાય છે. સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, આમંત્રણ મેળવનારા દેશોમાં ભારત અને ચીન જેવા એશિયાના મહાસત્તા ગણાતા દેશો ઉપરાંત સાઉદી અરેબિયા, પાકિસ્તાન, તૂર્કિયે, સંયુક્ત આરબ અમીરાત (UAE), કતાર, મલેશિયા, બ્રુનેઈ, શ્રીલંકા, નેપાળ, માલદીવ અને ભુતાનનો સમાવેશ થાય છે. ખાસ કરીને ભારત અને ચીન બંનેને એકસાથે આમંત્રિત કરી તારિક રહેમાને સંકેત આપ્યો છે કે તેઓ કોઈ એક જૂથ તરફ નમી જવાને બદલે સંતુલિત આંતરરાષ્ટ્રીય સંબંધો ઈચ્છે છે.

તાજેતરમાં સંપન્ન થયેલી સામાન્ય ચૂંટણીઓમાં તારિક રહેમાનની આગેવાની હેઠળની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) એ પ્રચંડ બહુમતી હાંસલ કરી છે. કુલ 299 બેઠકોમાંથી BNP એ એકલે હાથે 209 બેઠકો જીતીને વિપક્ષોનો સફાયો કર્યો છે, જ્યારે તેમના સાથી પક્ષ જમાત ગઠબંધનને 68 બેઠકો પ્રાપ્ત થઈ છે. આ ભવ્ય જનાદેશ સાથે હવે તારિક રહેમાન દેશની બાગડોર સંભાળવા જઈ રહ્યા છે.

---

# એલેક્સી નવલનીની હત્યામાં નવો ઘટસ્ફોટ, નવલનીની ઝેર આપીને હત્યા

(એજન્સી) મોસ્કો । તા. 15

રશિયાના પ્રખર વિપક્ષી નેતા એલેક્સી નવલનીના રહસ્યમય મૃત્યુ મામલે પાંચ યુરોપીયન દેશોએ રશિયા સરકાર પર અત્યંત ગંભીર અને સનસનીખેજ આરોપો મૂક્યા છે. મ્યુનિક સુરક્ષા પરિષદ દરમિયાન બહાર પાડવામાં આવેલી સંયુક્ત યાદીમાં બ્રિટન, ફ્રાન્સ, જર્મની, સ્વીડન અને નેધરલેન્ડે દાવો કર્યો છે કે નવલનીની હત્યા દક્ષિણ અમેરિકાના દુર્લભ 'ડાર્ટ ફ્રોગ' (ઝેરી દેડકા) માંથી મળતા ઘાતક ઝેર દ્વારા કરવામાં આવી છે. આ ઘટસ્ફોટથી આંતરરાષ્ટ્રીય સ્તરે મોસ્કોની મુશ્કેલીઓ વધી શકે છે અને ક્રેમલિનના વિવેચકો પર થતા અત્યાચારોનો મુદ્દો ફરી ગરમાયો છે.



નવલનીના મૃતદેહના નમૂનાઓના પરીક્ષણમાં 'એપિબેટિડાઈન' નામના ઝેરની હાજરી મળી આવી છે. આ ઝેર કુદરતી રીતે માત્ર દક્ષિણ અમેરિકાના ઝેરી દેડકાઓની ત્વચામાં જોવા મળે છે અને રશિયામાં તે કુદરતી રીતે ક્યાંય અસ્તિત્વ ધરાવતું નથી. યુરોપીયન સરકારોના મતે, નવલનીના શરીરમાં આ રસાયણની હાજરી સૂચવે છે કે તેમની હત્યા સુઆયોજિત રીતે કરવામાં આવી છે. આ ઝેર શ્વસનતંત્ર નિષ્ફળ કરી દે છે અને હાર્ટ એટેક લાવવા માટે સક્ષમ છે, જે કુદરતી મૃત્યુ જેવું લાગે છે.

---

# ભારત એઆઈનું ભવિષ્ય ઘડશે દિલ્હીમાં ભવ્ય ઈમ્પેક્ટ સમિટનો પ્રારંભ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

ભારતની રાજધાની નવી દિલ્હી સોમવારથી AIના વૈશ્વિક મહાકુંભ 'ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬' ની યજમાની કરવા માટે તૈયાર છે. આ સપ્તાહભર ચાલનારી સમિટમાં વિશ્વના ૨૦ થી વધુ દેશોના પ્રતિનિધિઓ અને દિગ્ગજ ટેક કંપનીઓના વડાઓ એકમંચ પર આવશે. મીડિયા અહેવાલ મુજબ, આ સમિટ દ્વારા ભારત એઆઈ ગવર્નન્સ અને તેના નાગરિકોના જીવન પર પડનારા સકારાત્મક પ્રભાવને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરશે. એક્સેન્ચર, એમેઝોન અને ક્વાલકોમ જેવી વૈશ્વિક કંપનીઓએ સ્વીકાર્યું છે કે ભારત માત્ર સહભાગી નથી, પણ એઆઈના ભાવિને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. એક્સેન્ચરના ચેરમેન અને સીઈઓ જુલી સ્વીટે જણાવ્યું છે કે આ સમિટ એવા સમયે યોજાઈ રહી છે.

---

# અમેરિકામાં આઈસીઈની ધરપકડ ગેરકાયદે ઠરી, ટ્રમ્પના માસ ડિપોર્ટેશન કાર્યક્રમ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 15

અમેરિકામાં ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ના એજન્ટોની મનસ્વી કામગીરી પર ન્યાયતંત્રએ લાલ આંખ કરી છે. ઓક્ટોબર મહિનાથી અત્યાર સુધીમાં અમેરિકન જજોએ આશરે 4,400 થી વધુ કેસોમાં આઈસીઈ દ્વારા કરવામાં આવેલી ધરપકડોને ગેરકાયદેસર ઠેરવી છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા ઈમિગ્રન્ટ્સ પર કરવામાં આવી રહેલી કડક કાર્યવાહી અને કાયદાકીય પ્રક્રિયાના ઉલ્લંઘન બદલ કોર્ટે આકરી ઝાટકણી કાઢી છે. આ વિવાદ એટલો વકર્યો છે કે હવે ડેમોક્રેટ્સ દ્વારા હોમલેન્ડ સિક્યોરિટી વિભાગનું ફંડ રોકવાની ફરજ પડી છે. અત્યાર સુધીમાં પ્રાપ્ત થયેલી માહિતી મુજબ, અમેરિકામાં ઈમિગ્રેશનને લગતા 20,000 થી વધુ કેસો હાલમાં કોર્ટમાં પડતર છે. ટ્રમ્પ તંત્ર જે રીતે ઈમિગ્રન્ટ્સ પર ત્રાટકી રહ્યું છે તેને લઈને ન્યાયતંત્ર સતત ચેતવણી આપી રહ્યું છે. આમ છતાં, આઈસીઈ એજન્ટો દ્વારા વોરંટ વગર ઘરોમાં ઘૂસવું અને કોઈપણ પૂર્વ પરવાનગી વિના લોકોની ધરપકડ કરવી જેવી પ્રવૃત્તિઓ અવિરત ચાલુ છે. લગભગ તમામ કોર્ટોએ સ્પષ્ટ કર્યું છે કે ટ્રમ્પ પ્રશાસન ત્રણ દાયકા જૂના ફેડરલ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યું છે, જે મુજબ અમેરિકામાં રહેતા કોઈપણ ઈમિગ્રન્ટની ધરપકડ કરવામાં આવે તો તેને બોન્ડ પર મુક્ત કરવાનો અધિકાર છે.

ટ્રમ્પના શાસન હેઠળ આ મહિનાના અંત સુધીમાં અટકાયતીઓની સંખ્યા 68,000 પર પહોંચી ગઈ છે. આ આંકડો ગત વર્ષની સરખામણીએ 75 ટકા જેટલો વધારો સૂચવે છે. વહીવટી તંત્રના આ અતિરેકને કારણે કાયદાકીય મડાગાંઠ સર્જાઈ છે. 400 થી પણ વધુ ફેડરલ જજોએ નોંધ્યું છે કે યુએસ ઈમિગ્રેશન વિભાગ લોકોની ધરપકડ કરવામાં બંધારણીય મર્યાદાઓ ઓળંગી રહ્યું છે, જે લોકશાહીના મૂલ્યોની વિરુદ્ધ છે.

---

**રેસ્ક્યૂ** | વિશાખાપટ્ટનમ પાસે દરિયામાં રેસ્ક્યુ, ભારત અને જાપાન વચ્ચે ગાઢ મૈત્રી

# ભારતીય નૌકાદળે જાપાની નાગરિકનો જીવ બચાવ્યો

(એજન્સી) વિશાખાપટ્ટનમ । તા. 15

ભારતીય નૌકાદળે ફરી એકવાર દરિયાઈ સીમામાં પોતાની માનવીય સંવેદના અને ત્વરિત કાર્યવાહીનો પરિચય આપ્યો છે. વિશાખાપટ્ટનમથી આશરે ૨૦૦ કિલોમીટર દૂર મધ્ય દરિયામાં એક જાપાનીઝ જહાજ પર ગંભીર રીતે બીમાર પડેલા જાપાની નાગરિકનો જીવ બચાવવા માટે નૌકાદળે શનિવારે એક અત્યંત જટિલ મેડિકલ ઈવેક્યુએશન ઓપરેશન પાર પાડ્યું હતું. આ સાહસિક બચાવ કામગીરીએ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની 'ફર્સ્ટ રિસ્પોન્ડર' તરીકેની છબીને વધુ મજબૂત બનાવી છે.

મીડિયા અહેવાલ અનુસાર, ૧૪મી ફેબ્રુઆરીના રોજ જ્યારે ભારતીય નૌકાદળને જાણ થઈ કે વિશાખાપટ્ટનમ નજીકથી પસાર થઈ રહેલા જાપાની સેલ્ફ ડિફેન્સ ફોર્સના જહાજ પર એક નાવિકની તબિયત અત્યંત નાજુક છે, ત્યારે વિલંબ કર્યા વગર સી-કિંગ હેલિકોપ્ટર રવાના કરવામાં આવ્યું હતું. દરિયામાં ઉછળતા મોજાં અને પડકારજનક સ્થિતિ વચ્ચે



નૌકાદળના જવાનોએ ગંભીર રીતે બીમાર જાપાની નાવિકને સુરક્ષિત રીતે એરલિફ્ટ કર્યો હતો. ત્યારબાદ તેને તાત્કાલિક સારવાર માટે નૌકાદળની હોસ્પિટલ કલ્યાણી ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની તબિયત હવે સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

આ સફળ ઓપરેશન માત્ર એક બચાવ કામગીરી નથી, પરંતુ ભારત અને જાપાન વચ્ચેના 'સ્પેશિયલ સ્ટ્રેટેજિક એન્ડ ગ્લોબલ પાર્ટનરશિપ'ના ગાઢ સંબંધોનું પ્રતીક છે. બંને દેશો વચ્ચે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જોડાણ સદીઓ પુરાણું છે. જાપાનના 'સેવન લકી ગોડ્સ' એટલે કે સાત ભાગ્યશાળી દેવતાઓના મૂળ હિન્દુ પરંપરામાં રહેલા છે. વર્ષ ૭૫૨ માં ભારતીય સાધુ બોધિસેના દ્વારા જાપાનના નારા ખાતે ભગવાન બુદ્ધની વિશાળ પ્રતિમાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જે ઐતિહાસિક સંબંધોની સાક્ષી પૂરે છે.

આધુનિક યુગમાં સ્વામી વિવેકાનંદ, રવીન્દ્રનાથ ટાગોર અને સુભાષચંદ્ર બોઝ જેવા મહાનુભાવોએ ભારત-જાપાનના સંબંધોને નવી ઊંચાઈ આપી છે. મીડિયા અહેવાલ મુજબ, બીજા વિશ્વયુદ્ધ બાદ ભારતે જાપાન સાથે અલગ શાંતિ સંધિ કરીને રાજદ્વારી સંબંધોની શરૂઆત કરી હતી. આજે બંને દેશો સંરક્ષણ, સુરક્ષા, અર્થતંત્ર અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ખભેખભો મિલાવીને કામ કરી રહ્યા છે. 'સાગર' (SAGAR) સિદ્ધાંત અને ઈન્ડો-પેસિફિક વિઝન હેઠળ બંને દેશો દરિયાઈ સુરક્ષા અને કનેક્ટિવિટી વધારવા માટે કટિબદ્ધ છે.

---

# સીરિયા કે સાઉદી જ નહીં, આ દેશોમાં પણ છે લોખંડી શાસન

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

વિશ્વના દરેક દેશની પોતાની ન્યાયિક વ્યવસ્થા હોય છે, પરંતુ કેટલાક દેશો તેમના અત્યંત કઠોર અને ક્યારેક વિચિત્ર કાયદાઓ માટે જાણીતા છે. જ્યારે આપણે કડક કાયદાની વાત કરીએ છીએ, ત્યારે મનમાં સીરિયા કે સાઉદી અરેબિયાનો વિચાર આવે તે સ્વાભાવિક છે, પરંતુ ઉત્તર કોરિયા અને સિંગાપોર જેવા દેશો પણ આ યાદીમાં મોખરે છે. માનવ અધિકાર સંગઠનોના મતે ચીન, રશિયા, ઈરાન અને કતાર જેવા દેશોમાં વ્યક્તિગત સ્વતંત્રતા પર અનેક પાબંદીઓ લાદવામાં આવી છે.

સંપૂર્ણ સરકારી અંકુશ ઉત્તર કોરિયા દુનિયાનો એવો દેશ છે જ્યાં સરકારનું નિયંત્રણ નાગરિકોના શ્વાસ લેવા જેટલું કડક છે. અહીં વાણી સ્વાતંત્ર્ય અને માહિતી મેળવવાની સ્વતંત્રતા અત્યંત મર્યાદિત છે.

સરકાર વિરુદ્ધ અસંમતિ દર્શાવનારને જેલ અથવા ભયાનક શ્રમ શિબિરોમાં મોકલી દેવામાં આવે છે. સ્વચ્છતા અને કાયદાનું પાલન બીજી તરફ સિંગાપોર છે, જે તેના કાયદાઓ દ્વારા વ્યવસ્થા અને સ્વચ્છતા જાળવવા માટે જાણીતું છે. જાહેરમાં કચરો ફેંકવો કે ગંદકી કરવી એ અહીં મોટો ગુનો ગણાય છે અને તેના માટે ભારે દંડ ફટકારવામાં આવે છે. ડ્રગ્સની તસ્કરી જેવા ગંભીર ગુનાઓ માટે અહીં આજે પણ મૃત્યુદંડની સજા અમલમાં છે.

ધાર્મિક અને સામાજિક કાયદાઓની જટિલતા અનેક ઈસ્લામિક દેશોમાં ઈશનિંદા અને સમલૈંગિકતાને ગંભીર અપરાધ માનવામાં આવે છે. પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને અફઘાનિસ્તાન જેવા દેશોમાં ધર્મનું અપમાન કરવા બદલ આજીવન કેદ કે મૃત્યુદંડની જોગવાઈ છે.

# માર્ગ અકસ્માતમાં હવે મળશે મફત સારવાર: PM મોદી

## માર્ગ અકસ્માતમાં ઘાયલ થનાર લોકોને હોસ્પિટલમાં સારવાર માટે કોઈપણ પ્રકારની ચુકવણી કરવાની જરૂર રહેશે નહીં

(એજન્સી) નવી દિલ્હી | તા. 15

મોદી સરકારે PM રાહત યોજના હેઠળ માર્ગ અકસ્માત પીડિતોને 15 લાખ સુધીની કેશલેસ સારવારની જાહેરાત કરી છે. નોંધણી વિના તાત્કાલિક સારવાર મળશે. મોદી સરકારે સામાન્ય નાગરિકોને મોટી રાહત આપતી એક મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકી છે. વડા પ્રધાન કાર્યાલય દ્વારા શરૂ કરાયેલ નવી પીએમ રાહત યોજના અંતર્ગત હવે માર્ગ અકસ્માતમાં ઘાયલ થનાર લોકોને હોસ્પિટલમાં સારવાર માટે કોઈપણ પ્રકારની ચુકવણી કરવાની જરૂર રહેશે નહીં. આ યોજના ખાસ કરીને અકસ્માત પછી થતી આર્થિક મુશ્કેલીઓ દૂર કરવા માટે લાવવામાં આવી છે. માર્ગ અકસ્માતો અચાનક થાય છે અને ઘણી વખત હોસ્પિટલમાં પહોંચ્યા બાદ પૈસાની વ્યવસ્થા કે કાગળકામને કારણે સારવારમાં વિલંબ થાય છે. આવા વિલંબથી અનેક વખત જીવ જોખમમાં પડે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકારે પીએમ રાહત યોજના અમલમાં મૂકી છે.

### અકસ્માતગ્રસ્ત વ્યક્તિને સીધા પેનલવાળી હોસ્પિટલમાં સારવાર મળશે

#### કોઈ નોંધણી કે દસ્તાવેજોની જરૂર નહીં

આ યોજનાની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં કોઈ નોંધણી, વીમા પૉલિસી કે આવક પ્રમાણપત્રની જરૂર નથી. અકસ્માતગ્રસ્ત વ્યક્તિને સીધા પેનલવાળી હોસ્પિટલમાં દાખલ કરી શકાય છે અને સારવારનો સમગ્ર ખર્ચ સરકાર ભોગવશે.



#### અકસ્માતમાં સારવાર માટે નક્કી કરેલ સમયમર્યાદા

યોજનાના નિયમો અનુસાર, જો અકસ્માત ગંભીર ન હોય તો 24 કલાક સુધી મફત સારવાર આપવામાં આવશે. જો અકસ્માત ગંભીર હોય અને વધુ સારવાર જરૂરી હોય તો આ સમયમર્યાદા 48 કલાક સુધી વધારી શકાય છે. આ સુવિધા હાલ માત્ર સરકાર દ્વારા માન્ય પેનલવાળી હોસ્પિટલોમાં ઉપલબ્ધ રહેશે.

#### મહિલાઓ માટે નવું લક્ષ્ય: 6 કરોડ લખપતિ દીદીઓ

નવી ઓફિસમાંથી બીજો મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યો છે. સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે કેન્દ્ર સરકારે લખપતિ દીદી યોજનાનો વિસ્તાર કર્યો છે. અગાઉ માર્ચ 2027 સુધીમાં 3 કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું.

#### ખેડૂતો માટે માળખાગત સુવિધાઓમાં મોટો વધારો

કેન્દ્ર સરકારે ખેડૂતો માટે પણ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કૃષિ માળખાગત સુવિધાઓ માટે ફાળવવામાં આવતું ભંડોળ 1 લાખ કરોડથી વધારીને 2 લાખ કરોડ કરવામાં આવ્યું છે. આ ભંડોળથી ગ્રામ્ય વિસ્તારોમાં વેરહાઉસ, સ્ટોરેજ સુવિધાઓ અને અન્ય આવશ્યક માળખાગત વિકાસ કાર્ય હાથ ધરવામાં આવશે. આથી ખેડૂતોને તેમના પાક માટે યોગ્ય સમયે યોગ્ય ભાવ મળશે અને તેમની આવકમાં વધારો થશે.

#### અકસ્માત બાદ આર્થિક મુશ્કેલીઓ પહોંચવા નિર્ણય

વડા પ્રધાન કાર્યાલય દ્વારા શરૂ કરાયેલ નવી પીએમ રાહત યોજના અંતર્ગત હવે માર્ગ અકસ્માતમાં ઘાયલ થનાર લોકોને હોસ્પિટલમાં સારવાર માટે કોઈપણ પ્રકારની ચુકવણી કરવાની જરૂર રહેશે નહીં. આ યોજના ખાસ કરીને અકસ્માત પછી થતી આર્થિક મુશ્કેલીઓ દૂર કરવા માટે લાવવામાં આવી છે. માર્ગ અકસ્માતો અચાનક થાય છે અને ઘણી વખત હોસ્પિટલમાં પહોંચ્યા બાદ પૈસાની વ્યવસ્થા કે કાગળકામને કારણે સારવારમાં વિલંબ થાય છે. આવા વિલંબથી અનેક વખત જીવ જોખમમાં પડે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકારે પીએમ રાહત યોજના અમલમાં મૂકી છે. અકસ્માતગ્રસ્ત વ્યક્તિને સીધા પેનલવાળી હોસ્પિટલમાં દાખલ કરી શકાય છે અને સારવારનો સમગ્ર ખર્ચ સરકાર ભોગવશે.

# એક્ટર અમિતાભ બચ્ચનના અવાજમાં સેનાએ દૂશ્મનોને આપ્યો કડક સંદેશ

## ભારતીય સેનાની નવી લાઈટ કોમ્બેટ 'ભૈરવ' બટાલિયન

(એજન્સી) જમ્મુ કાશ્મીર | તા. 15

ભારતીય સેનાએ મહાશિવરાત્રિના પાવન અવસરે પોતાની નવી લાઈટ કોમ્બેટ બટાલિયન 'ભૈરવ' નો સાડા ત્રણ મિનિટનો એક પ્રભાવશાળી વીડિયો જાહેર કર્યો છે. સેનાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર શેર કરવામાં આવેલા આ વીડિયોમાં સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના દમદાર અવાજ જોવા મળ્યો છે. બચ્ચનના અવાજમાં એક કવિતા દ્વારા આ બટાલિયનની તાકાતને અત્યંત સિનેમેટિક અંદાજમાં રજૂ કરવામાં આવી છે. ભગવાન શિવના ઉગ્ર સ્વરૂપ 'ભૈરવ' થી પ્રેરિત આ બટાલિયનનું નામ અને તેની ઓળખ સેનાએ પ્રતિકાત્મક રીતે સ્થાપિત કરી છે. આ વીડિયો દ્વારા 'ભૈરવ' બટાલિયન પાસે રહેલા આધુનિક તકનીકી સંસાધનો અને હથિયારોની ઝલક પણ મળે છે. યુનિટ પાસે અત્યાધુનિક હથિયારો છે: AK-203 એસોલ્ટ રાઈફલ્સ, નેગેવ (Negev) લાઈટ મશીન ગન, રોકેટ લોન્ચર અને નાઈટ વિઝન ઉપકરણો, ડ્રોન અને સ્ટ્રાઈક વ્હીકલ, આ બધું સેનાની 'શેડો એન્ડ સ્ટીલ' (Shadow and Steel) શ્રેણીનો એક ભાગ છે. જેની શરૂઆત ગયા વર્ષે ઓક્ટોબરમાં કરવામાં આવી હતી. જેથી દુનિયાને ભારતીય સેનાની રણનીતિ અને યુનિટ્સથી વાકેફ કરી શકાય.



### જમીનથી આકાશ સુધી ચોક્કસ પ્રહાર

વીડિયોની ટેગલાઈન 'ભૈરવ - નામ નહીં, ઓળખ. ભૈરવ - નામ નહીં, પરિણામ' તેની કાર્યક્ષમતાને સચોટ રીતે વ્યક્ત કરે છે. વીડિયોમાં જોઇ શકાય છે કે, કેવી રીતે આ બહાદુર જવાનો ગીચ જંગલોમાં છુપાઈને હુમલો કરવામાં, પાણીના માર્ગે અને હવામાંથી એકદમ સચોટ પ્રહાર કરવા માટે સક્ષમ છે.

### ડિજિટલ યુગમાં સેનાની નવી રણનીતિ

ભારતીય સેનાની આ વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગ હવે આંતરરાષ્ટ્રીય સ્તરની બની ગઈ છે, જેવી ટેકનિકનો ઉપયોગ પશ્ચિમી દેશોની સેનાઓ કરે છે. હાઈ ક્વોલિટી વિઝ્યુઅલ્સ અને સશક્ત બેકગ્રાઉન્ડ મ્યુઝિક દ્વારા સેના પોતાની તાકાતને ફિલ્મી અંદાજમાં રજૂ કરી રહી છે. ફ્રાન્સ જેવી સેનાઓએ પણ તાજેતરમાં પોતાની શક્તિ બતાવવા માટે આવા વીડિયોનો સહારો લીધો છે. ભારતીય સેનાની આ પદ્ધતિ માત્ર માહિતી આપવા માટે નથી.

# રેઈન્બો નેશન' તરીકે ઓળખાતો દેશ કયો? જાણો તેની અનોખી ઓળખ પાછળનું રહસ્ય

"રેઈન્બો નેશન" શબ્દ દક્ષિણ આફ્રિકા માટે ત્યાં અસ્તિત્વમાં રહેલી વિવિધ સંસ્કૃતિઓ, જાતિઓ અને સમુદાયોને પ્રતિબિંબિત કરવા માટે બનાવવામાં આવ્યો હતો. 'રેઈન્બો નેશન' શબ્દ દક્ષિણ આફ્રિકા માટે પ્રયોજવામાં આવ્યો હતો, જેથી ત્યાં વસતી વિવિધ સંસ્કૃતિઓ, જાતિઓ અને સમુદાયોની એકતાને વિશ્વ સમક્ષ દર્શાવી શકાય. મેઘધનુષના સાત રંગોની જેમ આ દેશ અલગ-અલગ ભાષા અને ધર્મના લોકોના સંગમથી બનેલો છે. 'રેઈન્બો નેશન' એ દક્ષિણ આફ્રિકાનું વિશ્વ વિખ્યાત ઉપનામ છે.

# જયપુર એરપોર્ટ પર દિલ્હીની મહિલા મુસાફર પર શ્વાનનો હુમલો

## ઘટના બાદ એરપોર્ટ પર મુસાફરોમાં નાસભાગ મચી, સિક્યુરિટી તથા અન્ય મુસાફરોએ મહિલાને શ્વાનની પકડમાંથી છોડાવી

(એજન્સી) જયપુર | તા.15

જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે બપોરે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. દિલ્હીથી જયપુર પહોંચેલી એક મહિલા મુસાફર પર અચાનક કૂતરાએ હુમલો કર્યો હતો. આ હુમલામાં મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ અને તેના પગમાંથી લોહી વહેવા લાગ્યું હતું. ઘટના બાદ એરપોર્ટ પર હાજર અન્ય મુસાફરોમાં પણ નાસભાગ મચી ગઈ હતી. સિક્યુરિટી તથા અન્ય મુસાફરોએ મહિલાને કુતરાની પકડમાંથી છોડાવી હતી અને તાત્કાલિક ઘાયલ મહિલાને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી.



લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાઇ

**ઘટનાસ્થળે અફરાતફરી |** ઘટના જોઈને ત્યાં હાજર અન્ય મુસાફરો અને એરપોર્ટ સ્ટાફ સ્તબ્ધ થઈ ગયા હતા. મહિલાની બુમાબુમ સાંભળી સિક્યુરિટી તથા કેટલાક મુસાફરો પણ મહિલા તરફ દોડ્યાં હતા. જો કે ઘટનાક્રમ એટલો ઝડપી હતો કે, કોઈને પ્રતિક્રિયા આપવાની તક મળી નહીં. મહિલાની બૂમો સાંભળીને આસપાસના લોકો તરત જ તેની મદદે આવ્યા અને તેને સુરક્ષિત જગ્યાએ લઈ ગયા હતા. તેનો ઘા સાફ કરીને તત્કાલ તેને નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. એરપોર્ટ પ્રશાસનને જાણ કર્યા બાદ ઘાયલ મહિલાને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

**એરપોર્ટની સિક્યુરિટી સામે સવાલ |** હકીકતમાં, આ ઘટના રવિવારે બપોરે લગભગ 2:20 વાગ્યે બની હતી. મહિલા મુસાફર ફ્લાઈટમાંથી ઉતરીને ટર્મિનલ-2 ના અરાઈવલ એરિયાથી બહાર નીકળી રહી હતી. આ દરમિયાન ગેટની બહાર હાજર એક કૂતરાએ અચાનક તેના પર હુમલો કર્યો હતો. હુમલા દરમિયાન મહિલાના પગમાં ઊંડો ઘા થયો અને તે પીડાથી બૂમો પાડવા લાગી હતી.

# વૈશ્વિક મંચ પર ભારતની ધાક: Google-Microsoft સાથે 'ટ્રસ્ટેડ ટેક એલાયન્સ'માં સામેલ થનારી એકમાત્ર ભારતીય કંપની બની Jio!

(એજન્સી) નવી દિલ્હી | તા. 15

મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સમાં વિશ્વની 15 દિગ્ગજ ટેક કંપનીઓએ સુરક્ષિત ટેકનોલોજી માટે 'ટ્રસ્ટેડ ટેક એલાયન્સ' (TTA) ની જાહેરાત કરી છે. આ એલાયન્સમાં ભારતમાંથી એકમાત્ર રિલાયન્સ જીઓનો સમાવેશ થયો છે, જે હવે ગૂગલ અને એમેઝોન જેવી કંપનીઓ સાથે મળીને વૈશ્વિક AI અને 5G ના ધોરણો નક્કી કરશે. રિલાયન્સ જીઓએ વૈશ્વિક સ્તરે વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સમાં વિશ્વની 15 દિગ્ગજ ટેક કંપનીઓ, જેમાં ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એમેઝોનનો સમાવેશ થાય છે, તેમણે સાથે મળીને 'ટ્રસ્ટેડ ટેક એલાયન્સ' (TTA) બનાવ્યું છે. ભારતમાંથી જીઓ આ એલાયન્સનું એકમાત્ર સભ્ય છે. તેનો લક્ષ્ય AI, 5G અને ક્લાઉડ ટેકનોલોજી માટે એવા સુરક્ષિત અને ભરોસાપાત્ર નિયમો બનાવવાનો છે, જેથી ડેટા ચોરીનો ખતરો ખતમ થાય અને વૈશ્વિક સ્તરે ટેકનોલોજીને પારદર્શક બનાવી શકાય. આફ્રિકા, એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકાની 15 મોટી કંપનીઓએ 'ટ્રસ્ટેડ ટેક એલાયન્સ' (TTA) ના ગઠનની જાહેરાત કરી છે. આ સમાન વિચારધારા ધરાવતી આંતરરાષ્ટ્રીય ટેક કંપનીઓનું એક જૂથ છે, જે કનેક્ટિવિટી, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેમિકન્ડક્ટર, સોફ્ટવેર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે એવી ટેકનિક બનાવવા માટે સાથે આવ્યા છે જેના પર વિશ્વ વિશ્વાસ કરી શકે અને જેને પારખી શકાય. આ એલાયન્સમાં ભારત તરફથી Jio Platforms સામેલ છે. જર્મનીમાં આયોજિત મ્યુનિક સિક્યુરિટી કોન્ફરન્સ દરમિયાન આ એલાયન્સની જાહેરાત કરવામાં આવી હતી. એલાયન્સના સ્થાપક સભ્યોમાંએમેઝોનવેબસર્વિસીસ, માઈક્રોસોફ્ટ, ગૂગલ ક્લાઉડ, એરિક્સન, નોકિયા, SAP અને NTT જેવી કુલ 15 ગ્લોબલ ટેક કંપનીઓ સામેલ છે. એલાયન્સનું કહેવું છે કે આગળ જતાં વધુ કંપનીઓને આની સાથે જોડવામાં આવશે. આ સાથે જ, દેશ અને દુનિયાના સ્તરે પોતાની ટેકનિકને વધુ બહેતર બનાવવા, અન્ય કંપનીઓ સાથેની સ્પર્ધામાં ટકી રહેવા અને એક મજબૂત ડિજિટલ સિસ્ટમ તૈયાર કરવા પર કામ ચાલુ રહેશે. લોન્ચિંગ પ્રસંગે જીઓ પ્લેટફોર્મ્સના સીઈઓ કિરણ થોમસે જણાવ્યું હતું કે, વિશ્વ સ્તરે ડિજિટલ વિકાસને ગતિ આપવા માટે ભરોસાપાત્ર, સુરક્ષિત અને પારદર્શક ટેકનોલોજી જરૂરી છે. જીઓ પ્લેટફોર્મ્સને ગર્વ છે કે તે 'ટ્રસ્ટેડ ટેક એલાયન્સ'નો હિસ્સો બન્યું છે, જેથી ટેકનોલોજીની દુનિયામાં સાથે મળીને એવા નિયમો અને રીતો બનાવી શકાય જે સુરક્ષિત હોય અને જેના પર સૌ ભરોસો કરી શકે. તેમણે આગળ જણાવ્યું કે, અમે આ પ્રયાસ દ્વારા વિશ્વભરના ભાગીદારો સાથે મળીને આગામી સમયની ઈન્ટરનેટ કનેક્ટિવિટી, ક્લાઉડ અને AI સિસ્ટમને એટલી બહેતર બનાવવા માંગીએ છીએ કે લોકો લાંબા સમય સુધીતેમનાપરવિશ્વાસકરીશકે. માઈક્રોસોફ્ટના વાઈસ ચેરમેન અને પ્રેસિડેન્ટ બ્રેડ સ્મિથે આ પ્રસંગે જણાવ્યું હતું કે વર્તમાન વૈશ્વિક વાતાવરણમાં સમાન વિચારધારા ધરાવતી કંપનીઓનું સાથે આવવું જરૂરી છે, જેથી સીમાઓ પાર ટેકનિકમાં વિશ્વાસ અને ઉચ્ચ ધોરણો સ્થાપિત કરી શકાય.

## સાયબર ફ્રોડ અને મની લોન્ડરિંગનું મોટું નેટવર્ક

# જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોની મોટી કાર્યવાહી, 8,000 બેંક ખાતાઓ ફ્રીઝ

(એજન્સી) જમ્મુ કાશ્મીર | તા. 15

જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓએ સાયબર ફ્રોડ અને મની લોન્ડરિંગનું મોટું નેટવર્ક પકડી પાડ્યું છે. 8,000 બેનામી 'મ્યુલ' બેંક ખાતાઓ ઓળખીને ફ્રીઝ કરાયા છે.

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓએ બેનામી બેંક ખાતાઓના ઉપયોગ દ્વારા મની લોન્ડરિંગ અને સાયબર છેતરપિંડી ચલાવતા એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ ખાતાઓનો ઉપયોગ આતંકવાદી ભંડોળ માટે પણ થતો હોવાની ગંભીર શંકા છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન આવા લગભગ 8,000 બેનામી બેંક ખાતાઓ ઓળખીને ફ્રીઝ કરવામાં આવ્યા છે.

સુરક્ષા એજન્સીઓના જણાવ્યા મુજબ, આ બેનામી ખાતાઓ આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડી ગેંગ માટે મહત્વપૂર્ણ સાધન બની ગયા હતા. મુખ્યત્વે આ ખાતાઓનો ઉપયોગ સાયબર ફ્રોડથી મળેલા નાણાંને એક સ્થળેથી બીજા સ્થળે ખસેડવા માટે થતો હતો. એજન્સીઓને ભય છે કે આતંકવાદી સંગઠનો અને અલગતાવાદી તત્વો પણ આ નાણાકીય ચેનલોનો ઉપયોગ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે કરી રહ્યા હોઈ શકે છે. અધિકૃત સૂત્રોના જણાવ્યા અનુસાર, બેનામી અથવા 'મ્યુલ એકાઉન્ટ્સ' સાયબર છેતરપિંડીની દુનિયાની સૌથી નબળી પરંતુ સૌથી મહત્વપૂર્ણ કડી છે. આ ખાતાઓ વિના ગેરકાયદેસર નાણાંને ક્રિપ્ટોકરન્સીમાં રૂપાંતરિત કરવું લગભગ અશક્ય બની જાય છે.

**અનામી વ્યવહારો રોકવા માટે કાર્યવાહી** કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓએ જમ્મુ અને કાશ્મીર પોલીસ સહિત અન્ય દળોને બેનામી ખાતાઓ અંગે ચેતવણી આપી છે. બેંકો સાથે સતત સંકલન રાખીને આવા ખાતાઓને ઓળખવા અને જેના નામે ખાતાઓ છે તે વ્યક્તિઓની ભૂમિકા નક્કી કરવા સૂચના આપવામાં આવી છે. મ્યુલ એકાઉન્ટ એવા બેંક ખાતાઓને કહેવામાં આવે છે, જે ગુનેગારો પોતાના નામે નહીં પરંતુ અન્ય વ્યક્તિના નામે ઉપયોગમાં લે છે.

### કૌભાંડ મ્યુલ એકાઉન્ટ્સ પર આધારિત

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે સમગ્ર કૌભાંડની વ્યવસ્થા આ મ્યુલ એકાઉન્ટ્સ પર આધારિત છે. જો નાણાં ખસેડવા માટે કોઈ માધ્યમ ન હોય, તો છેતરપિંડી શરૂઆતમાં જ નિષ્ફળ જાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે જે લોકો પોતાના ખાતા ભાડે આપે છે, તેઓ માત્ર ભોગ નથી પરંતુ ગુનામાં સક્રિય ભાગીદાર છે. સુરક્ષા એજન્સીઓના અભ્યાસમાં ચીન, મલેશિયા, મ્યાનમાર અને કંબોડિયા જેવા દેશોમાંથી સંચાલિત નેટવર્ક્સની ઓળખ કરવામાં આવી છે.

### VPNના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો

જે જમ્મુ અને કાશ્મીરના રહેવાસીઓને ખાનગી ક્રિપ્ટો વોલેટ બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. આ વોલેટ્સ ઘણીવાર VPN નો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે, જેથી ઓળખ અને KYC પ્રક્રિયા ટાળી શકાય. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, જમ્મુ અને કાશ્મીર પોલીસે ખીણ વિસ્તારમાં VPNના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે, કારણ કે તેનો ઉપયોગ આતંકવાદી અને અલગતાવાદી તત્વો દ્વારા પોતાની ઓળખ છુપાવવા માટે થઈ રહ્યો હતો.

# પહાડોમાં હિમવર્ષા ને મેદાની વિસ્તારોમાં વરસાદનું એલર્ટ

## આવતીકાલથી પલટાશે હવામાન

(એજન્સી) નવી દિલ્હી | તા. 15

ભારતીય હવામાન વિભાગની તાજેતરની આગાહી મુજબ, ઉત્તર ભારતના અનેક ભાગોમાં આવતીકાલ એટલે કે સોમવાર, 16 ફેબ્રુઆરી 2026 થી હવામાનમાં મોટો પલટો આવવાની સંભાવના છે. એક સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની તીવ્ર અસરને કારણે હિમાલયના પ્રદેશોમાં ભારે હિમવર્ષા અને મેદાની રાજ્યોમાં વરસાદી માહોલ સર્જાશે. જમ્મુ કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થવાથી ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે, જ્યારે દિલ્હી એનસીઆર સહિતના મેદાની વિસ્તારોમાં વાદળછાયા આકાશ સાથે તાપમાનમાં વધઘટ જોવા મળશે. હવામાનમાં આ પરિવર્તન મુખ્યત્વે પશ્ચિમી પવનોના પ્રભાવ હેઠળ થઈ રહ્યું છે, જે આગામી 19 ફેબ્રુઆરી સુધી જારી રહે તેવી શક્યતા છે. 16 ફેબ્રુઆરીની સાંજથી જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં હવામાન બદલાશે. 17 અને 18 ફેબ્રુઆરી દરમિયાન આ વિસ્તારોમાં વ્યાપક હિમવર્ષા (Snowfall) અને મધ્યમ વરસાદની અપેક્ષા છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચાઈવાળા પ્રદેશોમાં પણ ઘણી જગ્યાએ બરફ વર્ષા થવાની શક્યતા છે, જેના કારણે પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓની અવરજવરને અસર થઈ શકે છે. પહાડી વિસ્તારોમાં થનારી આ હિમવર્ષાની અસર સીધી રીતે ઉત્તર ભારતના મેદાની રાજ્યોના લઘુત્તમ તાપમાન પર પડશે.

### દક્ષિણ અને પૂર્વ ભારતમાં ગરમીનું મોજું

જ્યારે ઉત્તર ભારતમાં વરસાદ અને હિમવર્ષાનું એલર્ટ છે, ત્યારે પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં ગરમીનો પારો વધી રહ્યો છે. કોંકણ અને ગોવા સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાથી ગરમ અને ભેજવાળું હવામાન રહેશે. 15 અને 16 ફેબ્રુઆરીએ કોંકણ ગોવામાં અને 17 ફેબ્રુઆરીએ કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીનું મોજું જેવી સ્થિતિ સર્જાવાની સંભાવના છે. બીજી તરફ, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં 30 થી 40 કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે.

Algoquant
Technology | Trade Redefined

**અલ્ગોક્વોન્ટ ફિનટેક લિમિટેડ**

CIN: L74110GJ1962PLC136701
નોંધણીકૃત કચેરી: યુનિટ નં. 503 A-B, 504 A-B, 5મો માળ, ટાવર A WTC બ્લોક નં. 51, રોડ 5E, ઝોન-5, ગિફ્ટ સિટી, ગાંધીનગર, ગુજરાત – 382050
ઈ-મેલ: investors@algoquantfintech.com
વેબસાઈટ: www.algoquantfintech.com | ફોન: +91-9910032394

**૩૧ ડિસેમ્બર, 2025 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટેના અનઑડિટેડ નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) નું નિવેદન**

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ફેબ્રુઆરી 14, 2026 ના રોજ યોજાયેલી તેની મીટિંગમાં, ૩૧ ડિસેમ્બર, 2025 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવ મહિના માટે કંપનીના અનઓડિટેડ નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ("નાણાકીય પરિણામો") ને મંજૂરી આપી છે, જેની સાથે કંપનીના વૈધાનિક ઓડિટર દ્વારા જારી કરવામાં આવેલ લિમિટેડ રિવ્યૂ રિપોર્ટ પણ સામેલ છે.
SEBI (LODR) રેગ્યુલેશન્સ, 2015 ના રેગ્યુલેશન 47 ના પાલનમાં, ઉપરોક્ત પરિણામો હવે નીચે આપેલ ક્વિક રિસ્પોન્સ કોડ ("QR Code") દ્વારા ઉપલબ્ધ છે અને તે કંપનીની વેબસાઈટ https://www.algoquantfintech.com/investors પર તેમજ સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડ https://www.bseindia.com અને NSE લિમિટેડ https://www.nseindia.com પર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

Quarterly Result 31 Dec, 2025

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને તેમના વતી
અલ્ગોક્વોન્ટ ફિનટેક લિમિટેડ
સહી/-
દેવાંશ ગુપ્તા
મેનેજિંગ ડિરેક્ટર
DIN: 06920376

તારીખ: ફેબ્રુઆરી 14, 2026
સ્થળ: નવી દિલ્હી

સિટી એક્સપ્રેસ
MONDAY 16 FEBRUARY-2026
AHMEDABAD



## ગઢડામાં ઘેલો નદીમાંથી અમરેલીના યુવકનો મૃતદેહ મળ્યો

બોટાદ | ગઢડા નજીક ઘેલો નદીના રમાઘાટ ડેમ પાસેથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ ગઢડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી હતી.મૃતદેહ રમાઘાટ ડેમની બાજુમાં આવેલા પાણીના ખાડામાંથી મળી આવ્યો હતો.

શરૂઆતમાં મૃતદેહ અજાણ્યા વ્યક્તિનો હોવાનું જણાયું હતું.ઘટનાની જાણ થતાં ગઢડા પીઆઈ પલાસ અને પીએસઆઈ હેરમા સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસ તપાસમાં મૃતકની ઓળખ અમરેલીના જાફરશા મહમદશા પઠાણ તરીકે થઈ છે.

## ઘેલા સોમનાથ મંદિરે મહાશિવરાત્રી, ભક્તોનું ઘોડાપૂર

જસદણ, રાજકોટ | જસદણના સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મંદિરે મહાશિવરાત્રી પર્વ નિમિત્તે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું છે. દાદાના સાનિધ્યમાં ભક્તિમય માહોલમાં મંગળા આરતી સંપન્ન થઈ હતી. આ પવિત્ર અવસરે રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયા, જસદણ પ્રાંત અધિકારી ખાંભળા અને અન્ય પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિર ખાતે દર્શનાર્થીઓ માટે સવારે અને બપોરે એમ બે વખત રુદ્રાભિષેકનું આયોજન કરાયું છે.

### 'તમારા હિતો સાથે નરેન્દ્ર મોદી સમાધાન કરી શકે નહીં' : 'વચેટિયાઓનો અંત આવશે, હકનું પૂરેપૂરું અનાજ મળશે'

# 'રાહુલ ગાંધી ખોટું બોલે છે, ખેડૂતોને ગેરમાર્ગે દોરે છે':ગૃહમંત્રી અમિત શાહનો પડકાર, ખોટી વાતો ના ફેલાવો, ભાજપ કોઈપણ મંચ પર ચર્ચા કરવા તૈયાર...

ગાંધીનગર | ગાંધીનગર ખાતેથી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) આધારિત પારદર્શક, આધુનિક અને સરળ જાહેર વિતરણ વ્યવસ્થાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે અમિત શાહે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ટ્રેડ ડિલ મુદ્દે ચર્ચા કરવા ખુલ્લો પડકાર ફેંક્યો હતો.

અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસ સરકાર અને કોંગ્રેસ નેતૃત્વ ખોટું બોલીને ગેરમાર્ગે દોરે છે. પાર્લામેન્ટમાં કોંગ્રેસના શહેજાદા રાહુલ ગાંધી ખેડૂતોની વાત કરે છે. હું તેમને કહેવા માગું છું કે, તમે ખેડૂતોનું કેટલું અનાજ ખરીદ્યું હતું. 10 વર્ષ યુપીએ સરકારના અને 10 વર્ષ નરેન્દ્ર મોદી સરકારના. અમે તમારા કરતા 15 ગણું વધુ અનાજ ટેકાના ભાવે વધુ ખરીદ્યું છે.

તમારા સમયમાં ખેડૂતોનું બજેટ 26 હજાર કરોડ હતું અને નરેન્દ્ર મોદીના સમયમાં 1 લાખ 29 હજાર કરોડ કર્યું છે. તમે એકવાર ખેડૂતોનું દેવું માફ કર્યું પણ નરેન્દ્ર મોદી 10 વર્ષથી દરેક ખેડૂતના ખાતામાં વર્ષે 6000 રૂપિયા આપી લોન ન લેવી પડે એવું કામ કરે છે. એ લોકો કહે છે કે, યુરોપિયન યુનિયન, ઈંગ્લેન્ડ સાથે થયેલા વ્યાપારિક કરારો અને અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલથી મોદીજીએ ખેડૂતોને નુકસાન પહોંચાડ્યું છે.

હું રાહુલ ગાંધીને પડકાર ફેંકુ છું કોઈપણ મંચ નક્કી કરી લો, ભાજપના યુવા મોરચાના અધ્યક્ષ તમારી સાથે ચર્ચા કરી લેશે, નુકસાન કોણે કર્યું? હું દેશના ખેડૂતોને કહેવા આવ્યો છું કે, રાહુલ ગાંધી ખોટું બોલે છે, ખેડૂતોને ગેરમાર્ગે દોરે છે. યુરોપિયન યુનિયન, ઈંગ્લેન્ડ સાથે થયેલા વ્યાપારિક કરારો અને અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડિલ આ બન્ને કરારોમાં મોદીજીએ ખેડૂતોને સુરક્ષિત કર્યા છે, કોઈએ ચિંતા કરવાની જરૂર નથી.

આ ડેરીની ભૂમિ છે. રાહુલ ગાંધી તમે ખોટી વાતો ફેલાવો છો કે, મોદીજીએ આ બન્ને ટ્રેડ ડિલ કરી આપણી ડેરીને સમાપ્ત કરી દીધી. અમે તો ડેરી માટે રસ્તો વધારનારા છે. બન્ને કરારોમાં ડેરી સેક્ટરને સંપૂર્ણ સુરક્ષા આપવાનું કામ નરેન્દ્ર મોદીજીએ કર્યું છે. ભારતના માછીમારોની પ્રોડક્ટ અને કૃષિ ઉત્પાદન દુનિયામાં પહોંચાડવાનો રસ્તો પણ ખૂલ્યો છે. હું ફરી એકવાર ખાતરી આપવા માગું છું, તમારા હિતો સાથે નરેન્દ્ર મોદી સમાધાન કરી શકે નહીં, આ અસંભવ છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ આગળ કહ્યું કે, હવે ગરીબોને સસ્તું અનાજ આપવાની દિશામાં પણ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સાકાર થઈ રહ્યું છે. જે અંતર્ગત CBDC એટલે કે, સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી પ્રોજેક્ટ અને 'મેડ ઇન ગુજરાત' એવા અન્નપૂર્તિ ગ્રેઈન એટીએમ જેવી આધુનિક સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે. આ નવી ટેક્નોલોજી આધારિત વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે નાબૂદ થશે અને વચેટિયાઓનો અંત આવશે, જેનાથી છેવાડાના ગામડા, આકાંક્ષી જિલ્લાઓ અને પછાત વિસ્તારોમાં વસતા નાગરિકોને તેમના હકનું પૂરે-પૂરું અનાજ સીધું અને પારદર્શક રીતે મળી રહેશે.

જ્યારે CBDC આધારિત જાહેર વિતરણ વ્યવસ્થા અંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, આ ટેક્નોલોજીના માધ્યમથી લાભાર્થીઓને ડિજિટલ ટોકન દ્વારા સબસિડી, વસ્તુનું વજન અને તેની કિંમતની સચોટ જાણકારી મળશે. આ ડિજિટલ ટ્રેકિંગ અને મોનિટરિંગને કારણે યોજનાના લાભોમાં ૧૦૦ ટકા પારદર્શિતા આવશે અને 'સેચ્યુરેશન એપ્રોચ' એટલે કે દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચવાનો સરકારનો સંકલ્પ ખરા અર્થમાં સાકાર થશે.

### સાદો ફોન ધરાવતા લાભાર્થીને પણ ATMથી અનાજની સુવિધા અપાશે

ખાદ્ય અને જાહેર વિતરણ કેન્દ્રીય મંત્રી શ્રી પ્રહલાદ જોશી જણાવ્યું હતું કે,દેશભરમાં રેશનકાર્ડનું ડિજિટલાઈઝેશન થવાથી 'વન નેશન, વન રાશન કાર્ડ'ની સંકલ્પના સાકાર થઈ છે. RBIની પહેલથી શરૂ થયેલી ડિજિટલ કૂપન દ્વારા લાભાર્થી કોઈપણ સમયે ગ્રેઈન ATM પર જઈને QR કોડ સ્કેન કરીને અનાજ મેળવી શકશે. આ સિવાય સાદો ફોન ધરાવતા લાભાર્થીને પણ SMS થકી OTP દ્વારા ATMથી અનાજની સુવિધા આપવામાં આવશે. રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, નવી પદ્ધતિ અમલમાં આવતા જ વિતરણ પ્રક્રિયામાં માનવ હસ્તક્ષેપ ઘટશે અને ભ્રષ્ટાચારને કાબૂમાં લેવા મદદ મળશે. લાભાર્થીઓને પેકેજિંગ સાથે સચોટ જથ્થો આપવામાં આવશે જેથી એક દાણો પણ ઓછો ન પડે. કાર્યક્રમ દરમિયાન હર્ષ સંઘવીએ વિરોધ પક્ષોને સંદેશ આપતા કહ્યું કે સાચું રાજકારણ એ છે જે છેવાડાના માણસ સુધી સરકારની યોજનાઓ પહોંચાડે. ગુજરાત ટેકનોલોજી આધારિત પારદર્શિતાના ક્ષેત્રમાં ફરી એકવાર દેશને દિશા બતાવી રહ્યું છે.

## અહી કેમ સિગારેટ પીવો કહી ત્રણ યુવકો ઉપર છરીથી જીવલેણ હુમલો

અમદાવાદ | બાપુનગરમાં અહિ કેમ સિગારેટ પીવો કહીને કાકા-ભત્રીજાએ ત્રણ યુવકો પર છરીથી હુમલો કર્યો હતો. જેમાં એક યુવકને ઉપર ઉપરા છાપરી છરીના ઘા મારીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. યુવકને આગળ જઇને સિગારેટ પીવાનું કહેતા મારા મારી થઈ હતી. આ ઘટનામાં લોહી લુહાણ હાલતમાં બે યુવકો સારવાર હેઠળ છે. આરોપીઓ તકરાર કરીને વાહનમાં તોડફોડ કરી હતી. આ બનાવ અંગે બાપુનગર પોલીસે કાકા-ભત્રીજા સામે ખૂનની કોશિષનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે વધુ તપાસ હાથ ધરી છે. યુવકને આગળ જઇને સિગારેટ પીવા કહી છરીથી હુમલો કરી વાહનમાં તોડફોડ : બે યુવકો લોહી લુહાણ હાલતમાં સારવાર હેઠળ,બાપુનગર પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો નિકોલમાં રહેતા યુવકે બાપુનગર પોલીસ સ્ટેશનમાં બાપુનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે કાકા ભત્રીજા સામે ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે રાતે ૮ વાગે તેઓ મિત્ર સાથે કારમાં બાપુનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે ગયા હતા. ત્યાં પાન પાર્લર પર જઈને સિગારેટ પીતા હતા આ સમયે આરોપીઓએ ત્યાં આવીને ફરિયાદીને અહી કેમ સિગારેટ પીવો છે કહીને આગળ જઇને સિગારેટ પીવાનું કહેતા હું અહી જાહેરમાં સિગારેટ પીવુ છે તો તને શુ તકલીફ છે કહેતા બન્નેએ ઉશ્કેરાઇને ગાળો બોલીને મારા મારી કરી હતી. જેથી ફરિયાદીના બે મિત્રો વચ્ચે છોડાવવા વચ્ચે પડતા બન્નેએ છરીથી હુમલો કર્યો હતો.

### હાથીજણમાં પાર્કિંગના ઝઘડાની અદાવત રાખી સોસાયટીમાં જઈ હુમલો, 6ની ધરપકડ

# નંબર પ્લેટ વગરની કારમાં આવી મારામારી



અમદાવાદ | અમદાવાદના હાથીજણ વિસ્તારમાં ધર્મવાટિકા સોસાયટીમાં સ્થાનિક લોકો ઉપર સોસાયટીના જ વ્યક્તિ દ્વારા માણસો બોલાવીને મારામારી કરવામાં આવી હોવાની ઘટના બની હતી. કાળા કલરની નંબર પ્લેટ વિનાની કારમાં આવીને પાંચથી છ જેટલા શખસો દ્વારા સોસાયટીના રહીશને માર મારવામાં આવ્યો હતો. મારામારીની ઘટના સોસાયટીના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. આ મામલે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેના પગલે પોલીસે 6 આરોપીની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, શહેરના હાથીજણ વિસ્તારમાં પોલીસનો અને કાયદાનો કોઈ ડર ન હોય તેમ જાહેરમાં નંબર પ્લેટ વિનાની ગાડીમાં આવી ના સ્થાનિક લોકો પર મારામારીની ઘટના બની છે. હાથીજણની ધર્મવાટિકા સોસાયટીમાં દ્રશ્ય ગોસ્વામી નામનો યુવક તેના પરિવાર સાથે રહે છે. 14 જાન્યુઆરીના રોજ સોસાયટીમાં પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી, જે ઝઘડાની અદાવત રાખી ગઈકાલે (14 ફેબ્રુઆરી) બપોરના સમયે દ્રશ્ય ગોસ્વામી અને અન્ય લોકો દ્વારા કાળા કલરની નંબર પ્લેટ વિનાની ગાડીમાં આવ્યા હતા અને સોસાયટીના રહીશ પર હુમલો કર્યો હતો. 6 જેટલા શખ્સો દ્વારા સોસાયટીના રહીશને માર મારવામાં આવ્યો હતો. સોસાયટીના ટોળેટોળાં પણ ભેગા થઈ ગયા હતા. ઘટનાને પગલે સોસાયટીના રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.દ્રશ્ય ગોસ્વામી અને તેની સાથેના આવેલા અન્ય લોકો મારામારી કરીને ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા વિવેકાનંદ નગર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. સોસાયટીના સભ્યોએ વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં દ્રશ્ય ગોસ્વામી અને તેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. ગણતરીના કલાકોમાં 6 આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

## બહેનના પ્રેમીને પગમાં ગોળી મારી

### પિતરાઈ ભાઈએ પાટણના યુવક પર ફાયરિંગ કર્યું, 3 દિવસમાં 4 રાઉન્ડ ફાયરિંગ; શું કરે છે અમદાવાદ પોલીસ...?




(એજન્સી) અમદાવાદ | તા.15

અમદાવાદના સોલામાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાયરિંગ કર્યું છે. યુવકની કાકાની દીકરી સાથે પાટણના યુવાનને પ્રેમ સંબંધ હતો, જેની અદાવત રાખીને પાટણના યુવકને પગમાં ગોળી ધરબી દીધી છે. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સોલા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બહેન સાથેના પ્રેમસંબંધની અદાવતમાં પિતરાઈ ભાઈએ યુવકના પગમાં ગોળી ધરબી

મળતી વિગત અનુસાર, અમદાવાદ સોલા વિસ્તારમાં આવેલા ઉગતી બંગલો ચાર રસ્તા પાસે મોન્ટુ દેસાઈ નામના યુવકે પાટણના યુવક પર ફાયરિંગ કર્યું છે. મોન્ટુ દેસાઈની કાકાની દીકરીને પાટણના અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ હતો. જે બાબતે અગાઉ ઝઘડો થયો હતો અને સમાધાન પણ થયું હતું.

જોકે મોન્ટુ દેસાઈને તે બાબતનો રોષ આજે 15 ફેબ્રુઆરીએ મોન્ટુ અને યુવક બંને અમદાવાદમાં હતાં. ચાણક્યપુરી ખાતે ભેગા પણ થયા હતા. આ દરમિયાન બોલાચાલી થઈ ત્યારે મોન્ટુએ તેના પાસેની રિવોલ્વર વડે યુવકના પગમાં ગોળી મારી હતી.

ગોળી વાગતા યુવક ઈજાગ્રસ્ત થયો હતો, જેથી યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મોન્ટુ સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. સોલા પોલીસે ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ફરાર મોન્ટુ દેસાઈની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં ગત(14 ફેબ્રુઆરી) મોડી રાત્રે જમાઈએ સસરાની હત્યા કરી દીધી હતી. યુવકની પત્ની 10 દિવસથી પિયરમાં ગઈ હતી અને પરત આવતી નહોતી, જેથી યુવક પત્નીને લેવા ગયો હતો.

આ દરમિયાન બોલાચાલી થતા જમાઈ ઈબ્રાહિમ મન્સુરીએ બે શખ્સ સાથે મળીને સસરા અજીજ મન્સૂરીની તેમના ઘર આગળ જ હત્યા કરી દીધી હતી. નારોલ પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## ઝાડ સાથે અથડાતાં કાર ચાલક યુવકનું મોત : પરિવારજનાએ ફરિયાદ કરવાનો ઈન્કાર કર્યો

(એજન્સી) અમદાવાદ | તા.15

વટવા જીઆઈડીસી રોડ ઉપર પૂરઝડપે જતી કાર ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. જોરદાર ટક્કરના કારણે કાર ચાલક યુવકનું સ્થળ ઉપર જ મોત થયું હતું. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થતાં પોલીસ દોડતી થઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં પત્નીને સાસરીમાં લેવા યુવક જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત થયો હતો. જો કે પરિવારજનોએ આ અંગે પોલીસ ફરિયાદ કરવાનો ઈન્કાર કર્યો હતો.

વટવામાં પૂરઝડપે જતી કાર ધાડાકાભેર અથડાઈ, ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થતાં પોલીસ દોડતી થઈ આ અંગે પરિવારજનાએ ફરિયાદ કરવાનો ઈન્કાર કર્યો

ગાંધીનગર માણસા તાલુકાના ગામમાં રહેતા યુવક પત્નીને સાસરીમાં જતા હતા. ગઈકાલે મોડી રાતે કાર લઈને પૂરઝડપે જશોદાનગરથી હાથીજણ રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા કાર રોડ પર આવેલી એક કંપનીના મુખ્ય ગેટ પાસેના બાવળના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

જેના કારણે માથામાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. આ અંગે ટ્રાફિક જે ડિવિઝન પોલીસે તપાસ કરતા યુવકે સાસરે જતા હતા. સમયે અકસ્માત સર્જાયો હતો. જો કે સીસીટીવી ફૂટેજથી તપાસ કરતાં કાર ૯૦ની સ્પીડે જતી હતી.

## નારોલ-નરોડા હાઈ-વે પર મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સમાં આગ ભભૂકી : જાનહાની નહી



અમદાવાદ | અમદાવાદના નારોલ- નરોડા હાઈવે પર કૃષ્ણનગર વિસ્તારમાં વિજય પાર્ક પાસે મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સમાં આવેલી દુકાનમાં આગ લાગવાની ઘટના બની છે. ફાયર બ્રિગેડની ચાર જેટલી ગાડીઓ ઘટનાસ્થળ ઉપર રવાના કરવામાં આવી છે. ફાયર બ્રિગેડની ટીમ હાલ સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાના પ્રયત્ન કરી રહી છે.

ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના નારોલ-નરોડા હાઈ-વે પર વિજયપાર્ક પાસે આવેલા મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સમાં આવેલી ઈલેક્ટ્રિક સર્વિસ ડકમાં આગ લાગી હતી. સર્વિસ ડકમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ભડાકા થયા હતા. આગ લાગતા અને ભડાકા થતા દુકાનદારોમાં દોડધામ મચી હતી. લોકો દોડીને બહાર આવી ગયા હતા. ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયરબ્રિગેડની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી..

ફાયરબ્રિગેડના જવાનો દ્વારા બીજા માળે સર્વિસ ડકમાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

## વેલેન્ટાઈન ડેએ ઉચ્ચ અધિકારી પત્નીનો પીછો કરવા પતિએ જાસૂસ મોકલ્યો...!

ગાંધીનગર : ગાંધીનગરમાં બહેનપણીના ઘરે રહેતી ઉચ્ચ અધિકારી મહિલાની જાસુસી માટે પતિએ જાસૂસ મોકલ્યો હોવાની ઘટના બહાર આવી છે. દંપતિ વચ્ચે મનમેળ ન આવતા હાલ છુટાછેડાનો કેસ ચાલી રહ્યો છે ત્યારે આજે વેલેન્ટાઈન દિવસે મહિલાના ઘર બહાર કાર લઈને આવેલો જાસૂસ પકડાયો હતો. આખરે આ મામલે પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે હાલ ગાંધીનગરમાં રહેતા એક ઉચ્ચ મહિલા અધિકારીના લગ્ન ઉત્તર ગુજરાતમાં રહેતા યુવાન સાથે થયા હતા અને લગ્નજીવન બાદ દંપતિ વચ્ચે મનમેળ ન આવતા મહિલા છેલ્લા એક વર્ષથી અલગ બહેનપણીના ઘરે રહે છે. હાલ ગાંધીનગર કોર્ટમાં છૂટાછેડાનો કેસ પણ દાખલ કરવામાં આવેલો છે ત્યારે આ મહિલાને કેસ પાછો ખેંચી લેવા માટે દબાણ કરવા તેમજ તેમની હિલચાલ ઉપર નજર રાખવા માટે પતિએ જાસૂસ રોક્યો હતો અને આજે સવારના સમયે આ મહિલા ઘરે હાજર હતા તે દરમિયાન તેમની જાસુસી કરવા માટે આવેલો આ જાસૂસ ઘર પાસેથી જ પકડાયો હતો.

# આપનું ખેડૂત આંદોલન: 9 માર્ચે ગાંધીનગરમાં મહાસંમેલન

### ભાજપ સરકાર સામે વ્યાપક જનઆંદોલનની તૈયારી આમ આદમી પાર્ટીએ બતાવી તૈયારી

અમદાવાદ: ગુજરાતમાં ખેડૂતોની વધતી જતી સમસ્યાઓ અને સરકારની ઉદાસીનતાને લઈને આમ આદમી પાર્ટીએ રાજ્યવ્યાપી આંદોલનની તૈયારી શરૂ કરી દીધી છે. પાર્ટીના નેતા પ્રવીણ રામે આજે અમદાવાદ એક્સપ્રેસ સંવાદદાતા સાથે વિશેષ વાતચીતમાં ગુજરાતના ખેડૂતોની દયનીય સ્થિતિનો ઉલ્લેખ કરતા ભાજપ સરકાર પર સીધો હુમલો બોલ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે સત્તાધારી સરકાર ખેડૂતો સાથે કરેલા વચનો પૂરા કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે. પ્રવીણ રામે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ટેકાના ભાવે એક લાખથી વધુ ખેડૂતો પાસેથી મગફળીની ખરીદી કરી હતી. આ ખરીદીને 75 દિવસથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ આજ સુધી ખેડૂતોને તેમના પૈસાની ચુકવણી કરવામાં આવી નથી. આ વિલંબને કારણે હજારો ખેતી પરિવારો ગંભીર આર્થિક સંકટમાં ફસાયા છે. મોંઘવારીના આ યુગમાં જ્યારે દરરોજ ખર્ચ વધી રહ્યો છે, ત્યારે પોતાના ઉત્પાદનના પૈસા મળ્યા વગર ખેડૂતો કેવી રીતે પોતાના પરિવારનું ભરણપોષણ કરે તે પ્રશ્ન તેમણે ઉઠાવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે જે ખેડૂતોએ સરકાર પર વિશ્વાસ રાખીને ટેકાના ભાવે મગફળી વેચી હતી, તેઓ આજે સહેજ નિરાશ અને હતાશ થઈ ગયા છે. આ ખેડૂતોમાંના ઘણાએ તો પોતાની મગફળી વેચીને મેળવેલા પૈસાથી આગામી પાકની તૈયારી કરવાની હતી, પરંતુ સરકારની લાપરવાહીને કારણે તેઓ આ મહત્વપૂર્ણ કૃષિકાર્યમાંથી પણ વંચિત રહી ગયા છે.

### 1000 કરોડની સહાય યોજનાને લઈને ઉઠ્યા ગંભીર સવાલો

આપ નેતાએ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી 1000 કરોડ રૂપિયાની સહાય યોજનાને લઈને પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે આ યોજનાની ઘોષણા મોટા ઘાટે કરવામાં આવી હતી, પરંતુ વાસ્તવિકતા એ છે કે હજારો લાયક ખેડૂતો સુધી આ સહાય પહોંચી જ નથી. સરકાર મીડિયામાં મોટા દાવા કરે છે, પરંતુ જમીની સ્તરે ખેડૂતોને કોઈ રાહત મળતી નથી. આ ખોટા વચનો અને જાહેરાતોથી ખેડૂતોનો વિશ્વાસ સરકારમાંથી ઉઠી ગયો છે.

### સરકારે ખેડૂતોને વચનો આપી ગિનિસ બુકમાં ખોટી જાહેરાતોનો રેકોર્ડ સ્થાપ્યો

પ્રવીણ રામે વ્યંગાત્મક લહેજામાં કહ્યું કે ગુજરાત સરકાર ખોટી જાહેરાતો અને તાફાઓ કરીને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવવા માટે પ્રસિદ્ધ છે. આ વખતે પણ સરકારે ખેડૂતોને ખોટા વચનો આપીને એક નવો રેકોર્ડ સ્થાપ્યો છે. તેમણે કહ્યું કે જાહેરાતો અને પ્રચારમાં કરોડો રૂપિયા ખર્ચવા કરતા જો સરકાર એ જ રકમ ખેડૂતોના વિકાસમાં ખર્ચે તો ગુજરાતના ખેડૂતોની સ્થિતિ આજે સંપૂર્ણપણે બદલાઈ ગઈ હોત. આમ આદમી પાર્ટીએ ખેડૂતોના મુદ્દે એક વ્યાપક અને સંગઠિત આંદોલનનો આરંભ કરવાનો નિર્ણય લીધો છે. આ આંદોલનના ત્રણ મુખ્ય તબક્કા રહેશે. પ્રથમ તબક્કામાં, કાલે પાર્ટીના ધારાસભ્યો દ્વારા વિધાનસભાના ગર્ભગૃહમાં ખેડૂતોની સમસ્યાઓનો મુદ્દો ઉઠાવવામાં આવશે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...